
Downloaded from https:// www.studiestoday.com

# 11. વળાવી બા આવી



- ઉશનસ્

જન્મ : 28-9-1920, અવસાન : 7-11-2011

કવિ નટવરલાલ કુબેરદાસ પંડ્યા 'ઉશનસ્' વડોદરા જિલ્લાના સાવલી ગામના વતની હતા. વલસાડની કૉલેજમાં તેઓ અધ્યાપક અને આચાર્ય હતા. 'પ્રસૂન', 'આર્દ્રા', 'નેપથ્યે', 'તૃણનો ગ્રહ', 'સ્પંદ અને છંદ' વગેરે તેમના કાવ્યસંગ્રહો છે. સૉનેટ કાવ્યપ્રકારમાં તેમણે કેટલીક સૉનેટમાળાઓ આપી છે. વાત્સલ્યભાવ નિરુપતાં કુટુંબચિત્રો, ગ્રીષ્મ અને વર્ષાનાં મનોહર પ્રકૃતિવર્ણનો અને કાવ્યમાંથી સ્ફુરી રહેતું ચિંતન આ કવિની નોંધપાત્ર લાક્ષણિકતાઓ છે.

દિવાળીની રજાઓમાં દૂરદૂરનાં ગામથી ઘેર આવેલાં સંતાનો અને તેમનો પરિવાર રજાઓ પૂરી થતાં પોતપોતાનાં ગામ પાછાં વિદાય થાય છે, ત્યારે માના હૃદયમાં સ્વજન-વિયોગની જે વેદના થાય છે તેનું વર્ણન આ કાવ્યમાં કરવામાં આવ્યું છે. માતા-પિતા અને વૃદ્ધ વિધવા ફોઈ, સૌનાં ચિત્ત નજીક આવી રહેલા વિરહથી વ્યગ્ર છે. છેવટે બધાં સંતાનોને વિદાય આપી પાછી વળતી બા ઘરને ખાલી થઈ ગયેલું જોઈને બહાર પગથિયાં ઉપર જ બેસી પડે છે. અહીં વિરહને કવિ એક પાત્રરૂપે નિરુપે છે એ ધ્યાનપાત્ર છે. વાત્સલ્યવિષયક આ સૉનેટમાં કવિએ બાના હૃદયના સ્નેહનું તેમજ સંતાનવિરહથી વ્યાપેલા શોકનું હૃદયસ્પર્શી નિરુપણ કરી વર્ણન દ્વારા જ કરુણરસ નિષ્પન્ન કર્યો છે.



રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘરમહીં,
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની,
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં,
જવાનાં કાલે તો; જનકજનની ને ઘર તણાં,
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ,
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં;
સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની,
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી;
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

## ● ટિપ્પણ

**સ્ખલિત થઈ** સ્ખલન - ઝરવું, પડવું, ભૂલ-ચૂક (અહીં) પડી **ગંગાસ્વરૂપ** વિધવાના નામ આગળ માનાર્થે વપરાતું વિશેષણ **ઉવેખી** અવગણીને, દરકાર કર્યા વિના **જરઠ** ઘરડાં, વડીલો **નવોઢા** - નવી, નવી પરણેલી સ્ત્રી, નવવધૂ **ભાર્યા** પત્ની **પ્રિયવચનમંદસ્મિતવતી** પ્રિય બોલનારી અને ધીમું - ધીમું હસતી (પ્રિય + વચન + મંદ + સ્મિત + વતી) **ક્રમશઃ** એક પછી એક **ગૃહવ્યાપી** ઘરમાં પ્રસરેલ

## ● ભાષાસજ્જતા

### સૉનેટનું કાવ્યસ્વરૂપ

### 1. ભૂમિકા

સાહિત્ય એટલે ભાષાની આનંદદાયી પ્રવૃત્તિ. સાહિત્યના દરેક સ્વરૂપને પોતાના નિયમો અને પરંપરા હોય છે તે જુદાં - જુદાં રૂપો-સ્વરૂપો દ્વારા અભિવ્યક્ત થાય છે. ગુજરાતીમાં વિકસેલાં મુખ્ય કાવ્ય સ્વરૂપોમાં સૉનેટ મહત્ત્વનું સ્વરૂપ છે. સૉનેટ મૂળે વિદેશી સ્વરૂપ છે. અંગ્રેજી ભાષા અને સાહિત્યના અભ્યાસ દ્વારા આપણા કવિઓ જે પરદેશી સ્વરૂપોથી આકર્ષાયા તેમાંનું એક મુખ્ય સ્વરૂપ તે સૉનેટ. ગઝલ અને હાઈકુ એવાં અન્ય સ્વરૂપો છે. સૉનેટ મૂળ ઈટલીમાં ઉદ્ભવ્યું. વાદ્ય સાથે લયબદ્ધ ગવાતી એ લઘુરચના હતી. ત્યાંથી તે અંગ્રેજી ભાષામાં વિકસ્યું અને તેની અસર નીચે ગુજરાતીમાં બળવંતરાય ઠાકોરે ઈ.સ. 1888માં 'ભણકારા' નામનું પ્રથમ સૉનેટ રચ્યું.

### 2. લક્ષણો

સૉનેટ ઊર્મિકાવ્યનો જ એક પ્રકાર છે, છતાં જરા જુદો અને વિશિષ્ટ છે. ઊર્મિકાવ્યમાં ઊર્મિ કે સંવેદન મુખ્ય હોય છે જ્યારે સૉનેટમાં એની સાથે વિચાર, ચિંતન કે જીવનદર્શન ઉમેરાય છે. એને આપણે ચિંતનપ્રધાન, નક્કર ઊર્મિકાવ્ય કહી શકીએ. સૉનેટ માટે 14 પંક્તિની મર્યાદા એના ઉદ્ભવકાળથી સ્વીકારવામાં આવી છે એનો અર્થ એ થયો કે ટૂંકા વિસ્તારમાં કવિએ સઘન રીતે અનુભવને ઠાંસવાનો હોય છે. તેમજ ઘાટનું સૌષ્ઠવ જાળવવાનું હોય છે. કાવ્યના કેન્દ્રમાં રહેલા વિચારનો યોગ્ય ઉપાડ કરી, ક્રમે - ક્રમે એનાં દલેદલને ખોલવામાં તથા ગહન ભાવપલટાઓ સિદ્ધ કરવામાં સૉનેટની સફળતા રહેલી છે.

### 3. વિભાજન અને પ્રાસ

સૉનેટ 14 પંક્તિ ધરાવતી સુગ્રથિત, સુબદ્ધ કાવ્યરચના છે, તેથી તેમાં પંક્તિને અંતે આવતા પ્રાસનું ઘણું મહત્ત્વ છે. હવે પ્રાસરહિત સૉનેટરચના પણ થાય છે. ખરેખર તો આ કાવ્યભાવ અને તેના મરોડ સાથે સંકળાયેલો મુદ્દો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

છે. પરંતુ સૉનેટનો એક શિસ્તબદ્ધ કાવ્યકૃતિ તરીકે વિચાર કરીએ, તો તેમાં પ્રાસની ચોક્કસ ગૂંથણીને અવગણી ન શકાય.

સૉનેટની ભાષા મુલાયમ ઓછી અને વધુ પ્રખર હોય છે, કેમકે લાગણીની મૃદુતા કરતાં એમાં વિચારદીપ્તિનો મહિમા છે. બળવંતરાય ઠાકોરે ગુજરાતી ભાષાને આપેલાં સૉનેટોમાં 'મોગરો', 'વધામણી' અને 'ભણકારા'નો સમાવેશ થાય છે. એ પછી ઉશનસ્‌થી માંડીને લાભશંકર ઠાકર અને ચિનુ મોદી સુધીના કવિઓએ સૉનેટની પરંપરાને સમૃદ્ધ રાખી છે.

## ● અભ્યાસ

### ● નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

1. સંતાનો પાછાં વિદાય કેમ થાય છે ?
2. સંતાનો દૂર-દૂર કેમ વસેલાં છે ?
3. ઘર શાંત કેમ થઈ ગયું ?
4. બા પગથિયાં પર કેમ બેસી ગયાં ?

## ● સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

1. દિવાળીના વૅકેશનમાં બાના ઘરની સ્થિતિ કેવી હતી ?
2. ઘરની શાંતિ સ્ખલિત થવાનું કારણ કયું હતું ?
3. વિદાયની આગલી રાતે વડીલો કેવી લાગણી અનુભવે છે ?
4. વિદાય થતા ભાઈઓની પત્નીઓ વિશે કવિએ શી ઉપમા આપી છે ?
5. બધાંને વળાવીને પાછી ફરેલી બાની સ્થિતિ કેવી થઈ ?

**2.** બાને મૂકીને જતા ભાઈઓએ પણ બા જેવી વેદના અનુભવી હશે ? વિચારીને ચર્ચા કરો.

### 3. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો :

- સવારે ભાભીનું ............................................................ પ્રિયવચનમંદસ્મિતવતી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**4. નીચેની કાવ્યપંક્તિનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો :**

- વળાવી બા આવી................................................................. પડી બેસી પગથિયે.

**5. માતા વિષયક સુવિચારો, કહેવતો અને પ્રચલિત પંક્તિઓ મેળવીને લખો.**

**6. 'વાત્સલ્યમૂર્તિ મા' પર દશ વાક્યો લખો :**

**7. નીચેના શબ્દોના બે-બે સમાનાર્થી શબ્દો લખો :**

જનની :

રજની :

ભાર્યા :

જરઠ :

નવોઢા :

**8. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :**

નિયત ×

મિલન ×

મંદ ×

સ્મિત ×

**9. નીચેનાં વાક્યોમાંના શબ્દો યોગ્ય રીતે ગોઠવી કાવ્યપંક્તિ સ્વરૂપે લખો :**

- સઘળું, શાંત થઈ ગયું ઘર વસ્તી અર્ધી ગઈ.
- કાલે તો જવાનાં ઘર તણાં જનકજનની ને
- આવી બા સકલ નિજ સંતાન ક્રમશઃ વળાવી
- નિયત કરી નિહાળ્યો સૌ વચ્ચે નિજ જગા બેઠો.
- ભર્યું ભાભીનું ઘર લઈ સવારે ભાઈ ઊપડ્યા.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**10. તમને મનગમતી વાનગી તમારી બા બનાવે ત્યારે તેનું નિરીક્ષણ કરીને તે વાનગી બનાવવામાં કયાં-કયાં સાધનો અને ખાદ્ય-વસ્તુઓનો ઉપયોગ કર્યો તેની યાદી લખો.**

**● પ્રવૃત્તિ**

- મણિલાલ દેસાઈનું 'બાને' કાવ્ય (સૉનેટ) મેળવી શાળામાં રજૂ કરો.
- કરસનદાસ માણેકનું 'જ્યોતિધામ' કાવ્ય મેળવી અભ્યાસ કરો.
- માતૃપ્રેમ પ્રગટ કરતી નવલકથા, લોકકથાનું સાહિત્ય વાંચો તથા સીડી, કૅસેટ મેળવીને ઉપયોગ કરો.
- 'વાત્સલ્યમૂર્તિ મા' વિષય પર ચર્ચાસભા કરો.
- નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો :

  ઘર, ભાઈ, ભાભી, વૅકેશન, બાળકો, રજા, યાત્રા, મંદિર

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 12. નવા વર્ષના સંકલ્પો



**બકુલ ત્રિપાઠી**

**જન્મ : 27-11-1928, અવસાન : 31-8-2006**

હાસ્યલેખક બકુલ પદ્મમણિશંકર ત્રિપાઠી નડિયાદના વતની હતા. તેઓ અમદાવાદમાં વાણિજ્ય સંચાલનના અધ્યાપક હતા. સમકાલીન રાજકારણમાંથી અને રોજિંદા વ્યવહારમાંથી સામગ્રી ઉપાડીને તથા એને વિલક્ષણ દૃષ્ટિબિંદુથી જોઈને તેમણે હાસ્યનિબંધ સર્જ્યા હતા. 'સચરાચરમાં' અને 'દ્રોણાચાર્યનું સિંહાસન' એમના જાણીતા નિબંધસંગ્રહ છે. વર્તમાનપત્રોમાં આવતી રોજબરોજના બનાવોને સ્પર્શતી એમની કટાક્ષિકાઓ લોકપ્રિય બની હતી.

સંકલ્પ કરવો પણ પાળી ન શકવો અને એ માટે મનને એક યા બીજા બહાને મનાવ્યા કરવું : માનવ સ્વભાવની આ એક નબળાઈ છે. એ નબળાઈને કેન્દ્રમાં રાખીને લેખકે આ હાસ્યનિબંધ સર્જ્યો છે. ક્યારેક ગણિત માંડીને, ક્યારેક ફિલસૂફી લડાવીને, ક્યારેક તરંગ અને તુક્કા ચગાવીને, તો ક્યારેક સંવાદોની આતશબાજી ઉડાડીને લેખકે હાસ્ય જન્માવ્યું છે. સંકલ્પ ન કરવાનો સંકલ્પ પણ ટકતો નથી એમ કહીને કરેલા સંકલ્પો ફળશે એવાં સ્વપ્નોમાં રાચતા રહીને લેખકે આખા પ્રશ્નને જે હળવો વળાંક આપ્યો છે તે નોંધપાત્ર છે.

## નવા વર્ષના સંકલ્પો

આજથી આખું વર્ષ વહેલા ઊઠવું છે.

હવેથી નિયમિત નોંધપોથી રાખવી.

આજ પછી કસરત ન કરી હોય તે દિવસે જમવું નહીં.

કદી ચા ન પીવી.

હંમેશાં દોઢ કલાક કાંતવું.

ત્રણ કલાક વાંચવું, વાંચવું ને વાંચવું જ.

રોજ ગીતાનો એકએક શ્લોક...


પાઈએ પાઈનો વ્યવસ્થિત હિસાબ...

આખા સમાજમાં જે દિવસે આ મંત્રોનું મનોમન ઉચ્ચારણ શરૂ થઈ જાય ત્યારે સમજવું કે તે દિવસે બેસતું વર્ષ છે. જેમ શરદપૂનમની ચાંદનીનું વાતાવરણ કવિઓને ગાંડા બનાવે છે, તેમ બેસતાવર્ષના દિવસની હવા પણ સામાન્ય જનોનાં મનમાં કંઈક નવો ચમકારો લાવી દે છે. આપણને એકદમ બુદ્ધ, મહાવીર, વિવેકાનંદ કે નેપોલિયન થવાની હોંશ થઈ આવે છે; જીવનનાં વર્ષો એમ નિરર્થક સરી જતાં લાગે છે, અને એકદમ કંઈક કરી નાખવું,



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



કંઈક તો કરી જ નાખવું એમ થઈ આવે છે, દિવાળીનો ઉત્સાહ ઘણાને માટે  વીરરસમાં પલટાઈ જાય છે, એમની આંખમાં ચમક આવે છે અને કોઈ ધન્ય પળે એ આત્મસુધારણા માટે સંકલ્પ કરી નાખે છે :  'આજથી રોજ આ કરવું !', 'હવેથી કદી આ ન કરવું !'

પણ આ સંકલ્પોની મજા જ એ છે કે એ 'કરતાં' જેટલી મજા આવે એટલી 'પાળતાં' નથી આવતી. દાખલા તરીકે મને જ એક બેસતાવર્ષે કોઈએ સલાહ આપી કે મારે આત્મસુધારણા માટે કંઈ ઉચ્ચ સંકલ્પ કરવો. વહેલા વહેલા ઊઠવાનું ઠરાવીને જો હું રોજ સાતને બદલે પાંચ વાગ્યે ઊઠું તો વર્ષે મારા 72 કલાક બચે ને પચાસ વર્ષ ઊઠવાનું બચે, ને પચાસ વર્ષની જિંદગીમાં 36,000 કલાક બચે. એટલે રોજ ફક્ત બે કલાક વહેલા ઊઠવાથી મારી જિંદગીમાં લગભગ ચાર વર્ષ જેટલો મબલખ વધારો થાય !

આ વિચારથી ભોળવાઈને મેં તો સંકલ્પ કરી નાખ્યો કે, બસ કોઈ દિવસ પરોઢના પાંચથી મોડા ઊઠવું નહીં. બેસતાવર્ષને દિવસે તો જાણે પાંચ વાગ્યે ઉઠાયું, પણ એ દિવસના થાકને લીધે, બીજની સવારે તો સાડા સાતે જ ઊઠ્યો. પછી પાંચમ સુધી તો જાણે દિવાળી જ કહેવાય, એટલે મોડા ઊઠવામાં વાંધો નહીં. છઠને દિવસે પાંચ વાગે જ ઊઠવું'તું, પણ બન્યું એવું કે બીજે દિવસે પાંચ વાગ્યે ઊઠવાનું છે એ વિચારથી પાંચમની રાત્રે મને એટલી બધી ચિંતા થઈ કે રાતના દોઢ સુધી ઊંઘ જ ન આવી ! આથી છઠની સવારે પણ આઠ વાગ્યે ઉઠાયું. છતાં સાતમે દિવસે તો સંકલ્પ તાજો કરીને ઍલાર્મ ગોઠવ્યુંયે ખરું; પણ બીજે દિવસે સાડા આઠે જ ખબર પડી કે કાંટો ખોટો ગોઠવાયો ! પછીને દિવસે ઍલાર્મ ગોઠવતાં ધ્યાન રાખ્યું. તો વળી ઘડિયાળ બગડી ગયું અને વહેલા ન ઊઠાયું. કાર્તિકી પૂર્ણિમા સુધી ઘડિયાળનું સમારકામ ચાલ્યું. વદ પડવાની રાત્રે ગોઠવ્યું, પણ ચાવી આપવાનું ભૂલી જવાથી રાત્રે અઢી વાગ્યે ઘડિયાળ જ બંધ પડી ગયું.

આમ અનેક મુશ્કેલીઓ વટાવતાં-વટાવતાં વદ સાતમે પાંચ વાગ્યે બરાબર ઍલાર્મ વાગ્યું. એટલે સાડાપાંચે ઊઠ્યો તો ખરો; પણ પછી વિચાર આવ્યો કે ઊઠ્યા પછી દસ મિનિટ રહીને સૂઈ જવામાં વાંધો નહીં. એમ કરવાથી કંઈ સંકલ્પનો ભંગ થતો નથી. પાંચ વાગ્યે ઊઠીને પાછા સૂઈ જઈએ તોય પાંચ વાગ્યે ઊઠ્યા તો કહેવાઈએ જ ને ? થોડા દિવસ આ પ્રમાણે કર્યા પછી એક વાર સવારે પાંચ વાગ્યે સૂતા-સૂતા જ વિચાર આવ્યો કે, 'હે જીવ ! આ બધી ઉપાધિ શાને ? ચાર વર્ષ વધુ જીવવાને માટે જ ને ? જીવનનો એવો મોહ શો ? સંતો-મહાત્માઓ તો જીવનની માયા મૂકવાનું કહી ગયા છે; ત્યારે હું તો વહેલો ઊઠીને એ માયા વધારી રહ્યો છું ! આવો મોહ શું કામ રાખવો ?'

મારી આત્મસુધારણા તો આમ ફિલસૂફીને પંથે ચડી ગઈ, એટલે પેલો વહેલા ઊઠવાનો સંકલ્પ પણ, શબ્દરચના હરીફાઈના અરધા ભરાયેલા વ્યૂહ જેવો, એમ ને એમ પડી રહ્યો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બેસતાવર્ષને દિવસે ઉત્સાહમાં આવી જઈને કરેલા મોટા ભાગના સંકલ્પોની આ જ ગતિ થાય છે. એક જણે દિવાળીની રાતથી જ ચા છોડી દીધેલી. એમનો સંકલ્પ જીવેલો પણ ખરો ! એક અઠવાડિયું, બે અઠવાડિયાં, ત્રણ અઠવાડિયાં... એમણે ચા ન પીધી તે ન જ પીધી. માતાનો પ્રેમ, પિતાની આજ્ઞા, ભગિનીનાં આંસુ, પત્નીની ધમકી, મિત્રોની મશ્કરી, ચાની જાહેરખબરો કોઈ એમને ચળાવી ન શક્યું. એમના એ સંયમનો મહિમા દિશદિશામાં ગાજી રહ્યો. છેક સ્વર્ગમાં પણ એના તરંગ પહોંચ્યા ને ઈન્દ્રનું આસન પણ ડોલી ઊઠ્યું. પરંતુ થોડાંક અઠવાડિયાં પછી જ્યારે એ ભાઈ કો'ક માંદગીની માયામાં લપટાયા તે વખતે એમને થોડા ઉપવાસ કરવા પડ્યા, અને ત્યારે એક ધન્ય ક્ષણે એમને જ્ઞાન થયું કે ચા પીવાથી ઉપવાસમાં રાહત રહે છે, એટલે એમણે હળવે રહીને ચા પીવા માંડી. એ પછી તો, બેચાર મહિને માંદગી ગઈ તોયે ચા તો રહી જ પડી અને હવે તો એ સાજા થઈ ગયા પછી પણ રોજના સાત પ્યાલા ચા પીએ છે. આમ, એમની માંદગીને બહાને એમનો સંકલ્પ સ્વર્ગે સિધાવ્યો અને ફરી કદી એણે પુનર્જન્મ ન લીધો.

ચા છોડવા જેવો જ બીજો એક લોકપ્રિય સંકલ્પ છે સિગારેટ છોડવાનો. ઘણું-ખરું અરસિક પત્નીઓના અને દુષ્ટ ડૉક્ટરોના આગ્રહથી જ આ સંકલ્પ કરવો પડે છે. પણ અમરપટો તો, ભાઈ, કોણ લખાવીને લાવ્યું છે ? સિગારેટના ધુમાડાની જેમ આવા સંકલ્પને પણ વેરાઈ જતાં વાર નથી લાગતી. કેટલાકને વળી દરેક કામમાં નિયમિત થઈ જવાની ધૂન વળગે છે પણ એય કેટલા દિવસ ? જ્યાં સૂરજ જેવો સૂરજ પણ વરસમાં અમુક મહિના રોજ થોડી-થોડી સેકન્ડો મોડો ઊગે છે અને પછી પાછો અમુક મહિના, આઈસ્ક્રીમ પાર્ટીમાં આવી પહોંચતા મિત્રોની જેમ, રોજ થોડી-થોડી સેકન્ડ વહેલો ઊગે છે, ત્યાં નિયમિત થવાની મહેચ્છા રાખનાર પામર માનવી તે વળી કોણ ? હા, કેટલાક મહાપુરુષો નિયમિત બની શક્યા છે ખરા; પણ એ લોકો નિયમિત છે એટલે મહાપુરુષ નથી થયા, પણ મહાપુરુષ છે એટલે નિયમિત થઈ શક્યા છે.

એક સંબંધીએ નવા વર્ષને દિવસે ક્રોધને જીતવાનો સંકલ્પ કરેલો. આમ તો એ વાત વાતમાં ચિડાય ને પાન ખરતાં પીડાય એવા સ્વભાવના હતા. પણ બેસતાવર્ષને બીજે દિવસે સવારે તો આ સંકલ્પના સંતોષમાં મલકાતા મુખે એમણે પત્નીને બૂમ મારી : 'અરે, સાંભળે છે કે ?'

'શું છે ?' અંદરથી જ શ્રીમતીએ જવાબ આપ્યો.

'હવે અહીં આવ તો ખરી !'

'પણ છે શું ?... લ્યો, કહો, શું કામ છે ?'

'જો,' એમણે સ્મિતથી શોભતા મુખડે કહેવા માંડ્યું : 'ગઈ કાલથી મેં નક્કી કર્યું છે કે કદી કોઈના શબ્દોથી અકળાવું નહીં....' હોય, દુનિયા છે.' કહીને હસી નાખવું.'

'ઠીક.' પત્નીએ પાછા ફરવા જતાં કહ્યું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'તને મારો આ સંકલ્પ ન ગમ્યો ?' એમણે પૂછ્યું.

'ગમ્યો; પણ પાળો ત્યારે ખરા.'

'શું કહ્યું ?' એમનું સ્મિત વિલાયું : 'પાળો ત્યારે ખરા એટલે ? શું મારામાં એટલો નિયમ પાળવાની પણ તાકાત નથી ?'

'હશે તો જોઈશું ને !'

'એટલે ? તું તારા મનમાં સમજે છે શું ? હું તે કંઈ... હું તે કંઈ...' અને ખલાસ ! એન્જિન બગડ્યું. મિજાજ છટક્યો. એ તો આખી સોસાયટી ગજાવવા જતા હતા, ત્યાં એમનાં શ્રીમતીએ એમને યાદ કરાવ્યું કે એમનો સંકલ્પ એમણે ત્યાંને ત્યાં જ તોડ્યો હતો, ત્યારે જ માંડમાંડ એ શાંત પડ્યા !

આમ, નવા વર્ષના સંકલ્પો એટલે વહેલી પરોઢનું ઝાકળ : બે ઘડી સંતોષ આપી પાછું ઊડી જવાનું, વૈશાખની બપોરે જેમ વંટોળિયા જાગીજાગીને પાછા સૂઈ જાય છે અથવા તો શિયાળાની સવારે જગતના કો' અગમ્ય ખૂણેથી એકાદ શરદીનું મોજું આવી આપણો કબજો લઈ લે છે અને દિવસભર રડાવી-રડાવીને અંતે આવ્યું હતું એમ અનંતમાં ચાલ્યું જાય છે, કે પછી ઉસ્તાદના જલસામાં કોઈ સંગીત બરાબર જામ્યું હોય ત્યારે ઊંઘનું એકાદ ઝોકું આપણને પાવન કરીને, તબલાની પાછી એક જબરદસ્ત થાપે આપણને ચમકાવીને ભાગી જાય છે, એમ આત્મસુધારણાના ઉત્સાહનું મોજું પણ દર બેસતાવર્ષે આવે છે અને આવીને પાછું ઊડી જાય છે. વર્ષને આરંભે હોય છે એટલા ગીતાભક્તો બીજા અગિયારે મહિનામાં નથી હોતા, બેસતાવર્ષને બીજે અઠવાડિયે હોય છે, એટલા સંયમી જનો બાકીના વર્ષભરમાં ક્યારેય જણાતા નથી, તે આ કારણે જ.

એટલે મારા ભાંગેલા સંકલ્પોનો વિચાર કરતાં ક્યારેક નિરાશાની પળોમાં મને થઈ આવે છે કે હવે તો કદી બેસતાવર્ષના સંકલ્પો કરવા જ નથી. પણ દુઃખ એ છે કે મારો આ સંકલ્પ પણ ટકતો નથી ! ફરીથી બેસતુંવર્ષ આવે છે અને હું સ્વપ્નાં રચવા બેસી જાઉં છું, ઉત્સાહથી નવા સંકલ્પો કરી નાખું છું, ક્યારેક સહેજ સુધરતો લાગું છું, ક્યારેક નાગલોકમાં જઈને પૃથ્વી પરની પ્રિયતમાને ભૂલી જનાર રાજકુમારની જેમ હું અન્ય પ્રવૃત્તિની ધમાલમાં પેલા સંકલ્પો વીસરી જઉં છું, અચાનક ઝબકીને જાગી જઉં છું, ફરીથી દઢનિશ્ચયી બનું છું, પણ તેય પુનઃસંકલ્પને વીસરવા માટે જ. કાનમાં પેલો રોમાં રોલાં મને કહ્યા કરે છે : 'સ્વપ્નો તો જીવનના ધનુષ્યની પણછ જેવાં છે, ભાઈ ! એ પણછ ખેંચાઈ હશે તો ક્યારેક પણ કાર્યનું તીર નિશાન ભણી ઊડશે.' અને મારા બધાય સંકલ્પોના રોપા ફુલીફાલી મહેકી ઊઠ્યા હશે એવા દિવસની કલ્પનામાં હું નહીં પાળેલા સંકલ્પોની વ્યગ્રતા વીસરી જઉં છું !

## • ટિપ્પણ

**અગમ્ય** અજાણ્યા **ફિલસૂફી** તત્ત્વજ્ઞાન **ભગિની** બહેન **રોમાં રોલાં** ફ્રાન્સના જગવિખ્યાત સર્જક અને ચિંતક **પાઈ** તાંબાનો એક સિક્કો, પૈસાનો ત્રીજો ભાગ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ● રૂઢિપ્રયોગ

**માયા મૂકવી** – સ્નેહ-મમતા છોડવી.

## ● ભાષાસજ્જતા

### દ્વંદ્વસમાસ

● **નીચેનાં વાક્યો વાંચો :**

1. કવિ સુરેશ દલાલનું રાધાકૃષ્ણ વિષયક કાવ્ય મને ગમ્યું.
2. બે ભાઈઓ વચ્ચે એવો સ્નેહ કે, જાણે રામલક્ષ્મણની જોડી !
3. પાંચ-દસ રૂપિયા વધારે થાય તો ફિકર નહીં !

ઉપરનાં ત્રણ વાક્યોમાં ઘાટા અક્ષરે લખાયેલા શબ્દો, 'રાધાકૃષ્ણ', 'રામલક્ષ્મણ' અને 'પાંચ-દસ'ને ધ્યાનથી ચકાસો. તમે તરત જ કહેશો કે, રાધાકૃષ્ણ શબ્દ 'રાધા અને કૃષ્ણ' એવો ભાવ પ્રગટ કરે છે એવી જ રીતે, રામ-લક્ષ્મણ શબ્દ પણ 'રામ' અને 'લક્ષ્મણ' એવા બે શબ્દો જોડાઈને એક શબ્દ બન્યો છે. ત્રીજા વાક્યમાં 'પાંચ-દસ' શબ્દ પણ 'પાંચ' તેમજ 'દસ' એવા બે શબ્દો જોડાઈને બન્યો છે. પરંતુ ત્યાં 'પાંચ કે દસ' એવો અર્થ નીકળે છે, જ્યારે પ્રથમ બે વાક્યોમાં 'રાધા અને કૃષ્ણ' તેમજ 'રામ અને કૃષ્ણ' એવો અર્થ પ્રગટ થાય છે.

આમ, 'રાધાકૃષ્ણ', 'રામલક્ષ્મણ' અને 'પાંચ-દસ' એ 'સમાસ' બને છે. બે કે તેથી વધુ શબ્દો સાથે બેસીને એક નવો જ અર્થ પ્રગટાવતો શબ્દ બનાવે ત્યારે 'સમાસ' થયો એમ કહેવાય. સમાસના જુદા-જુદા પ્રકારો છે. ઉપર્યુક્ત ઉદાહરણો દ્વંદ્વસમાસનાં છે. દ્વંદ્વ એટલે જોડકું. જ્યારે સમાન અધિકાર ધરાવતા બે કે તેથી વધુ શબ્દો જોડાઈને એક શબ્દ બને અને તેમને છૂટા પાડતાં **'કે'** અથવા **'અને'** મૂકવામાં આવે ત્યારે દ્વંદ્વસમાસ બને છે. પાઠ્યપુસ્તકમાંથી દ્વન્દ્વ સમાસનાં આવાં બીજાં ઉદાહરણો શોધો.

## ● અભ્યાસ

● **નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

1. લેખક નવા સંકલ્પો ક્યારે કરે છે ?
2. વહેલા ઊઠવાથી લેખક કેટલાં વર્ષ બચાવવા માગે છે ?
3. ઍલાર્મ ઘડિયાળનું સમારકામ ક્યાં સુધી ચાલ્યું ?
4. ઈન્દ્રનું ઈન્દ્રાસન ડોલાવનાર લેખકનો કયો સંકલ્પ હતો ?
5. આ પાઠમાંથી એક વિનોદી ભાગ વર્ગ સમક્ષ રજૂ કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ● સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

1. નવા વર્ષે લેખક કયા કયા સંકલ્પ કરે છે ?
2. બેસતા વર્ષે સામાન્યજનોના મનમાં કયા વિચારો આવે છે ?
3. લેખકે વહેલા ઊઠવાનો સંકલ્પ કેમ કર્યો ?
4. ચા છોડી દેનાર માણસે ફરીથી ચા પીવાનું શા માટે શરૂ કર્યું ?
5. નવા વર્ષે લીધેલા સંકલ્પો ટકી રહે છે ખરા ? શા માટે ?

**2. પાઠના આધારે નીચેનાં વિધાનો સમજાવો :**

1. નવા વર્ષના સંકલ્પો એટલે વહેલી પરોઢનું ઝાકળ.
2. વા વાતાં ચિડાવું ને પાન ખરતાં પીડાવું.

**3. આ વર્ષે તમારા જન્મદિને તમે કયો સંકલ્પ લેશો ? શા માટે ?**

**4. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્યો લખો :**

1. આત્મસુધારણા
2. અઠવાડિયું
3. ઝળઝળિયાં
4. ઉચ્ચારણ

**5. શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :**

1. રસ વગરનું
2. પોતાની જાતને સુધારવી તે
3. ઈન્દ્રનું આસન
4. ફરીથી જન્મ લેવો તે
5. દૃઢ નિશ્ચયવાળું



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**6. નીચેનામાંથી દ્વંદ્વસમાસ ઓળખો અને નીચે લીટી દોરો :**

1. મિત્રતા તો કૃષ્ણ-સુદામાની જ !
2. ઘરમાં અહીં-તહીં સામાન પડ્યો હતો.
3. ઝાડ પર દસ-બાર પંખીઓ બેઠાં હતાં.

**● પ્રવૃત્તિ**

- આપણે કેવા સંકલ્પો કરી શકીએ ? - યાદી બનાવો
- કોઈ પણ બે સંકલ્પો પાળવાના ફાયદા જણાવો.
- બધા મિત્રો પોતપોતાના નક્કી કરેલા સંકલ્પો વિશે ચર્ચા કરી સર્વ સહમતિ સાધો.
- સ્થાનિક કહેવતોની યાદી બનાવો.
- ઉદ્ગાર, પ્રશ્નાર્થ, અવતરણ-વાક્યોની યાદી બનાવી વર્ગખંડમાં તેનું વાચન કરો.
- પાઠના નીચેના ફકરા પરથી પ્રશ્નો બનાવો :
- બેસતાવર્ષના દિવસે ................................ પુનર્જન્મ ન લીધો.
- પાઠમાંથી તમને ગમેલાં વાક્યોની નોંધ કરો અને તેના જેવા જ અર્થ ધરાવતાં વાક્યો તમારા શબ્દોમાં બનાવો.
- તમારા જીવનમાં બનેલ કોઈ રમૂજી પ્રસંગ રજૂ કરો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 13. શરૂઆત કરીએ




**હર્ષ બ્રહ્મભટ્ટ**

**જન્મ : 31-7-1954**

કવિ હર્ષ વાડીલાલ બ્રહ્મભટ્ટ મહેસાણાના વતની છે. હાલ ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગમાં અધિક સચિવ તરીકે સચિવાલય ગાંધીનગરમાં સેવા આપી રહ્યા છે. તેઓ ગુજરાતી સાહિત્યના આધુનિક કવિ અને ગઝલકાર છે. તેઓ ઉર્દૂ ભાષામાં પણ સર્જન કરે છે. ઉર્દૂ ગઝલક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન માટે વર્ષ 2010 માટેનો ગુજરાત ઉર્દૂ સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર એમને એનાયત થયો છે.

વર્ષ 2009ના શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ 'મૌનની મહેફિલ' માટે ગુજરાતી સાહિત્ય પરિષદના 'દિલીપ મહેતા' પારિતોષિક, વર્ષ 2010ના શ્રેષ્ઠ ગઝલસંગ્રહ 'જીવવાનો રિયાઝ' માટે ગઝલસભા વડોદરાનું પારિતોષિક તેમજ ગુજરાતી ગઝલમાં વિશિષ્ટ પ્રદાન માટે આઈ.એન.ટી. મુંબઈ દ્વારા વર્ષ 2010 માટેના 'શયદા' ઍવૉર્ડથી સન્માનિત થયા છે. તેમણે સંપાદન ક્ષેત્રે પણ યશસ્વી પ્રદાન કરેલ છે.

પ્રસ્તુત ગઝલ કવિના ગઝલસંગ્રહ 'જીવવાનો રિયાઝ'માંથી લેવામાં આવી છે, જેમાં દુઃખોથી હારવાને બદલે દુઃખનો સામનો કરવાની વાત કરી છે. બહારની સુંદરતાની સાથે આંતરિક સૌંદર્ય પણ ખીલવવું એટલું જ જરૂરી છે. આપણે જે મળ્યું છે તેને અનુકૂળ થઈ ઘર, નગર અને જગતને મહેકતું કરવાનું છે તેમજ આવતીકાલને ઉજ્જવળ બનાવવાની શરૂઆત કરવાનું કવિ કહે છે.



આવનારી સૌ ખુશીની વાત કરીએ,
એક નવી શરૂઆતની શરૂઆત કરીએ.

હર વખત શું માત થઈ જાવું દુઃખોથી ?
ચાલ આ વખતે દુઃખોને માત કરીએ.

બ્હારથી દેખાય જેવી સ્વચ્છ-સુંદર,
દોસ્ત, અંદરથીય એવી જાત કરીએ.

હોઈએ ત્યાં મ્હેકતું કરીએ બધુંયે,
ઘર, નગર, આખ્ખું જગત રળિયાત કરીએ.

જે મળ્યું એને કરી સૌથી સવાયું,
આવનારી કાલને સોગાત કરીએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ● ટિપ્પણ

**વખત** કાળ, સમય
**જાત** પંડ, પોતે
**રળિયાત** ખુશી, પ્રસન્ન
**સોગાત** નજરાણાની ચીજ

## ● રૂઢિપ્રયોગ

**માત કરવું** હરાવવું

## ● ભાષાસજ્જતા

ગઝલ વાસ્તવમાં તો એક ફારસી કાવ્યપ્રકાર છે. એનો અર્થ 'પ્રિયતમા સાથેની ગુફતેગુ' એવો થાય છે. 'ગઝલ' અરબી - ઉર્દૂ જેમ આપણી માતૃભાષા ગુજરાતીમાં પણ લખાય છે. ગઝલમાં બે પંક્તિઓનો એક શેર બને છે. એવા કેટલાક શેર મળીને આખી કૃતિ રચાય છે. સાથે - સાથે ગઝલનો દરેક શેર એક સ્વતંત્ર કાવ્યપંક્તિ છે. ગઝલની વિશેષતા એના રદીફ અને કાફિયા છે. રદીફ અને કાફિયા યાને અનુપ્રાસ. ગઝલ માત્રામેળ છંદમાં લખાય છે.

## ● અભ્યાસ

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

1. કવિ કઈ - કઈ વાતની શરૂઆત કરવાનું કહે છે ?
2. કવિ પોતાની જાતને કેવી કરવાનું કહે છે ?
3. કવિ શેને-શેને રળિયાત કરવાનું કહે છે ?

## ● સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

1. કવિ આ કાવ્યમાં શું - શું કરવાનું કહે છે ?
2. કવિ શું મહેંકતું કરવાનું કહે છે ?
3. દુઃખો વિશે કવિ શું કહે છે ?
4. કવિ આવનારી કાલને શું આપવા માગે છે ?

### 2. નીચેની પંક્તિઓ સમજાવો :

1. હર વખત શું ................................ દુઃખોને માત કરીએ.
2. બ્હારથી દેખાય ................................ એવી જાત કરીએ.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**3. નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો :**

1. આવનારી સૌ ................................ દુઃખોને માત કરીએ.

**4. નીચેના શબ્દોના અર્થ લખો :**

1. રળિયાત 2. સોગાત 3. માત

**5. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમ મુજબ ગોઠવો :**

સુંદર, સૌથી, સવાયું, સોગાત, શરૂઆત, સ્વચ્છ

**6. કાવ્યમાં આવતા વાત-શરૂઆત જેવા પ્રાસવાળા શબ્દોની યાદી બનાવો.**

**7. નીચે એક પંક્તિ આપી છે. તેના આધારે બીજી નવી પંક્તિની રચના કરો.**

- રોજ સવારે ફરવા જઈએ,

  ..........................................,

  ..........................................,

  .......................................... .

**● પ્રવૃત્તિ**

- માતા-પિતા કે વડીલોએ સોંપેલું કામ તમે કેવા ભાવથી કરો છો ? વિચારો.
- ગુજરાતી ગઝલકારોના નામની યાદી બનાવો.
- ગઝલનો મુખપાઠ કરો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 14. સાકરનો શોધનારો

**યશવંત પંડ્યા**

**જન્મ : ઈ. 1905, અવસાન : ઈ. 1955**

યશવંત સવાઈલાલ પંડ્યા ભાવનગરના વતની હતા. તેમણે સુરતમાં અભ્યાસ કર્યો હતો. અભ્યાસકાળ દરમિયાન જ તેઓ નાટ્યલેખક તરીકે જાણીતા થયા હતા. એમણે ‘પડદા પાછળ’ જેવાં લાંબાં નાટકો લખ્યાં છે. ‘બાળનાટકો’ તેમનો નાટ્યસંગ્રહ છે.

એકાંકી નાટક એટલે એક અંકવાળું નાટક. આપણી ભાષામાં એકાંકી નાટકોનો પ્રારંભ બટુભાઈ ઉમરવાડિયાએ કર્યો હતો. એ પછી યશવંત પંડ્યાએ નવીન વિષયો અને ચમકદાર સંવાદોવાળાં એકાંકી નાટકો આપીને આકર્ષણ જમાવ્યું હતું. લાંબું નાટક એ ટૂંકી વાર્તાની જેમ જીવનના કોઈ એક બિંદુને સ્પર્શીને એના પર વેધક પ્રકાશ પાડે છે.

ત્રણ દશ્યોમાં વહેંચાયેલા આ એકાંકીમાં લેખકે બાળકનો ક્યારે વિકાસ થાય છે અને ક્યારે કુંઠિત થાય છે તે બતાવ્યું છે. અંજનના પ્રયોગો પાછળનું માનસ ન સમજી શકનાર પિતા નિખિલરાયનું કડક વર્તન, માતાનો બાળક તરફનો સ્નેહભાવ, ભાઈબહેનનો નિર્મળ અને નિખાલસ પ્રેમ અને કાકાની બાલમાનસની સમજણ- આ બધાંને લેખકે અહીં સુંદર રીતે ઉઠાવ આપ્યો છે.

| | | |
|---|---|---|
| અંજન | ભાઈ-બહેન | 12 |
| કિન્નરી | | 10 |
| નિખિલરાય | એમના પિતા | 35 |
| સુરેન્દ્રનાથ | દાક્તર | 30 |
| ભાસ્કરરાય | નિખિલરાયના મિત્ર | 34 |

1

(અંજનનો અભ્યાસખંડ જોવા જેવો છે. ખુરશીમાં, જાજમ ઉપર, જોડા સાથે, જ્યાં ને ત્યાં ચોપડીઓ ને નોટબુકો રખડતી પડી છે. ટેબલ ઉપર મોજાં છે. મેલાં અને ધોયેલાં કપડાં પણ એક જ ઢગલામાં દેખાય છે. એક-બે કિત્તા, બે-ત્રણ પેન્સિલ, રબ્બર વગેરે છૂટાંછવાયાં રખડે છે. અહીં અંજન આવે છે.)

**અંજન :** લાલમાં વાદળી રંગ મેળવીએ એટલે જાંબુડો થાય. પીળામાં લાલ મેળવીએ એટલે નારંગી થાય. વાદળીમાં લીલો મેળવીએ એટલે...

(એ સંભારવાની મહેનત કરે છે. માથું ખંજવાળે છે, પણ કાંઈ ફાવતો નથી.)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(ચિડાઈને) માસ્તર આમ ગોખાવ્યા કરે એ ખોટું. યાદ તે કેટલું રહે ? હું તે ગણિત ગોખું કે ઇતિહાસ ગોખું ? એક પાકું કડકડાટ કરું છું ત્યાં બીજું મગજમાંથી ખાલીખમ થઈ જાય છે ! (મુઠ્ઠી પછાડી) અમારે ભણવુંય કેટલુંક ? રમવાનું તો જાણે નામ જ ન લેવું ! હું તો હેરાન થઈ ગયો ! આવું ભણતર તે કોણે કર્યું હશે ?

(નિરાશ થઈને એ ખુરશીમાં પડે છે. એવામાં ટેબલ પર હાથ અડકતાં લાલ શાહીનો ખડિયો ઢળે છે. અંજન બ્લૉટિંગ વડે ડાઘા સાફ કરે છે. એથી એનાં આંગળાં ખરડાય છે.)

(બ્લૉટિંગ પરના ડાઘ સામે જોઈ) આ બરાબર ઉપાય છે. એક વાર આ લાલ ડાઘમાં ભૂરી શાહી ભેળવું એટલે પછી કોઈ દહાડો નહીં ભુલાય કે લાલ રંગમાં વાદળી રંગ ભેળવ્યાથી કયો રંગ ઉત્પન્ન થાય છે.

(એ વાદળી શાહીનો ખડિયો બ્લૉટિંગ ઉપર ઊંધો વાળે છે. એને ખબર નથી રહેતી કે એથી એના હાથ તો શું પણ કપડાં પણ સારી પેઠે ખરડાય છે.)

(ઉત્સાહથી) બરાબર. જાંબુડો ! જાંબુડો !

(એ કૂદકા મારવા માંડે છે.)



(ફિકરથી) પણ પીળા રંગનું શું થશે ?

(એ વિચારવા લાગે છે, એટલામાં એની નાની બહેન કિન્નરી પ્રવેશ કરે છે.)

કિન્નરી : ભાઈ, ભાઈ, સત્તર સત્તા કેટલાયાં સો ?

અંજન (ડાઘા સંતાડતો) : પણ હું વાંચું છું ત્યારે કેમ આવી ? જા, નથી કહેતો.

કિન્નરી : તું તો હમણાં કૂદકો મારતો હતો.

અંજન : તેમાં તારું શું ગયું ? જા, તું તારું કામ કર.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

કિન્નરી : પણ...

અંજન : કે કૂદકા મારવા દઉં ?

અંજન (ગુસ્સે થઈ) : ગરબડ નહીં. જા હું કૂદીશ ખરો, પણ તને તો કાંઈ નહીં કહું.

(અંજન ખરેખર ફરી કૂદવા લાગે છે. કિન્નરી શાહીના ડાઘા જોઈ જાય છે.)

કિન્નરી (તાળી પાડી) : બાપુને બોલાવવા દે. કપડાં કાળાં કર્યાં છે, તો લગીર ગાલ લાલ કરે.

(કિન્નરી જવા જાય છે, અંજન તેનો હાથ ઝાલે છે.)

મને જવા દે.

અંજન : કિન્નર, સત્તર સત્તા ઓગણીસું સો.

(કિન્નરી જતી અટકે છે, અંજનને હાશ થાય છે; પણ ત્યાં તો એમના બાપુ આવે છે)

નિખિલરાય : કેમ રે ? - શાના ધમપછાડા ચલાવ્યા છે ?

અંજન : આ કિન્નુ મને ક્યારની પજવે છે.

નિખિલરાય : કેમ રે કિન્નર...!

કિન્નરી : મસ્તી તો અંજુ કરે છે, એના હાથ જુઓ, એનાં કપડાં જુઓ.

(અંજને આંગળાં અને કપડાંનો ડાઘ સંતાડવાની મહેનત લીધી હોય છે તે નકામી જાય છે ડાઘ જોતાં નિખિલરાયનો મિજાજ બગડે છે, એ જોતાં કિન્નરી ત્યાંથી સરકી જાય છે)

નિખિલરાય (અંજનનો કાન પકડી) : અલ્યા, તું તો સુધરવાનો જ નહીં ને ? રોજ ને રોજ તારી સામે ફરિયાદ હોવાની ! એક દી બારીના કાચ ભાંગે છે, તો બીજે દી દવાની બાટલી ફોડે છે ! આજે શાહી ઢોળી, કપડાં બગાડ્યાં, આખા ઘરમાં ડાઘા પાડ્યા...

(ગુસ્સો ઊભરાતાં નિખિલરાય અંજનને થપ્પડ ચોડી દે છે. અંજન ઢીલોઢસ બન્યો હોય છે.)

બોલ, કેમ કરતાં શાહી ઢળી ? - ટેબલ પર નાચ કરતો હતો ?- કે ખડિયો કાઢતો હતો ?

અંજન : હું લાલ શાહીમાં વાદળી ભેળવવા ગયો.......

નિખિલરાય : ત્યારે તો કહે ને કે હુન્નર કરતો હતો !

અંજન : ના, હું ખાતરી કરતો હતો કે એ બેની મેળવણીથી જાંબુડો રંગ થાય છે, કે નથી થતો.

નિખિલરાય : કેમ ? કોઈ રંગારાને ત્યાં નોકરી લેવી છે કે શું ? (માથામાં ટપલી મારી) બેસ. વાંચવાનું વાંચ. દસ વાગ્યા પહેલાં જો આ ખુરશીમાંથી હાલ્યો કે બોલ્યો તો પગ જ વાઢી નાખીશ.

(અંજન ગુપચુપ ખુરશીમાં ગોઠવાય છે. નિખિલરાય જવા લાગે છે.)

કિન્નરી : બાપુ, મા કહે છે કે તમે અંજુને મારશો મા.

નિખિલરાય : એણે જ એને બગાડ્યો છે ને ! તદ્દન રેઢિયાળ છોકરો થઈ ગયો છે ! કાલે એના માસ્તર પણ કહેતા કે ભાઈ પહેલા નંબરના ઠોઠ છે. માસ્તર જણાવે ત્યારે ભાઈનું મન ભીંતોમાં ભમતું હોય છે. ફાવે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

છે તો ઊંઘી જાય છે. નથી ઊંઘતા ત્યારે બાંકડા બગાડે છે ! વર્ગના બાંકડે - બાંકડે એમનું નામ કોતરાઈ ગયું છે ! તારી માને મોટાભાઈનાં પરાક્રમો તો કહે. પછી ભલે એનું ઉપરાણું તાણે.

(કિન્નરી જતી રહે છે. અંજન જરા પાછળ નજર કરે છે.)

વળી ચોપડીમાંથી માથું ઊંચું ? આજે તારે માથે મોત ભમતું લાગે છે મને એમ કે બાળકને કોણ કલેશ કરાવે ? એટલે હું મૂંગો રહેતો હતો. પણ તમે તો મોંમાં આંગળાં નાખીને બોલાવો એવા છો ! માવતરનું માવતરપણું રહેવા ક્યાં દો છો ?

(અંજન વળી પાછો વાંચવામાં પડે છે. એની આંખો પાનાંમાં છે, પણ ધ્યાન ઠપકામાં છે.)

કિન્નર કહેતી હતી કે કાલે તું વીજળીપંખાને અડપલું કરતો હતો. કોઈ દિવસ આંચકો લાગશે...

(કિન્નરી દાખલ થાય છે.)

કિન્નરી : પણ બાપુ, અમને આંચકો તો લગીરે નહોતો લાગતો.

નિખિલરાય : હવે તું એની વહારે ધા. બધાં એને બગાડવામાં સમજ્યાં છો. મને લાગે છે કે હવે મારે કડક થયા વિના નહીં ચાલે. અંજુ, ચાલ ઊભો થા.

(અંજન ઊભો થાય છે. કિન્નરી ગભરાય છે.)

(આંખો કાઢી) આમ આવ.

(અંજન પાસે આવે છે. કિન્નરી દૂર દોડી જાય છે.)

(કડકાઈથી) તારે તોફાન કરવું હોય તો તારે મોસાળ પાછો ચાલ્યો જા. અહીં તો ભણવાનું, ભણવાનું ને ભણવાનું. મસ્તી કરી છે તો માર્યા વગર નહીં મૂકું, આજથી બધું બંધ છે. પૈડું, ભમરડો, લખોટા મને સોંપી દે. સાઈકલ પર બેઠો છે, તો તારી વાત તું જાણ્યો. ચાલ, બધું બહાર કાઢ.

(ટેબલનું ખાનું ઉઘાડી અંજન પૈડું અને સળિયા, ભમરડો અને જાળ નિખિલરાયને સોંપે છે.)

લખોટા ક્યાં ?

અંજન : ખોવાઈ ગયા.

નિખિલરાય : કે મોટા ભા થઈને કોઈને દઈ દીધા ?

(અંજન ચૂપ રહે છે.)

બીજું શું - શું છે ?

અંજન : કશું નથી.

નિખિલરાય : જોવા દે.

(નિખિલરાય ટેબલનાં ખાનાં તપાસે છે. ઊંડાણમાંથી<br>થોડીક ખીલીઓ અને એક નાની હથોડી નીકળે છે.)

કેમ, અંજુભાઈ ! આનું શું કામ પડ્યું હતું ? - એકાદ મગજમાં ખોડ એટલે ચસકી ન જાય.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(અંજન મૂંગો રહે છે.)

(ફાટતે અવાજે) બોલતો કેમ નથી ? - મોંમાં મગ ભર્યા છે ? હથોડી કેમ લીધી હતી ?

અંજન (બીતે સાદે) : આ ખુરશીના પાયા જરા ઢીલા થઈ ગયા હતા તે -

નિખિલરાય : તે તું સમા કરવાનો હતો કેમ ? સુતારને ઘરે અવતાર લેવો હતો ને ? આવો દોઢડાહ્યો તું ક્યાં લગી રહીશ ?........ મારે તો તારા નામનો કેટલોક કકળાટ કરવો ?

(અંજનની આંખમાંથી આંસુ ખરતાં હોય છે. કિન્નરી ડરતે પગલે આવે છે.)

કિન્નરી : અંજુ, ચાલ, મા બોલાવે છે

નિખિલરાય : જા, એની સોડમાં સંતા.

(કિન્નરી અંજનને ખેંચી જાય છે.)

(જતાં - જતાં) બાળકોનાં ભવિષ્ય એમની માતાઓ જ રગદોળે છે ! પ્રભુ, પ્રભુ !

2

(માંદલો અંજન પથારીમાં પડ્યો છે. એનો પ્રફુલ્લ ચહેરો પીળો પડી ગયો છે. આંખોનું તેજ જરા હણાયું લાગે છે એની પડખે, ઈસ ઉપર કિન્નરી બેઠી છે. અંજનના કપાળ પર, માથા પર, હૃદય પર એ પોતાનો સુંવાળો હાથ ફેરવતી તાકીતાકીને અંજન સામું જોતી હોય છે, એટલામાં જ અંજન પાસું બદલે છે.)

કિન્નરી (પંપાળતી) : અંજુ, ભાઈ, કાંઈ જોઈએ છે ?

અંજન : ના, કિન્નર, મારે કાંઈ નથી જોઈતું, તારે રમવા જવું હોય જા.

કિન્નરી : ના, અંજુ, હું તો અહીં બેસી રહેવાની.

અંજન : શું કામ ? - હું માંદો એમાં તારે શું કામ ન રમવું ? - જા, બહેન.

કિન્નરી : ના, ભાઈ, હું કયા મોંએ રમું ? (નીચું જોઈ) મારે વાંકે તું માંદો પડ્યો. મારે જ તને સાજો કરવો જોઈએ.

અંજન : તારે વાંકે ? - ના, ના. હું તડકામાં ખૂબ કૂદ્યા કરતો હતો, પછી તાવ ચડે એમાં શી નવાઈ ?

કિન્નરી : ના, ના, અંજુ ! આજે સવારે મા બાપુને કહેતી હતી કે, તેમણે જ તને માંદો પાડ્યો છે. પેલે દિવસે તને બાપુ એટલું બધું ધખ્યા ન હોત તો તારી તબિયતને કશું ન થાત.

(અંજન કિન્નરીને જોઈ રહે છે.)

પછી મા મને વઢતી'તી કે મેં તને પજવ્યો ન હોત, તો બાપુને કંઈ ખબર પડત નહીં. એટલે મૂળ વાંક મારો છે.

(કિન્નરી અંજનની છાતી પર પોતાનું માથું ઢાળી દે છે. હેતાળ હાથે અંજન કિન્નરીનું માથું ઊંચું કરે છે. પછી તેના વાળ પર હાથ ફેરવે છે.)

અંજન : કિન્નરી, એમ ઢીલી ન થા. વાંક તારોય નથી અને મારોય નહીં હોય. મા ઘડી - ઘડી નસીબનો



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વાંક કાઢ્યા કરે છે ને ? - મારુંયે નસીબ વાંકું હશે.

(અંજન હસવાનો પ્રયત્ન કરે છે. હસી પણ શકે છે. પરંતુ તેના હાસ્યમાં રંગ નથી, ઉમંગ નથી, ચેતન નથી.)

કિન્નરી : ભલે, ભાઈ, એ જે હોય તે. આપણે બીજી વાતો કરીએ. તારે દવા પીવાનો વખત થયો છે. પીશ, અંજુ ?

અંજન : જવા દે. મને બહુ કડવી લાગે છે. એ પીઉં છું એટલે આંખે અંધારાં આવે છે જવા દે.

કિન્નરી : પણ ભાઈ, દવા પીધા વિના તે કાંઈ ચાલે ?

(અંજન ઉત્તર નથી આપતો. કિન્નરી વિચારમાં પરોવાય છે. એવામાં નિખિલરાય અને સુરેન્દ્રનાથ પ્રવેશ કરે છે)

નિખિલરાય : દાક્તરસાહેબ, અઠવાડિયામાં તો છોકરો લાશ થઈ ગયો. હવે તો બરાબર થઈ જાય એવું કાંઈક કરો. રોજ કેટલો તાવ રહે છે, ક્યારે ચડે-ઊતરે છે, વગેરે ચિઠ્ઠીમાં લખી મોકલતો. પણ આજે તો ઘરમાંથી હઠ લીધી કે તમને તેડાવવા. મનેય થયું કે વાત વિચારવા જેવી છે.

સુરેન્દ્રનાથ : સારું કર્યું. આવી આળસમાં કોઈ વખત માણસ બાળક ગુમાવી બેસે છે. ઠીક છે કે આને એવું કશું લાગતું નથી. બાકી મામલો બગડી બેસે પછી તો અમારે સુધારવોયે કેમ ?

(નિખિલરાય મનમાં ચિડાય છે. પણ શું કરે ?)

સાહેબ, છોકરો દવા બરાબર પીએ છે કે ?

(નિખિલરાય શીશી સામે જુએ છે. કિન્નરી તે જ પળે દવા કાઢી અંજનને આપે છે. અંજન એ ગટગટાવી જાય છે. મોં ન બગડે તેને માટે ઘણો પ્રયત્ન કરે છે, તોય લગીર એમ થઈ જાય છે.)

(હાથ પહોળા કરી) લ્યો ! દવા પીવી નહીં ને તબિયત સુધારવી ! એ તે કદી બનતું હશે ? હરિ ભજ્યા વિના વૈકુંઠ મળતું હશે ? હહહહ !

નિખિલરાય : દાકતરસાહેબ, હવેથી હું ધ્યાન રાખીશ. અંજુ, સાંભળ્યું ને ? - દવા વખતસર પીવાની છે અને કિન્નર, સાંભળ્યું કે ? - દવા નિયમસર પાવાની છે

કિન્નરી : હોં, બાપુ.

સુરેન્દ્રનાથ : તો ચાલો, હું લખી આપું.

(નિખિલરાય અને સુરેન્દ્રનાથ પાછા ફરે છે)

કિન્નરી : અંજુ, દાક્તરસાહેબે તો તારી નાડે ન તપાસી !

અંજન : સારું થયું. હવે હું દવા ઢોળી નાખવાનો છું.

કિન્નરી : અરે ! એવું તો થાય ?

(એટલામાં અંદરથી અવાજ આવે છે.)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અવાજ : કિન્નર, અહીં આવ તો ?

કિન્નરી : આ આવી, મા.

અંજન : જા... મા શું કહે છે ? તું અહીં બેસી રહે છે અને એને તો કાંઈયે મદદ કરતી જ નથી !

(કિન્નરી જલદી જાય છે. અંજન ધીમેથી પથારીમાં બેઠો થાય છે.)

(કંકાસથી) હું હસતો નથી એટલે મા રડ્યા કરે છે ! - હું બોલતો નથી એટલે બહેન ગમગીન બને છે ! પણ હું શું કરું ? - મારો આનંદ મરી ગયો છે ! જાણે જીવન જ જતું રહ્યું !

(હાંફતી, હસતી કિન્નરી આવે છે.)

કિન્નરી : ભાઈ, ભાઈ ! ભાસ્કરકાકા આવ્યા !

અંજન (હોંશથી) : હેં...એ ? ચાલ, ક્યાં બેઠા છે ?

કિન્નરી : હમણાં અહીંયાં આવશે. મા તેમને તારી જ વાત કરતી હતી.

(અંજનના હોઠ પર હાસ્ય ફરકે છે)

અને એમની પેટીમાં તો શાં શાં રમકડાં લાવ્યા છે ! જાણે રાત ને દિવસ રમ્યા જ કરીએ !

(આ સાંભળતાં અંજનનો ચહેરો ઊતરી જાય છે. કિન્નરીને તેનું કારણ નથી સમજાતું. પાછળથી નિખિલયરાય અને ભાસ્કરરાય આવે છે, પણ ભાઈબહેનને તેની ખબર ન પડે એમ એઓ છાનામાના ઊભા રહે છે.)

અંજન : ભાસ્કરકાકા ભલે આવ્યા. ભલે રમકડાં લાવ્યા. પણ એમને ક્યાં ખબર છે કે બાપુએ એની બંધી કરી છે ?

કિન્નરી (હસતી જતી) : તું જોજે તો ખરો. એઓ બાપુને કહી દેવાના છે કે આપણને કદી વઢે નહીં, મારે નહીં, પણ બસ રમવા જ દે. હું અહીં આવી ત્યારે એઓ માને એમ જ કહેતા હતા.

અંજન (આતુર આંખોએ) : તું સાચું કહે છે, કિન્નર ? અરે ! તો તો બીજું જોઈતું'તું શું ?

(ઉલ્લાસભર્યો અંજન કિન્નરીને બાઝી પડે છે તેઓની નજરે પડે એ પહેલાં ભાસ્કરરાય નિખિલરાયને લઈ ચાલ્યા જાય છે.)

3

(નિખિલરાય અને ભાસ્કરરાય સુશોભિત એવા દીવાનખાનામાં આવે છે. નિખિલરાય આરામખુરશીમાં અધ્ધર બેસે છે. ભાસ્કરરાય ઝૂલતી ખુરશીમાં હીંચે છે.)

ભાસ્કરરાય : જોયું ને, નિખિલભાઈ ? એટલી વારમાં અંજન કેટલો ખુશમિજાજમાં આવી ગયો ? એને તમારી બીકનો તાવ આવતો હશે.

(પહેલાં તો નિખિલરાય ભાસ્કરરાય સામે જોઈ રહે છે, પણ પછી બચાવ તરીકેનું બહાનું કાઢે છે.)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નિખિલરાય : ભાસ્કરભાઈ, તમે મને ખોટો દોષ દો છો. અંજુનાં લક્ષણ તમે જાણતા નથી. મહિના દહાડા પહેલાં એ કોલસાનો એક મોટો કકડો લઈ એનો ભુક્કો કરતો હતો.

ભાસ્કરરાય : શા વાસ્તે ?

નિખિલરાય : મેં પૂછ્યું ત્યારે કહે કે, કોલસામાંથી સાકર બને છે એવું તેણે વાંચ્યું છે, એટલે એ એમાંથી સાકર શોધતો હતો ! આવું એક વાર નથી બન્યું, નિત્ય નવા હુન્નર ! કેટલા કહું ? મારે તે ક્યાં સુધી આંખ આડા કાન કરવા ? (હવામાં હાથ વીંઝી) એમાં ભણવાનું તો નામ જ ન મળે ! અને નકામાં થોથાં જડે, તો એની પાછળ ઉજાગરા કરે !

ભાસ્કરરાય : ભાઈ, તમારી ભૂલ થાય છે. ભણવાની ચોપડીઓ મોઢે કરનારાઓએ પણ એમનું કેટલું દળદર ફિટાડ્યું ? એવાય ચૌટે ચૌટે રઝળે છે ! આપણા વર્ગમાં કાયમ પહેલાં પાંચની અંદર નામ રાખનાર રાજારામને મહિને માંડ પાંત્રીસ રૂપરડી મળે છે ! પેલા છેલ્લે બાંકડે પડી રહેનાર રામલાલે લોખંડના ધંધામાં બંગલો બંધાવ્યો છે ! બધું આપણી આંખ આગળ છે.

નિખિલરાય (ગરમ થઈને) : એટલે ? – મારે એને લોઢાના કારખાનામાં મોકલવો, એમ ?

ભાસ્કરરાય (હસી) : ગુસ્સે ન થશો. પણ હું માનું છું કે અંજનમાં બુદ્ધિ છે, શક્તિ છે. એટલે હું માગું છું કે તમે એને રૂંધી ન નાખો. એને સાચા માર્ગે વળવા દો. અંજનનું જીવન જ્યાં હણાય નહીં, પણ પ્રફુલ્લે ત્યાં તેને જવા દો. એ કોલસામાંથી સાકર શોધનારો કોઈક દિવસ જગને નવું અજવાળું આપશે.

(નિખિલરાય પર આની અસર થઈ જણાય છે; કારણ કે એઓ તદ્દન મૌન જાળવે છે ભાસ્કરરાયને આથી સંતોષ ઊપજે છે. ખુરશીમાંથી ઊભા થઈ એઓ બારણે પહોંચે છે.)

(બૂમ મારી) અંજુ ! કિન્નર ! અહીં આવો.

(કિન્નરી આવી પહોંચે છે.)

કિન્નરી : શું કહ્યું, કાકા ?

ભાસ્કરરાય : અંજન ક્યાં ?

(અંજન આવે છે.)

કિન્નરી (ભારથી) : આ આવ્યો.

ભાસ્કરરાય (ધીરેથી) : જાઓ, લતાભાભીને કહો કે તમને રમકડાં વહેંચી આપે.

(કિન્નરી ઊપડી જાય છે. અંજનની આંખો નિખિલરાય ભણી હોય છે. જાણે જવાની રજા ન માગતો હોય !)

નિખિલરાય (શાંતિથી) : જા.

(ઉમંગથી ઊછળતા પગલે અંજન કિન્નરીને પકડી પાડે છે.)

ભાસ્કરરાય (એ બતાવતાં) : જોયું ?

(નિખિલરાય આડું જોઈ જાય છે ભાસ્કરરાય પડખે પડેલું છાપું ઉઘાડે છે. અંદરથી આવતો અંજન અને કિન્નરીનો મીઠો કિલકિલાટ બંનેના કાને અથડાય છે.)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ● ટિપ્પણ

**ધખ્યા** ગુસ્સે થયા, વઢ્યા **આંખ આડા કાન કરવા** ધ્યાન ન આપવું **લાશ થઈ ગયો** ખૂબ નબળો થઈ ગયો **દળદર** દારિદ્ર, ગરીબી **હુન્નર** કારીગરી, કસબ **રેઢિયાળ** ધણી વિનાનું **ક્લેશ** કજિયો, કંકાસ, લડાઈ **અડપલું** તોફાની, અટકચાળું **મિજાજ** ગુસ્સો, અભિમાન **લગીર** થોડું

## ● રૂઢિપ્રયોગ

**આંખ આડા કાન કરવા** - વાત ધ્યાનમાં ન લેવી.

**મોંમાં આંગળાં નાખીને બોલાવવું** - પરાણે બોલાવવું.

**મન ભીંતોમાં ભમવું** - મન કોઈ જગ્યાએ સ્થિર ન હોવું.

**મોંમાં મગ ભરવા** - મૂંગા રહેવું.

**દળદર ફિટવું** - ગરીબાઈ દૂર કરવી.

## ● ભાષાસજ્જતા

લેખનમાં જોડણીનું ઘણું જ મહત્ત્વ છે. જોડણીની ભૂલને કારણે અર્થ બદલાઈ જાય છે તેમજ સાચા અર્થમાં આપણે વ્યક્ત થઈ શકતાં નથી. દા.ત. દિન-દિવસ, દીન-ગરીબ વગેરે. આ ઉપરાંત આ એકમમાં આવતા શબ્દોની જોડણી પણ ધ્યાને રાખીએ. દા.ત., કિલકિલાટ, સુરેન્દ્રનાથ, ખુશમિજાજ, ઢીલોઢસ, પ્રયત્ન વગેરે.

જોડણીને કારણે અર્થ - બદલાતા હોય એવા શબ્દો :

ઉદાહરણ : પાણી - જળ, પાણિ - હાથ; સારુ - ને માટે, સારું - સુંદર; ચીર - વસ્ત્ર; ચિર - લાંબું

વિરામચિહ્નોના ઉપયોગ દ્વારા અર્થ બદલાતા હોય તેવાં વાક્યો જોઈએ. આ વાક્યો વાંચો અને સમજો.

ઉદાહરણ : (1) બીડી પીવી નહિ, પીનારને સજા થશે.
બીડી પીવી, નહિ પીનારને સજા થશે.

(2) અહીં ગંદકી કરવી નહિ, કરનાર સજાપાત્ર થશે.
અહીં ગંદકી કરવી, નહિ કરનાર સજાપાત્ર થશે.

## ● અભ્યાસ

**1 નીચેની પંક્તિ સમજાવો :**

'હરિ ભજ્યા વિના વૈકુંઠ મળતું હશે !'

**2 આ વાક્ય કયા પ્રસંગે કોણ કોને કહે છે, તે જણાવો.**

1. પણ ભાઈ દવા પીધા વિના તે કંઈ ચાલે ?
2. બાળકોનું ભવિષ્ય એમની માતાઓ જ રગદોળે છે.
3. પણ પીળા રંગનું શું થશે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ● સ્વાધ્યાય

**1. નીચેની ખાલી જગ્યાઓ પૂરો :**

1. અંજનને લાલ રંગમાં વાદળી રંગ મેળવતાં ...................... રંગ મળ્યો.
2. કિન્નરી અંજનને ...................... પૂછવા આવી હતી.
3. અંજન કિન્નરીને ......................ને મદદ કરવાનું કહે છે.
4. ભાસ્કરકાકા બાળકો માટે ................. લાવ્યા હતા.
5. અંજન કોલસામાંથી ...................... શોધવા માગે છે.

**2. પાઠના આધારે પ્રશ્નોના જવાબ લખો :**

1. અંજન કઈ રીતે રંગ મેળવવાની મથામણ કરે છે ?
2. અંજનથી શાહીનો ખડિયો કઈ રીતે ઢોળાઈ ગયો ?
3. અંજન કિન્નરી પર શા માટે ખિજાયો ?
4. નિખિલરાયને અંજનની કેવી પ્રવૃત્તિઓ ગમતી નથી ?
5. અંજન કેવી વ્યથા અનુભવે છે. ?

**3. આપેલા શીર્ષકને ધ્યાનમાં રાખી વાર્તાલેખન કરો.**

શીર્ષક : સંપ ત્યાં જંપ.

**4. તમે વાંચેલાં પુસ્તકો પૈકી તમને કયું પુસ્તક ગમ્યું અને શા માટે તે લખો.**

## ● પ્રવૃત્તિ

- **જૂથમાં ચર્ચા કરો :**
  - તમને આ નાટકનું કયું પાત્ર ગમ્યું ? શા માટે ?
  - તમે અંજનની જગ્યાએ હોત તો શું કરત ?
  - 'મને શું થવું ગમે ?' વિષય પર પાંચ વાક્યો બોલો
- નાટકની વર્ગખંડમાં રજૂઆત કરાવવી.
- તમને ગમતી પ્રવૃત્તિઓની યાદી બનાવો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 15. અખંડ ભારતના શિલ્પી



**રાઘવજી માધડ**

**જન્મ : 1-6-1961**

રાઘવજી દાનાભાઈ માધડનો જન્મ અમરેલી જિલ્લાના દેવળિયા ગામમાં થયો છે. તેમણે મુખ્યત્વે ટૂંકી વાર્તા, નાટક, નવલકથા અને લોકસાહિત્યમાં સર્જન કરેલ છે. તેમનાં 26 કરતાં પણ વધુ પુસ્તકો પ્રગટ થયાં છે. 'ઝાલર', 'અમરફળ', 'કૂખ', 'જળતીર્થ', 'લોકવાણી' એમનાં નોંધપાત્ર પુસ્તકો છે. ગુજરાત સાહિત્ય અકાદમી સહિત અન્ય સંસ્થાઓ દ્વારા તેમને પારિતોષિક પ્રાપ્ત થયાં છે. શિક્ષણક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. 'મારી શિક્ષણગાથા' અને 'વર્ગ એ જ સ્વર્ગ' તેમનાં શિક્ષણવિષયક પુસ્તકો છે. ગુજરાતનાં અગ્રગણ્ય દૈનિકપત્રોમાં તેમની કૉલમ લોકપ્રિયતાને વરી છે. હાલ તેઓ જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરમાં કાર્યરત છે.

આ ચરિત્રલેખમાં લોખંડીપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની કાર્યશૈલીને પ્રસ્તુત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વલ્લભભાઈના જીવનમાં જોવા મળતાં નીડરતા, દૃઢ સંકલ્પ, કર્તવ્યનિષ્ઠ, અડગ મનોબળ, નેતૃત્વ જેવા ગુણો આ ચરિત્રલેખમાં સુંદર રીતે નિરુપાયા છે. સરદાર વિશેના અન્ય મહાનુભાવોનાં અવતરણો દ્વારા તેમના વ્યક્તિત્વને અહીં ઉજાગર કરવામાં આવ્યું છે. આ બધા પ્રસંગો દ્વારા સરદારનું એક સુરેખ શબ્દચિત્ર ખડું થાય છે.

વલ્લભભાઈના જીવનમાં બારડોલીની લડતનું ભારતના સ્વાતંત્ર્યસંગ્રામની જેમ જ એક આગવું અને અનોખું મહત્ત્વ છે. વલ્લભભાઈના સમર્પિત જીવનની સિદ્ધિઓનું આ એક શિરછોગું ગણાય છે. બારડોલીની લડત પુરજોશમાં ચાલતી હતી. તેમાં કોઈ એક પ્રસંગે કોઈકના મોંમાંથી વલ્લભભાઈ પટેલ માટે 'ખેડૂતોના સરદાર' એવો ઉદ્‌ગાર નીકળી ગયો હતો. જેમણે જેમણે આ ઉદ્‌ગાર સાંભળ્યો તેમણે તેમણે ઉપાડી લીધો હતો. તેઓ સ્વાભાવિક રીતે ખેડૂતોના સરદાર તરીકે ઓળખાવા લાગ્યા હતા. બારડોલીની સમગ્ર લડતનો દોર વલ્લભભાઈના હાથમાં હતો. આ લડતવેળા એકવાર ગાંધીજી આવ્યા હતા. ગાંધીજીને ભાષણ કરવાની વિનંતી કરવામાં આવી હતી પરંતુ તેમણે ના પાડીને કહ્યું હતું કે, અહીંના 'સરદાર' વલ્લભભાઈ છે એટલે તેઓ એકલા જ ભાષણ કરી શકે. આમ, ગાંધીજીએ વલ્લભભાઈને રીતસરનું 'સરદાર'નું બિરુદ આપ્યું હતું. પછી તો તેઓ માત્ર ખેડૂતોના સરદાર ન રહેતાં, સમગ્ર દેશના લોકહૈયામાં 'સરદાર'નું માનભર્યું સ્થાન પામ્યા હતા.

વલ્લભભાઈનો જન્મ એમના મોસાળ નડિયાદમાં તા. 31-10-1875ના રોજ થયો હતો. તેમનું વતન હતું ખેડા જિલ્લાનું કરમસદ ગામ. તેમના પિતા ઝવેરભાઈ એક સામાન્ય ખેડૂત હતા. દૃઢતા અને દેશભક્તિ તેમની નસેનસમાં ધબકતી હતી. રાણી લક્ષ્મીબાઈના લશ્કરમાં તેઓ અંગ્રેજ સરકાર સામે ઈ.સ. 1857ના સ્વતંત્રતાસંગ્રામમાં લડ્યા હતા. આ ખેડૂતપુત્રે નાનપણમાં જીવનને ઝીણી નજરે જોયું હતું. ગામડાના જીવનની ઓછપ અને અધૂરપને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

અનુભવી હતી. ગાંધીજીએ કહ્યું હતું, ''ખેતરમાં પરસેવો પાડતા ખેડૂતોનું જીવન જ સાચું જીવન છે.'' આ વાત વલ્લભભાઈને બાળપણમાં આત્મસાત્ થઈ હતી.

ગામની શાળામાં પ્રાથમિક શિક્ષણ લઈ વલ્લભભાઈએ નડિયાદ અને વડોદરામાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું હતું. વિદ્યાર્થીવયથી જ તેમનામાં નીડરતા, નેતાગીરી કે દૃઢ સંકલ્પબળનાં બીજ પડેલાં હતાં. એક વાર તેમને કાખબલાઈ થયેલી. ગામના વૈદ્યરાજે ઈલાજ માટે લોખંડના ધગધગતા સળિયા વડે ડામ દેવાનું વિચાર્યું ત્યારે કુમળું બાળક જોઈ ખુદ વૈદરાજ અવઢવ અનુભવવા લાગ્યા હતા. આ સમયે વૈદ્યરાજના હાથમાંથી ગરમ સળિયો લઈ જાતે જ ગાંઠ પર ડામ દઈ દીધો હતો. જોનારાં સૌ દંગ રહી ગયાં હતાં. તેઓના વિશિષ્ટ ગુણોને વ્યક્ત કરતા બાળપણના આવા તો અનેક પ્રસંગો છે.

વલ્લભભાઈએ કાયદાના અભ્યાસ માટે ઇંગ્લૅન્ડ જવા બચત કરી પૈસા ભેગા કર્યા હતા. પરંતુ મોટાભાઈ વિઠ્ઠલભાઈને લંડન જવા દઈ ભ્રાતૃભાવનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી અનન્ય પ્રેમ પ્રગટ કર્યો હતો. પછીથી તો વલ્લભભાઈએ સખત પરિશ્રમ અને બુદ્ધિચાતુર્યથી એક સફળ વકીલ તરીકેની નામના મેળવી હતી. એક વખતની વાત છે : વલ્લભભાઈ કોર્ટની કાર્યવાહીમાં વ્યસ્ત હતા. ત્યાં પ્યૂન આવીને એક તાર આપી ગયો. તાર વાંચીને કોઈ જ પ્રતિક્રિયા વગર વલ્લભભાઈએ ખિસ્સામાં મૂકી દીધો. વળી, તેઓ કોર્ટની કાર્યવાહીમાં લાગી ગયા. કાર્યવાહી પૂરી થયા પછી કોઈએ પૂછ્યું : 'મિ. પટેલ...! શાનો તાર હતો ?' વલ્લભભાઈએ ધીમેથી જણાવ્યું, 'મારાં પત્નીનું અવસાન થયું છે !' આમ, લાગણીને વશ થયા વગર પોતાની ફરજને અડગતાથી અદા કરી હતી.

આમ તો દૂરથી જોનારને વલ્લભભાઈનું વ્યક્તિત્વ એકદમ રુક્ષ લાગતું. સ્વભાવ પણ બહુ કડક છે એવી છાપ પડતી. પણ એ તેમની બોલી, સચ્ચાઈ અને આખાબોલાપણાના લીધે એમ લાગતું હતું. ખરેખર તો તેઓ નાળિયેર જેવા હતા. નાળિયેર ઉપરથી કઠણ અને બરછટ લાગે પણ અંદરથી મીઠું અને કોમળ હોય છે. તેમના સ્વભાવની ખાસિયત એ હતી કે કોઈનાથી પણ ડરતા નહિ. ભલભલાને પણ કોઈ જ શેહ-શરમ વગર સાચું અને સ્પષ્ટ સંભળાવી દેતા. વળી તેમની વાણીમાં જોસ-જુસ્સો અને સચ્ચાઈનો રણકો રહેલો હતો.

બારડોલીની લડત વખતે એક પત્રિકા પ્રગટ કરી હતી અને એક જાગ્રત નેતા તરીકે ચેતવણી આપતાં તેમણે લખ્યું હતું : ''લડાઈ લડવી હોય તો લગ્નમાં મહાલવાનું ન પોસાય. કાલ સવારે ઊઠીને તમારે ઊગ્યાથી આથમ્યા સુધી ઘરને તાળાં મારી, ખેતરમાં ફરતાં રહેવું પડશે. છાવણી જેવી જિંદગી ગાળવી પડશે. ગરીબ, તવંગર બધા વર્ગ અને બધી કોમ એકરાગ થઈ, એક ખોળિયે પ્રાણ હોય તેમ વર્તે.

- આપણા હાથેથી એક દમડી સરકારને આપવી નથી. એ નિશ્ચયમાં કાયમ રહેજો, નહીં તો જીવ્યું ન જીવ્યું થઈ જશે અને તાલુકો કાયમના માટે બોજામાં પડશે.''

વલ્લભભાઈ વીર હતા એટલા જ વિનોદી હતા. મહાદેવભાઈની ડાયરીમાં વિનોદના ઘણા પ્રસંગો નોંધાયા છે. એક વાર મહાદેવભાઈએ ક્યાંક એક શબ્દ વાંચ્યો. શબ્દ હતો - ''રચનાત્મક ગફલત'', એમને નવાઈ લાગી. રચનાત્મક ગફલત તે વળી કેવી હોય ? પણ સરદાર જેમનું નામ... બિરબલની છટાથી બોલી ઊઠ્યા - ''ન સમજ્યા ? આજે તમે દાળ બનાવી હતી, તેવી દાઝેલી દાળ !''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

વલ્લભભાઈએ જેલયાત્રા પણ વેઠી હતી. દાંડીયાત્રાના પાંચ દિવસ પહેલાં સાત માર્ચના રોજ અંગ્રેજ સરકારે રાસ ગામમાંથી ધરપકડ કરી. તેમણે અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવ્યા હતા. તે વખતે જેલમાં સજા ભોગવી રહેલા આઝાદી જંગના આંદોલનકારીઓએ ગગનભેદી નારાઓથી જેલની દીવાલોને ગજવી મૂકી હતી. સરદારની આ પ્રથમ જેલયાત્રા કેટલી કઠીન હતી તેનું વર્ણન મહાદેવભાઈની ડાયરીમાં મળે છે. ધરપકડના ત્રીજા દિવસે મહાદેવભાઈ અને આચાર્ય કૃપલાણીજી સરદારને મળવા જેલમાં ગયા હતા. તે વખતે થયેલી પ્રશ્નોત્તરીના થોડા અંશો જોઈએ તો -

''તમને કેવી રીતે રાખે છે ?''

''ચોર લુટારાની જેમ મને રાખે છે.''

''સુવાને માટે શું ?''

''એક કાળો કામળો છે એની ઉપર આળોટીએ છીએ.''

''ખોરાકનું કેમ છે ?''

''ખોરાકનું તો શું પૂછવું ? બપોરે કંઈક જાડા રોટલા ને દાળ, સાંજે રોટલા ને શાક એમ આપે છે. ઘોડાને ખપે તેવું જ હોય છે.''

આઝાદી કાજે આપણા દેશનેતાઓએ કેવી અને કેટલી યાતનાઓ વેઠી હતી તેની માત્ર આ એક ઝલક છે. સાબરમતી જેલમાં જ્યાં સરદારને કેદ રાખવામાં આવ્યા હતા તે વિભાગને 'સરદાર સ્મૃતિ વિભાગ' તરીકે ઓળખવામાં આવે છે.

''રાજાઓના તાજ મૂકાવ્યા, ધન્ય વીર વલ્લભ સરદાર !'' આપણા એક કવિએ આમ વલ્લભભાઈને ''વીર''નું વિશેષણ આપ્યું. વલ્લભભાઈને મળેલાં વિશેષણોની યાદી લાંબી થાય તેમ છે. તેઓ લોખંડી પુરુષ તરીકે જાણીતા છે. આપણી રાષ્ટ્રભાષાના કવિ હરિવંશરાય બચ્ચને સરદાર માટે અદ્‌ભુત કવિતાની રચના કરી છે -


*''હરેક પક્ષ કો પટેલ તૌલતા,*

*હરેક ભેદ કો પટેલ ખોલતા*

*દુરાવ યા છિપાવ સે ઈસે ગરજ,*

*કઠોર નગ્ન સત્ય બોલતા !*

*પટેલ હિંદ કી નીડર જબાન હૈ.''*





Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સરદાર જનસમુદાયની નાડના ભારે પારખુ હતા. લોકસમુદાય પર તેમની જબરદસ્ત પકડ હતી. જેને લીધે સંગઠન અને સંચાલનમાં તેમના બુદ્ધિચાતુર્યનાં દર્શન થતાં હતાં. લોકોને થતા અન્યાય અને દમન સામેની લડતમાં તેઓ હંમેશાં અગ્રેસર રહેતા હતા.

દાંડીકૂચ દરમિયાન લોખંડી મનોબળવાળા સરદારના ઉદ્‌ગારો જોઈએ તો - ''હવે એક ધર્મયુદ્ધ ખેલવાનું છે જે દુનિયાએ પહેલાં ક્યારેય નહીં જોયું હોય. બધાં ગુજરાતીઓને ટકોરા મારીને કહી દઉં કે મૃત્યુનો ભય હોય તે જાત્રાએ જતા રહે. પૈસા હોય તે પાલવે તો દેશ પલાયન થાય. શરમાવું પડે તેવું કોઈ જ કામ સાચો ગુજરાતી નહીં કરે. ગુજરાતી પ્રજા સ્વતંત્રતાના ઈતિહાસમાં પહેલું પાનું લખીને મહાયુદ્ધના મંડાણ કરશે. પ્રભુ સૌનું કલ્યાણ કરે. ઈશ્વર સૌને સહાય કરે.''

સરદાર એટલે આપણા દેશની ત્રિમૂર્તિ - ગાંધી, સરદાર અને જવાહરલાલ નેહરુ - પૈકીની એક મૂર્તિ. એ યુગના આ ત્રણેય પ્રખર દેશભક્તો. ગાંધીજીએ સત્યને જ આરાધ્યું. સરદારે પાવિત્ર્ય અને નહેરુએ સૌંદર્યનું મહિમાગાન કર્યું. સરદારના ગુરુ ગાંધીજી હતા. સરદારનાં નૈતિકતા, દૃઢ મનોબળ અને વ્યવહારુપણાનાં અનેક ઉદાહરણો ઈતિહાસના સોનેરી પાને લખાઈને પડ્યાં છે. તેમાં ભારતના ગૃહપ્રધાન તરીકે સરદારની ભૂમિકાને તો ઈતિહાસ ક્યારેય ભૂલી શકશે નહિ. ભારતમાં અનેક નાનાં-મોટાં દેશી રજવાડાંઓ હતાં. આ રજવાડાંના ઘણા રાજાઓ પોતાની રીતે સ્વતંત્ર રહેવાના મનસૂબા ઘડતા હતા. તે રાજ્યોના વિલીનીકરણની કપરી અને મહત્ત્વની જવાબદારી સરદારના શિરે આવી હતી. ખૂબ જ મુશ્કેલ આ કાર્ય હતું. છતાં પણ તેમણે કુનેહપૂર્વક પાર પાડ્યું હતું. જ્યાં સમજાવટથી કામ ચાલ્યું ત્યાં તેમ કર્યું પણ જ્યાં કડક હાથે કામ લેવાનું બન્યું ત્યાં કડપ પણ દાખવ્યો. ભારતનાં આ તમામ રાજ્યોને લોકશાહી સરકારના માળખામાં સામેલ કરી રાજાશાહીને નાબૂદ કરી હતી અને રાજાશાહીનો વિકલ્પ પૂરો પાડ્યો હતો. આમ દેશને અખંડતા બક્ષીને તેઓ અખંડ ભારતના શિલ્પી કહેવાયા.

વિનોબા લખે છે : ''સરદાર સ્પષ્ટ બોલતા હતા. પ્રહાર કરતાં તે ડરતા નહિ. ભલે કોઈને ગમે તે લાગે. વળી, વળતો પ્રહાર જો પોતાના ઉપર આવે તો તેથી જરાય ડગમગતા નહોતા.''

ગાંધીજીના અંગત સચિવ મહાદેવભાઈ દેસાઈ સરદાર માટે લખે છે : ''ખેડૂતોની ભાષામાં બોલતા સરદારની આંખોમાં અંગારા જેવી ચમક દેખાતી અને વિરોધીઓનો વિનાશ કરી નાખે તેવી આંધીનું સર્જન તેમની વાણીમાં થતું.''

ગાંધીજીએ સરદારના એક અત્યંત છૂપા સ્વરૂપને છતું કરતાં જણાવ્યું હતું કે, ''સરદારની શૂરવીરતા, જ્વલંત દેશદાઝ અને અનંત ધૈર્યના ગુણોથી તો હું અજાણ ન હતો પણ તેમણે મને જે પ્રેમથી તરબોળ કર્યો છે તેવા માતૃપ્રેમ જેવા ગુણ માટે સદાય ઋણી છું. મને તેમની લાગણીઓમાં માતાનું સ્મરણ થઈ આવતું. માતા જ દર્શાવી શકે તેવા ગુણોનું મને સરદારે દર્શન કરાવ્યું.''

વલ્લભભાઈ સાદગીપ્રિય હતા. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' તેમનો જીવનમંત્ર હતો. જે પોતાની પુત્રી



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મણિબહેનને પણ તેમણે વારસામાં આપ્યો હતો. ઉત્તરકાળમાં દીકરી મણિબહેને પિતાની ઊલટથી સેવા કરી હતી. મણિબહેનની પણ સાદગી એવી કે, થીગડું મારેલી સાડી પહેરવામાં પણ તેઓ નાનપ અનુભવતા નહોતાં.

અખંડ ભારતના આ શિલ્પીનું તા. 15-12-1950ના રોજ અવસાન થયું. ચરોતરના એક નાનકડા ગામમાં જન્મીને છેક દેશના નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી તરીકે સેવાઓ આપનાર સરદારને લાખ લાખ વંદન !

## • ટિપ્પણ

**શિરછોગું** માથા પરની કલગી **રુક્ષ** બરડ, કઠોરના અર્થમાં **દમડી** દામ, પૈસાના અર્થમાં **ધર્મયુદ્ધ** ધર્મ માટે / ધર્મ દ્વારા લડાતું યુદ્ધ **વિલીનીકરણ** વિલીન કરવું (ઓગાળી નાખવું) **દમન** જોરજુલમ **કાખબલાઈ** બગલમાં થતું ગૂમડું **ભ્રાતૃભાવ** ભાઈ માટેનો ભાવ-લાગણી **બિરુદ** ઉપાધિ, ઉપનામ

## • ભાષાસજ્જતા

### સરળ, સંયુક્ત, મિશ્ર અને સંકુલ વાક્યરચના :

1. સાદું વાક્ય -

   ઉદાહરણ : મારી પ્રજા સુખી રહો.

2. સંયુક્ત વાક્ય -

   ઉદાહરણ : અતિથિ માટે ખુરશીની વ્યવસ્થા રખાઈ છે પણ તેઓ નીચે બેસવાનો આગ્રહ રાખે છે.

3. મિશ્ર અને સંકુલ વાક્ય -

   ઉદાહરણ : તેમણે કહ્યું, પ્રજાનું હતું અને પ્રજાને આપ્યું ને ? એમાં ક્યો ઉપકાર ક્ર્યો ? વળી પૂ. બાપુના ચરણે ધરવાનું અમને તો પરમ સદ્ભાગ્ય સાંપડ્યું.

- **સાદું વાક્ય :**

  સાદા વાક્યમાં સામાન્ય રીતે ઓછામાં ઓછું એક ક્રિયાપદ કે એક ઉદ્દેશ-વિધેય હોય છે.

- **સંયુક્ત વાક્ય :**

  સંયોજકથી જોડાયેલાં વાક્યોને સંયુક્ત વાક્ય તરીકે ઓળખવામાં આવે છે.

  ધ્યાનમાં એ રાખવાનું કે, આ રીતે જોડાયેલાં વાક્યો પોતે સ્વતંત્ર રીતે ટકી શકે એવાં હોવાં જોઈએ. એટલે કે બંને સમાન મોભો ધરાવતાં હોવાં જોઈએ. એક વાક્ય બીજા વાક્ય ઉપર આધાર રાખતું હોવું જોઈએ નહીં, એ વાક્ય માત્ર સંયોજક વડે જોડાયેલાં હોવાં જોઈએ. જો એમ હોય તો એવી વાક્યરચનાને સંયુક્ત વાક્યરચના કે સંયુક્ત વાક્ય કહે છે.

  સંયુક્ત વાક્યો અમુક સંયોજકના ઉપયોગથી બને છે; જેમકે, ને, અને, પણ, છતાં, તોપણ, છતાં પણ, તેમ છતાં, કે, અથવા, અથવા તો, કાં તો, એટલે, માટે, તેથી, નહીંતર, કેમકે, કારણ કે વગેરે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

- **મિશ્ર અને સંકુલ વાક્ય :**

એક વાક્યને કેન્દ્રમાં રાખી અન્ય વાક્યો એના વિસ્તરણ રૂપે જોડાયેલાં હોય ત્યારે એ સંકુલવાક્ય કે મિશ્ર વાક્ય ગણાય.

આવાં વાક્યો વચ્ચે મુખ્ય-ગૌણનો સંબંધ હોય છે આવાં વાક્યો પણ અમુક સંયોજકોના ઉપયોગથી બને છે; જેમકે, 'કે', 'જે...તે', 'જેવું...તેવું', 'જ્યારે...ત્યારે', 'જેમ...તેમ', 'જ્યાં સુધી...ત્યાં સુધી', 'જો...તો', 'જ્યાં...ત્યાં', ઘણીવાર જે...તે જેવામાં 'જે' લોપ પણ થઈ શકે છે. કેટલીક વાર મુખ્ય વાક્યમાં 'એ', 'એવું', 'એટલું', જેવાં પદ હોય તો ગૌણ વાક્ય એની સાથે જોડાઈ જાય છે. બીજા કોઈ સંયોજકની જરૂર પડતી નથી. સંકુલ વાક્યમાં ગૌણ વાક્ય એ મુખ્ય વાક્યના વિસ્તારરૂપે કે ક્રિયાવિશેષણ તરીકે અથવા કર્મ કે શરતને સ્થાને આવે છે એટલે કે મુખ્ય વાક્યને આધાર રાખી એનો વિસ્તાર થાય છે.

## ● રૂઢિપ્રયોગ

**નાડ પારખવી** - મન જાણવું

## ● ભાષાસજ્જતા

**નીચેના શબ્દો વાંચો :** 'શિરછોગું', 'સ્વાતંત્ર્યસંગ્રામ', 'દેશભક્તિ', 'ખેડૂતપુત્ર', 'દાંડીયાત્રા',

તમે જોશો કે ઉપરના બે શબ્દો મળીને એક શબ્દનું રૂપ પામ્યા છે. પહેલા શબ્દમાં 'શિર' અને 'છોગું' એવા બે સ્વતંત્ર શબ્દોએ ભેગા મળીને ત્રીજો જ વિશેષ અર્થ પ્રગટ કરી આપે છે. એવું જ બીજા શબ્દમાં 'સ્વાતંત્ર્ય' અને 'સંગ્રામ' એવા બે જૂજવા શબ્દોમાંથી 'સ્વાતંત્ર્યસંગ્રામ' શબ્દ બન્યો છે. વ્યાકરણની ભાષામાં આવા શબ્દો સામાસિક શબ્દો કહેવાય.

## ● અભ્યાસ

**નીચેના પ્રશ્નોના મૌખિક રીતે ઉત્તર આપો :**

1. વલ્લભભાઈને 'સરદાર'નું બિરુદ કોણે અને ક્યારે આપ્યું ?
2. વલ્લભભાઈ બાળપણથી જ નીડર હતા એવું આપણે કયા ઉદાહરણ પરથી કહી શકીએ ?
3. વલ્લભભાઈનો ભાઈ માટેનો પ્રેમ કઈ ઘટનામાંથી પ્રગટ થાય છે ?
4. કોર્ટની કાર્યવાહી દરમિયાન વલ્લભભાઈને મળેલા તારમાં શા સમાચાર હતા ? વલ્લભભાઈના કયા પાસાને આ ઘટના પ્રગટ કરે છે ?
5. વલ્લભભાઈની રમૂજવૃત્તિ કયા-કયા પ્રસંગોએ જોવા મળે છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## • સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

1. ‘વલ્લભભાઈના જીવનમાં બારડોલીની લડતનું આગવું અને અનોખું મહત્ત્વ છે’ - એમ લેખક શા માટે કહે છે.
2. પાઠને આધારે તમે વલ્લભભાઈના વ્યક્તિત્વની કઈ-કઈ વિશેષતાઓ તારવી શકો ?
3. લેખકે કયા ત્રણ દેશભક્તોને ‘ત્રિમૂર્તિ’ સાથે સરખાવ્યા છે ? એ ત્રણેય દેશભક્તોની લાક્ષણિકતા વિશે જણાવો.
4. પાઠમાં આપવામાં આવેલ વલ્લભભાઈનાં ભાષણોના અંશોમાંથી તમને કઈ વાત ખૂબ જ ગમી ?
5. કવિ હરિવંશરાય બચ્ચને વલ્લભભાઈને શાની ઉપમા આપી છે ? શા માટે ?

**2. નીચે આપવામાં આવેલ શીર્ષકને આધારે પાંચ-છ વાક્યો લખો :**

1. બારડોલીની લડત :
2. નીડર વલ્લભભાઈ :
3. અખંડ ભારતના શિલ્પી વલ્લભભાઈ :

**3. નીચે ઉલ્લેખવામાં આવેલા પ્રસંગોની સામે વલ્લભભાઈનાં જીવનમાં પ્રગટતા ગુણનો ઉલ્લેખ કરો.**

1. વૈદ્યરાજે ઈલાજ માટે લોખંડના ધગધગતા સળિયા વડે ડામ દેવાનું કહ્યું. કુમળું બાળક જોઈ ખુદ વૈદ્યરાજ અવઢવ અનુભવવા લાગ્યા. આ સમયે વૈદ્યરાજના હાથમાંથી ગરમ સળિયો લઈ જાતે જ ગાંઠ પર ડામ દઈ દીધો : ..............................................
2. વલ્લભભાઈએ કાયદાના અભ્યાસ માટે ઈંગ્લૅન્ડ જવા બચત કરી પૈસા ભેગા કર્યા હતા પરંતુ એમણે પહેલાં મોટાભાઈ વિઠ્ઠલભાઈ લંડન જવા દીધા : ..............................................
3. એકવાર મહાદેવભાઈએ ક્યાંક એક શબ્દ વાંચ્યો. શબ્દ હતો : ‘રચનાત્મક ગફલત’. એમને નવાઈ લાગી. રચનાત્મક ગફલત તે વળી કેવી હોય ? પણ સરદાર જેમનું નામ. બિરબલની છટાથી બોલી ઊઠ્યા : “ન સમજ્યા ? આજે તમે દાળ બનાવી હતી તેવી દાઝેલી દાળ !” : ..............................................

## • પ્રવૃત્તિ

1. વલ્લભભાઈના જીવનપ્રસંગો મેળવીને વર્ગમાં વાંચો.
2. વલ્લભભાઈના જીવનના પ્રેરક પ્રસંગોને નાટ્યસ્વરૂપે રજૂ કરો.
3. ‘સરદાર વલ્લભભાઈ પટેલનાં ભાષણો’ પુસ્તક વિશે તમારા શિક્ષક પાસેથી જાણો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 16. સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે !



**પ્રેમાનંદ**

**સમય : ઈ.સ. સત્તરમી સદી**

કવિવર પ્રેમાનંદ વડોદરાના વતની હતા. તેઓ ઉત્તમ કથાકાર અને માણભટ્ટ હતા. માણ ઉપર થાપ આપીને કથાને પઠન, ગાયન અને અભિનય દ્વારા રજૂ કરીને તેમની રચનાઓ તેમણે લોકસમુદાયમાં ગુંજતી કરી હતી. રામાયણ, મહાભારત અને પુરાણોમાંથી કથાવસ્તુ-પ્રસંગો લઈને તેમણે તત્કાલીન ગુજરાતી વાતાવરણને જીવંત રીતે નિરૂપીને આખ્યાનને એક નવું જ રૂપ આપ્યું છે. 'ઓખાહરણ', 'ચંદ્રહાસ આખ્યાન', 'અભિમન્યુ આખ્યાન', 'સુદામાચરિત્ર', 'કુંવરબાઈનું મામેરું', 'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'દશમસ્કંધ' વગેરે વિવિધ રસોથી સભર આખ્યાનો આપીને તેમણે ગુજરાતી આખ્યાન-કવિતાને સમૃદ્ધ કરી છે. પાત્રાલેખન, વર્ણન, રસનિરુપણ, ભાષાકર્મ - એમ સર્વ રીતે એમનાં આખ્યાનો ગુજરાતી ભાષાની ઊંચી સંપદા - સંપત્તિ બની રહે છે. માનવસ્વભાવની વિવિધ લાગણીઓનું સરસ રીતે નિરુપણ કરવામાં તેઓ કુશળ કલાકાર છે. આખ્યાનો દ્વારા એમણે પ્રજાકીય સંસ્કારોને સાચવવાનું અને પોષવાનું કામ પણ કર્યું છે. આપણા ઉત્તમ આખ્યાનકવિ હોવાને કારણે તેઓ 'કવિ-શિરોમણિ'નું માન પામ્યા છે.

ભાગવતના દશમસ્કન્ધમાં આવતી કથા પરથી પ્રેમાનંદે મૂળ કથાનકમાં ફેરફાર - ઉમેરણ કરીને રચેલું 'સુદામાચરિત્ર' જનમનરંજન અને રસનિષ્પત્તિનું સુંદર આખ્યાનકાવ્ય છે. પ્રસ્તુત કાવ્યખંડ 'સુદામાચરિત્ર'ના સાતમા કડવાનો છે. કૃતિની શરૂઆતમાં શ્રીકૃષ્ણના વૈભવનું વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. દ્વાર પર સુદામા આવ્યા છે એવા સમાચાર સાંભળતાં જ શ્રીકૃષ્ણ સફાળા ઊઠીને સુદામાને દોડતા મળવા જાય છે - તે પ્રસંગમાં શ્રીકૃષ્ણનું ગતિશીલ અને ભક્ત-સખાને મળવા જવાની તત્પરતાનું સુંદર ચિત્રણ કર્યું છે. પોતે દ્વારિકાના રાજા છે તે ભૂલીને દીનહીન બાલસખા - ભક્ત સુદામાને આલિંગનથી ભેટતા શ્રીકૃષ્ણનું ઉદાર, નિર્દોષ અને મૈત્રીધર્મને નિભાવતું ચરિત્ર આકર્ષક છે; તેથી આ ખંડ સખ્યભાવ અને આતિથ્યભાવનાનું ઉત્તમ કાવ્ય બની રહે છે.

સૂતા સેજ્યાએ અવિનાશ રે, આઠ પટરાણી છે પાસ રે;
રુક્મિણી તળાંસે પાય રે, શ્રીવૃંદા ઢોળે વાય રે. 1
ધર્યું દર્પણ ભદ્રાવતી નારી રે, જાંબુવતીએ ગ્રહી જલધારી રે;
યક્ષાકર્દમ સત્યા સેવે રે, કાલંદ્રી તે અગર ઉખેવે રે. 2



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

લક્ષ્મણા તંબોળને લાવે રે, સત્યભામા બીડી ખવરાવે રે;
હરિ પોઢ્યા હિંડોળાખાટ રે, પાસે પટરાણી છે આઠ રે. 3
બીજી સોલ સહસ્ર છે શ્યામા રે, કો હંસગતિ, ગજગામા રે;
મૃગનેણી કોઈ ચકોરી રે, કો શામલડી, કો ગોરી રે. 4
કો મુગ્ધા બાલકિશોરી રે, કો શ્યામછબીલી છોરી રે;
ખળકાવે કંકણ મોરી રે, ચપળા તે લે ચિત્ત ચોરી રે. 5
કો ચતુરા સંગત નાચે રે, તે ત્યાં રીઝવી સંગમ જાચે રે;
હરિ આગળ રહી ગુણ ગાતી રે, વસ્ત્ર બિરાજે નાના-ભાતી રે. 6
ચંગ મૃદંગ ઉપંગ ગાજે રે, શ્રીમંડળ વીણા વાજે રે,
ગાંધ્રવા કળા કો કરતી રે, ફટકે અંબર કરમાં ધરતી રે. 7
ચતુરા નવ ચૂકે ચાલ રે, હીંડે મરમે જેમ મરાલ રે;
મેનકા-ઊર્વશીની જોડ રે, તેથી રીઝ્યા શ્રીરણછોડ રે. 8
એમ થઈ રહ્યો થેઈથેઈકાર રે, રસમગ્ન છે વિશ્વાધાર રે;
એવે દાસી ધાતી આવી રે, તે નાથે પાસે બોલાવી રે. 9
બોલી સાહેલી શીશ નામી રેઃ દ્વારે દ્વિજ ઊભો છે, સ્વામી રે !'
ન હોય નારદજી અવશ્યમેવ રે, ન હોય વસિષ્ઠ ને વામદેવ રે, 10
ન હોય દુર્વાસા ને અગસ્ત્ય રે, મેં તો જોયા ઋષિ સમસ્ત રે;
ન હોય વિશ્વામિત્ર ને અત્રિ રે, નથી લાવ્યો કોની પત્રી રે. 11
દુઃખે દરિદ્ર સરખો ભાસે રે, એક તુંબીપાત્ર છે પાસે રે;
પિંગલ જટાને ભસ્મે ભરિયો રે, ક્ષુધારૂપિણી સ્ત્રીએ તે વરિયો રે; 12
શેરીએ ઊભા થોકેથોક રે, તેને જોવા મળ્યા બહુ લોક રે;
તેણે કહાવ્યું કરીને પ્રણામ રેઃ મારું સુદામો છે નામ રે. 13
જ્યારે દાસીનો બોલ સાંભળિયાં રે, 'હેં હેં' કરી ઊઠ્યો શામળિયો રે :
'મારો બાળસ્નેહી સુદામો રે, હું દુઃખિયાનો વિસામો રે.' 14
ઊઠી ધાયા જાદવરાય રે, મોજાં નવ પહેર્યાં પાય રે;
પીતાંબર ભોમ ભરાય રે, જઈ રુક્મિણી ઊંચું સાહ્ય રે. 15
આનંદે ફૂલી ઘણું કાય રે, હૃદયાભર શ્વાસ ન માય રે;
ઢળી પડે વળી બેઠા થાય રે, એક પલક તે જુગ વહી જાય રે. 16



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

સ્ત્રીને કહેતા ગયા ભગવાન રે : 'પૂજાથાળ કરો સાવધાન રે;
આ હું ભોગવું રાજ્યાસન રે, તે તો એ બ્રાહ્મણનું પૂન્ય રે. 17
જે નમશે એનાં ચરણ ઝાલી રે, તે સહુ-પે મુજને વહાલી રે;'
તવ સ્ત્રી સહુ પાછી ફરતી રે, સામગ્રી પૂજાની કરતી રે. 18
કહે માંહોમાંહે વળી : 'બાઈ રે ! કેવા હશે કૃષ્ણજીના ભાઈ રે ?
જેને હશે શામળિયા-શું સ્નેહ રે, હશે કંદર્પ કોટિ તેની દેહ રે.' 19
લેઈ પૂજાના ઉપહાર રે, ઊભી રહી છે સોળ હજાર રે :
'બાઈ લોચનનું સુખ લીજે રે, આજ દિયરનું દર્શન કીજે રે.' 20
શુકજી કહે : સાંભળ રાય રે ! શામળિયોજી મળવાને જાય રે;
છબીલોજી છૂટી ચાલે રે, મૂકી દોટ તે દીનદયાલે રે. 21
સુદામો દીઠા શ્રીકૃષ્ણદેવ રે, છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે;
જુએ કૌતુક ચારે વર્ણ રે : ક્યાં આ વિપ્રને ક્યાં અશરણશર્ણ રે ? 22
જુએ દેવ વિમાને ચડિયા રે, પ્રભુજી ઋષિને પાયે પડિયા રે;
હરિ ઉઠાડ્યા ગ્રહી હાથે રે, ઋષિજી લીધા હૈડા સાથે રે. 23
ભુજ-બંધન વાંસા પૂઠે રે, પ્રેમ-આલિંગન નવ છૂટે રે;
પછે મુખ અન્યોઅન્ય જુએ રે, હરિનાં આંસુ ઋષિજી લુહે રે. 24
તુંબીપાત્ર ઉલાળી લીધું રે, દાસત્વ દયાળજીએ કીધું રે:
'તમે પાવન કીધું આ ગામ રે, હવે પવિત્ર કરો મમ ધામ રે.' 25
જોઈ હાસ કરે સહુ નારી રે : 'આ શી રૂડી મિત્રાચારી રે !'
ઘણું વાંકાબોલી સત્યભામા રે : 'આ શા ફૂટડા મિત્ર સુદામા રે ! 26
હરિ આને ઊઠી શું ધાયા રે ? ભલી નાનપણાની માયા રે !
ભલી જોવા સરખી જોડી રે, હરિને સોંધો, આને રાખોડી રે ! 27
જો બાળક બહાર નીસરશે રે, તો તો જોઈ કાકાને છળશે રે.'
તવ બોલ્યાં રુક્મિણી રાણી રે: 'તમે બોલો છો શું જાણી રે ? 28

**વલણ**

શું બોલો છો વિસ્મે થઈ ? હરિભક્તને ઓળખો નહીં.'
બેસાડ્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાય હરિ ઊભા રહી. 29

**('સુદામાચરિત્ર'માંથી)**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ● ટિપ્પણ

**સેજ્યા** સેજ, શય્યા, પથારી **તળાંસવું** ધીમે - ધીમે ચંપી કરવી **યક્ષકર્દમ** કસ્તૂરી, કેસર, ચંદન, રક્તચંદન, અંબર, અગર, બરાસ અને સોનાના વરખને પીસી - ઘૂંટીને તૈયાર કરેલો લેપ **સેવવું** (અહીં) લગાવવું, ચોપડવું **ઉખેવવું** ઉખેડવું, કાઢી નાખવું **બીડી** બીડીને - વાળીને **ખળકાવવું** રણકારભર્યો અવાજ કરવો **ચતુરા** ચતુર સ્ત્રી **જાચવું** માગવું **નાના-ભાતી** વિવિધ પ્રકારનાં **ચંગ** મુખેથી વગાડવાનું વાજું **મૃદંગ** બંને બાજુ વગાડી શકાય એવું ઢોલક જેવું એક વાદ્ય **ઉપંગ** એક પ્રકારનું વાદ્ય **શ્રીમંડળ વીણા** એક પ્રકારનું તંતુવાદ્ય-વીણા **ગાંધ્રવી** ગંધર્વની, સ્વર્ગના ગવૈયાની **અંબર** વસ્ત્ર **મરાલ** હંસ **રસમગ્ન** રસમાં ડૂબેલું **દ્વિજ** બ્રાહ્મણ **અવશ્યમેવ** નક્કી જ **પત્રી** પત્ર, કાગળ **પિંગલ** લાલાશ પડતા પીળા રંગનું **થોકેથોક** મોટા જથ્થામાં, ટોળાબંધ **સહુયે** સૌથી વધારે **માંહોમાંહે** અંદર - અંદર **ધાવું** દોડવું **કંદર્પ** કામદેવ **ઉપહાર** ભેટ (અહીં) પૂજાની સામગ્રી **લોચનનું સુખ** જોવાનો આનંદ **છૂટ્યાં આંસુ શ્રાવણનેવ રે** શ્રાવણ માસમાં છાપરાનાં નેવાંથી થતી વરસાદના પાણીની ધારની જેમ આંસુ વહેવા લાગ્યાં. **કૌતુક** (અહીં) વિસ્મયભર્યું દૃશ્ય **વિપ્ર** બ્રાહ્મણ **અશરણશર્ણ** જેનો કોઇ આધાર ન હોય તેનો આધાર, પરમેશ્વર **પ્રેમ-આલિંગન** પ્રેમભર્યું આલિંગન (ભેટવું તે) **તુંબીપાત્ર ઉલાળી લીધું** ઉલાળા સાથે હાથમાંથી તુંબડી લઈ લીધી. **વાંકાબોલી** કટાક્ષમાં બોલનારી **ફૂટડું** સુંદર **સોંધો** સુગંધભર્યો લેપ **છળવું** બીકથી ચમકી જવું.

## ● ભાષાસજ્જતા

### ● દ્વિરુક્ત પ્રયોગો :

'દ્વિ' એટલે બે અને 'ઉક્ત' એટલે બોલાયેલું તે. 'દ્વિરુક્ત' એટલે જે બે વખત બોલાય છે તે.

**જેમ કે,** - ઠેર ઠેર, ગરમ ગરમ, લાડુ બાડુ, ગલ્લાંતલ્લાં, ચોપડીબોપડી, પેનબેન, ભજનબજન, ગીતબીત, દોડાદોડી, ગાળાગાળી.

### 1. સંપૂર્ણ દ્વિરુક્તિવાળા પ્રયોગો :

'ઘેરઘેર', 'માંડમાંડ', 'મનમાંમનમાં', 'પાંચપાંચ', જેવા શબ્દપ્રયોગોમાં એક નું એક રૂપ સમગ્ર રૂપમાં બેવડાય છે. આવા પ્રયોગો સંપૂર્ણ દ્વિરુક્તિવાળા પ્રયોગો કહેવાય.

### 2. અમુક અંશના લોપવાળી દ્વિરુકિત

કેટલાક દ્વિરુક્ત પ્રયોગોમાં એક નું એક રૂપ બેવડાતું હોય પણ એમાંથી કોઈ ધ્વનિનો લોપ થયો કહેવાય જેમકે 'આટઆટલું' એમાં 'આટલું આટલું'ને સ્થાને 'લું' ધ્વનિનો લોપ થઈને 'આટઆટલું' દ્વિરુક્ત પ્રયોગ થયો છે. દા.ત., કેટકેટલું, લાભાલાભ, લાવાલાવ વગેરે

### 3. પ્રાસતત્ત્વવાળા દ્વિરુક્ત પ્રયોગ

કેટલાક દ્વિરુક્ત પ્રયોગ પ્રાસ અર્થે પ્રયોજાયેલા હોય. એમાં બે રૂપ જોડાય ત્યારે કાં તો બંને રૂપ સાર્થક હોય, કાં તો આગળનું રૂપ સાર્થક હોય અને પાછળનું રૂપ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય અથવા તો પાછળનું રૂપ સાર્થક હોય અને આગળનું રૂપ પ્રાસ માટે પ્રયોજાતું હોય; એવી રીતની વિભિન્ન પ્રકારની દ્વિરુક્તિઓ જોવા મળે છે, જેમ કે :



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બંને રૂપ સાર્થક હોય - તોડફોડ, ચડતીપડતી, આવકજાવક, ખાધુંપીધું વગેરે.

પ્રથમ રૂપ સાર્થક હોય અને બીજું માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય તેવા શબ્દો :

ઘર-બર, કાગળ-બાગળ, નળબળ, ચોપડીબોપડી વગેરે. જેમાં બીજા રૂપનો કોઈ અર્થ થતો નથી.

બીજું રૂપ સાર્થક હોય અને પ્રથમ માત્ર પ્રાસ માટે પ્રયોજાતું હોય તેવા શબ્દો : અંતરમંતર, આડોશીપાડોશી, આજુબાજુ વગેરે.

### 4. સંયોજકોવાળા દ્વિરુક્ત પ્રયોગો :

કેટલાક દ્વિરુક્ત પ્રયોગમાં બે રૂપ જોડાતાં હોય અને જોડાનાર તત્ત્વ તરીકે વચ્ચે સંયોજક આવે ત્યારે વિશેષ પ્રકારના દ્વિરુક્ત પ્રયોગ થાય છે. આ, એ, ઓ, અં વગેરે જેવા સંયોજકો વચ્ચે મૂકવાથી આવા પ્રયોગ થાય છે. જેમકે,

આ - હસાહસ, ગરમાગરમ, દોડાદોડી

એ - ગામેગામ, ખાધેપીધે, ચોખ્ખેચોખ્ખું

ઓ - રાતોરાત, ભારોભાર, બારોબાર

અં - ખુલ્લંખુલ્લા, દોડંદોડા, કૂદંકૂદી

### 5. સ્વરભેદ કે વ્યંજનભેદવાળા દ્વિરુક્ત પ્રયોગો :

કેટલાક પ્રયોગોમાં વચ્ચે સ્વર કે વ્યંજન દ્વારા ભેદ પાડીને દ્વિરુક્ત રચના કરવામાં આવે છે; જેમ કે સ્વરભેદ હોય એવા પ્રયોગ - થાગડથીગડ, સાફસૂફ, ઠીકઠાક

વ્યંજનભેદ હોય એવા પ્રયોગ - બોલ્યુંચાલ્યું, સખળડખળ

### ● રવાનુકારી શબ્દપ્રયોગો :

નીચેનાં વાક્યોમાં ઘાટા અક્ષરે પ્રયોજાયેલા શબ્દપ્રયોગ જુઓ.

બહુ <u>ટકટક</u> સારી નહીં.

<u>ટપટપ</u> ટેટા પડવા માંડ્યા.

<u>ઝરમર</u> <u>ઝરમર</u> વરસાદ પડે છે.

<u>ખળખળ</u> <u>ખળખળ</u> ઝરણાં વહે છે.

<u>ઝબઝબ</u> <u>ઝબઝબ</u> વીજળી ચમકે છે.

બંદૂકમાંથી <u>છનનન</u> કરતી ગોળી છૂટી.

<u>દડબડ</u> <u>દડબડ</u> દોડે ગલૂડિયું.

ઢોલનો <u>ઢમઢમ</u> અવાજ સંભળાયો ને બાળકો સૌ હાજર.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ઉપરનાં વાક્યોમાં 'ટકટક', 'ટપટપ', 'ઝરમર', 'ખળખળ', 'ઝબઝબ', 'છનનન', 'દડબડ', 'ઢમઢમ' વગેરે શબ્દપ્રયોગોમાં વિશિષ્ટ ધ્વનિરચનાથી વિશિષ્ટ અવાજ સૂચવવાનો ભાષકનો આશય સ્પષ્ટ દેખાય છે. આવી રીતે પ્રયોજાતા શબ્દપ્રયોગોને રવાનુકારી શબ્દપ્રયોગો કહેવાય છે.

'રવ' એટલે અવાજ. જે શબ્દપ્રયોગો દ્વારા અવાજનું - નાદનું તત્ત્વ પ્રગટતું હોય તેવા પ્રયોગોને રવાનુકારી પ્રયોગો કહેવાય.

## ● અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો આપો :**

1. શ્રીકૃષ્ણની પટરાણીઓ તેમની કઈ - કઈ સેવા કરતી હતી ?
2. સુદામાના આગમનની શ્રીકૃષ્ણ પર શી અસર થઈ ?
3. શ્રીકૃષ્ણ અને સુદામાના મિલનનું દશ્ય તમારા શબ્દોમાં વર્ણવો.
4. સત્યભામાએ સુદામાની કેવી રીતે મજાક કરી ?
5. શ્રીકૃષ્ણના વૈભવનું વર્ણન કરો.

## ● સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર તમારી રીતે વિચારીને લખો :**

1. તમને કેવો મિત્ર ગમે ? શા માટે ?
2. તમારા ઘેર આવેલ અતિથિનું સન્માન-સ્વાગત કેવી રીતે કરવામાં આવે છે ?
3. બ્રાહ્મણને દ્વિજ શા માટે કહેવાય છે ? અન્ય કોના-કોના માટે દ્વિજ શબ્દ વપરાય છે ?
4. તમારા ઘેર આવેલ મિત્રની મહેમાનગતિ કેવી-કેવી રીતે કરશો ?

**2. નીચેની પંક્તિઓનો ભાવાર્થ લખો :**

1. પિંગલ જટાને ભસ્મે ........................ સ્ત્રીએ તે વરિયો રે.
2. આ હું ભોગવું ............................બ્રાહ્મણનું પુણ્ય રે.

**3. નીચેનાં વાક્યોમાંથી દ્વિરુક્ત પ્રયોગ કે રવાનુકારી પ્રયોગો શોધી એમાં દશ્યના, સ્પર્શના, શ્રવણના, સ્વાદના કે ગંધના ક્યા અનુભવ અભિવ્યક્ત થાય છે તે લખો :**

1. શ્રવણે સરોવરમાં ઘડો ડુબાડ્યો અને બુડબુડ અવાજ આવ્યો.
2. વર્ગમાં બહુ ગણગણાટ થાય છે.
3. મીઠાઈ હોય ત્યાં માખીઓનો બણબણાટ હોય જ.
4. મોગરાની માળાથી મઘમઘાટ થઈ ગયો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

5. તપેલીમાં ખીચડી ખદખદતી હોય છે.
6. જાહેર મિલકતની તોડફોડ કરવી તે રાષ્ટ્રીય સંપત્તિનું નુકસાન કરવા બરાબર છે.

**4. નીચેના પ્રશ્નોના તમારી રીતે વિચારીને જવાબ લખો :**

1. તમારા જીવનમાં તમને જોઈને વધારેમાં વધારે ખુશ થતા હોય એવા સંબંધી અને મિત્રોનાં નામ લખો.
2. જે પ્રસંગથી તમને સૌથી વધારે દુ:ખ થયું હોય તે પ્રસંગ વિશે પાંચ વાક્યો લખો.
3. જે પ્રસંગથી તમને સૌથી વધારે આનંદ થયો હોય તે પ્રસંગ વિશે પાંચ વાક્યો લખો.
4. આ કાવ્યને વાર્તાસ્વરૂપે લખો.

**• પ્રવૃત્તિ**

- **વિચારવિસ્તાર કરો :**

  મિત્ર એવો શોધવો, ઢાલ સરીખો હોય;
  સુખમાં પાછળ પડી રહે, દુ:ખમાં આગળ હોય.

- પુસ્તકાલયમાંથી 'સુદામાચરિત્ર' મેળવીને 'સુદામા-કૃષ્ણ'ના મિલનનો પ્રસંગ વર્ગમાં વાંચીને એ વિશે શિક્ષકની મદદથી ચર્ચા કરો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 17. સંસ્કારની શ્રીમંતાઈ



**કુન્દનિકા કાપડિયા**

**જન્મ : ઈ.સ. 1927**

કુન્દનિકા કાપડિયાનો જન્મ લીંબડી મુકામે થયો છે. તેઓ વાર્તાકાર તેમજ નવલકથાકાર તરીકે જાણીતાં છે. ‘પ્રેમનાં આંસુ’, ‘કાગળની હોડી’ વગેરે તેમના જાણીતા વાર્તાસંગ્રહો છે. ‘સાત પગલાં આકાશમાં’ એમની બહુ ચર્ચાયેલી નવલકથા છે. ‘પરમ સમીપે’ વિશિષ્ટ રીતે તૈયાર કરેલો એક પ્રાર્થનાસંગ્રહ છે. એમણે સાહિત્યની સાથે સાથે સમાજસેવા અંગીકાર કરી છે. હાલ તેઓ વલસાડ નજીક આવેલા નંદીગ્રામમાં સ્થાયી થઈ સાહિત્યસર્જન કરી રહ્યાં છે.

માનવજીવનની ઘટમાળ એવી છે કે એમાં સુખ પછી દુઃખ, ચડતી પછી પડતી, કુદરતના ક્રમ પ્રમાણે અવશ્ય આવતાં જ હોય છે. આવે સમયે જરા પણ વિચલિત થયા વગર સ્વસ્થતા જાળવી રાખી આવી પડેલી પરિસ્થિતિનો ખરા દિલથી સ્વીકાર કરવો એ જ સાચા સંસ્કાર છે. એમાં જ સંસ્કારની શ્રીમંતાઈ રહેલી છે. એક સમય હતો જ્યારે શેઠ જગમોહનદાસ અને તેમનું કુટુંબ શ્રીમંતાઈમાં ઝૂલતું હતું. અચાનક ભાગ્યની દશા પલટાઈ. કારમી ગરીબી તેમના કુટુંબ ઉપર ઊતરી આવી. ત્યારે પણ કુટુંબનો એકેએક સભ્ય-આબાલવૃદ્ધ સૌ કોઈ સ્થિતિનો વાંક કાઢવાને બદલે કે નિરાશ થવાને બદલે પોતાના ભાગે આવતું કર્તવ્ય બજાવ્યાનું અને એકમેકને મદદરૂપ થવાનું ચાલુ રાખે છે.

જગમોહનદાસ એટલા શ્રીમંત હતા કે એમના વર્તુળમાં તે ‘રાજા’ નામથી જ સંબોધાતા. લક્ષ્મીદેવીએ બેય હાથે તેમની આરતી ઉતારી હશે. સાઠ લાખ રૂપિયાને ખર્ચે દરિયાકિનારે બંધાવેલો તેમનો આસમાની ‘આનંદ મહેલ’ રાત્રે દીવાના ઝળહળાટથી અલકાપુરીની યાદ આપી જતો. તેમને ઘેર છ મોટરગાડીઓ હતી અને નોકરચાકરનો તો પાર નહિ.

જગમોહનદાસના કુટુંબના આઠ સભ્યો. તેમનાં પત્ની પાર્વતીબહેન, વૃદ્ધ પિતા દયાળજીભાઈ, છવ્વીસ વર્ષનો પુત્ર સુમોહન, પુત્રવધૂ ઉત્પલા, તેમનાં બે બાળકો મિલન તથા મૃણાલ, સોળ વર્ષની પુત્રી પ્રીતિ અને જગમોહનદાસ પોતે.

આટલા બધા વૈભવી સ્થાનમાં, જ્યાં દરેક જણ પોતાની ઇચ્છા પ્રમાણે કરી શકતું હોય ત્યાં કુટુંબમાં ઘર્ષણનો કે એવો પ્રસંગ શાનો ઊભો થાય ? બધાં જ લોકો ખૂબ સુખી હતાં. જિંદગી સામે ફરિયાદ કરવાનું એમની પાસે કોઈ કારણ નહોતું.

પણ વિધાતાના ખેલમાંયે અજબ વળાંકો રહ્યા હોય છે. જગમોહનદાસ સટ્ટાનો વેપાર કરતા હતા. વેપારમાં એમને એક ભયંકર ફટકો પડ્યો અને વિપત્તિ જ્યારે આવે છે ત્યારે એકલી નથી આવતી, સાથે એના લાવલશ્કરને



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

પણ લાવે છે. એ કહેવત અનુસાર એ ફટકાની પાછળ એક પછી એક આઘાતો, પરાજયો, નુક્સાનીની પરંપરા ચાલી આવી.

થોડાં વર્ષોમાં જગમોહનદાસ બધું જ ખોઈ બેઠા.

એ ન માની શકાય એવી વાત હતી. આટલી બધી સંપત્તિ, આટલો વૈભવ, આ માન, સ્થાન, બધું જ પાણીના રેલાની માફક આંખ ઉઘાડતાં ન ઉઘાડતાંમાં વહી ગયું. નુકસાન એવડું મોટું હતું કે શેઠને પોતાનો બંગલો સુધ્ધાં વેચી નાખવો પડ્યો. મોટરગાડી ને ઘરની બીજી કીમતી વસ્તુઓ તો એ પહેલાં જ વેચી નાખેલી.

અતિશયોક્તિ વગર, ખરેખર સોનાના પારણામાં જેમનાં બાળકો ઝૂલ્યાં હતાં એ જગમોહનદાસ પચાસ રૂપિયા ભાડું આપી એક નાનકડા મકાનમાં રહેવા ચાલ્યા ગયા.

શ્રીમંતાઈ માણસના સ્વભાવને એક પ્રકારની અક્કડતાથી સજાવી રાખે છે. વૈભવનું ઊંચું આસન એના સ્વભાવને અમીરી બેપરવાઈનો અંચળો પહેરાવે છે; પણ માણસની સામે જ્યારે આફતો આવી પડે છે, પાઈપાઈના હિસાબ ઉપર એને દિવસો ખેંચવાના હોય છે ત્યારે એના સ્વભાવમાં સમતુલા ને ઔદાર્ય કેટલાં રહે છે એ એક નિરીક્ષણ કરવા જેવી વસ્તુ છે.

જગમોહનદાસ શેઠ 'નાના' બની ગયા પછી ઘરમાંથી બધા નોકરોને રજા આપવામાં આવી હતી. કેવળ એક ઘાટી ઘરનું કામ કરતો. રસોઈનું કામ સ્ત્રીવર્ગે ઉપાડી લીધું હતું. ચળકતી નવી મોટરોમાં ફરતા શેઠિયાઓને બદલે હવે એમને ઘેર નાના સામાન્ય માણસોની અવરજવર વધી હતી.

જગમોહનદાસની પુત્રી પ્રીતિ મારી મિત્ર હતી. હું એ લોકોને ઘણા સમયથી ઓળખતી, પણ મારું એમને ત્યાં જવા-આવવાનું ઓછું રહેતું; પણ એમની બદલાયેલી સ્થિતિ પછી હું એમને ત્યાં અવારનવાર જતી અને પ્રીતિ અને એની બાને કામમાં મદદ કરતી. એ લોકોએ કદી કામ નહોતું કર્યું એટલે અગવડો તો પારાવાર ઊભી થતી, પણ તેઓ એને નિભાવી લેતાં.

એક દિવસ બપોરે હું એમને ત્યાં ગઈ, ત્યારે બહારના વરંડામાં દયાળજીભાઈ બેઠા બેઠા ચશ્માં ચડાવીને છાપું વાંચતા હતા. પાસે જઈને મેં કહ્યું : ''નમસ્કાર દાદા ! કેમ છો ? તબિયત તો સારી છે ને ?''

છાપું ખસેડી, ચશ્માં ઠીક કરી મારી સામે જોઈ દાદા મીઠું હસ્યા. ''ઘણા દિવસે આવી, બેટા ! પ્રીતિ કહેતી હતી તું બહારગામ ગઈ છો, તબિયત તો સારી છે ને ?''

''હું તો દાદા વળી કયે દિવસે મજામાં નથી હોતી ? પણ તમે કેમ છો એ તો કહો.''

દાદાએ એક હળવો નિઃશ્વાસ મૂકીને કહ્યું : ''મારે શું દુઃખ છે, દીકરી ? ત્યારેય બેઠો બેઠો ખાતો હતો, આજેય બેઠો બેઠો રોટલો ખાઉં છું. મને કશી વાતની તકલીફ નથી. હજુ આજે પણ સવારે હું પથારીમાંથી ઊઠું કે મસાલો નાખેલી ગરમ ચાનો સરસ કપ હાજર થઈ જાય છે. વહુ મને પૂછીને રસોઈ બનાવે છે ને મારી તબિયત માટે જુદું પણ રાંધે છે. બપોરે છાપાં વાંચું છું ને સાંજે ફરવા જાઉં છું. મોટર નથી એટલે હવે ચાલવાની કસરત મળે છે, તે ઊલટું સારું રહે છે.''

''તો દાદા, તમે નિઃશ્વાસ કેમ મૂક્યો ?''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

''એમ છે દીકરી, જ્યાં સુધી સાહેબી હતી ત્યાં સુધી બેઠો બેઠો ખાતો હતો તે કશું ખરાબ નહોતું લાગતું, પણ આજે, જેણે કદી કશું કામ નહોતું કર્યું એવાં આ પાર્વતી, પ્રીતિ, ઉત્પલા જોશભેર કામ કરવા લાગી ગયાં છે ત્યારે હું બુઢ્ઢો કશું કર્યા વગર ખાઉં છું તે મને ખૂંચે છે. પણ હું હવે શું કરી શકું ? મારી જુવાનીમાં તો મેં પણ ઘણું કામ કર્યું છે, પણ અત્યારે આ અવસ્થાએ મને કોણ કામ આપે ? બસ, આ જ વાતનું દુઃખ રહ્યાં કરે છે...'' દાદા ફરી એમનું મીઠું પણ વિલાયેલું હાસ્ય હસ્યા.

''કાંઈ નહિ દાદા, તમારી અવસ્થા પણ ક્યાં છે કામ કરવા જેવી ?'' મેં આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો ને અંદર ગઈ ત્યાં સુમોહન બહાર જતો વચ્ચે જ મળી ગયો.

''ઓહો દર્શનાબહેન, ઘણે દિવસે કાંઈ ?''

''હાં, જરા બહારગામ ગઈ હતી. કેમ છે કામકાજ ? નવી નોકરીમાં આનંદ છે ને ?''

''આનંદ તો છે દર્શનાબહેન ! છેક અમેરિકા જઈને ભણી આવ્યો એ નકામું તો ન જ જાય ને ! પણ એક વાત છે...'' એના મોં પર વિષાદની રેખાઓ દોરાઈ – ''એક વાતનું મને ખૂબ દુઃખ થાય છે. આ પ્રીતિ ઉપર મારી બહુ જ આશા હતી. એને ડૉક્ટર બનાવી અમેરિકા ભણવા મોકલવી હતી. તમે તો જાણો છો, એ ભણવામાં કેટલી હોશિયાર છે, મારા કરતાં ક્યાંય વધારે. મને એમ હતું કે મારી નાનકડી વહાલી બહેનને હું ઊંચામાં ઊંચી શક્ય હશે તે કેળવણી આપીશ. પણ હવે એ સ્થિતિ રહી નથી. મને થાય છે, હું એનાથી મોટો એટલે મને એ સગવડ મળી ગઈ, હવે સ્થિતિ બદલાઈ એમાં સહન તો એણે જ કરવાનું ને ? સહન તો સામાન્ય રીતે મોટાં કરે. એ મારાથી નાની તોપણ...'' એનો અવાજ ભીનો થઈ ગયો. એના હૃદયમાં રહેલી આ પ્રેમસભરવાણી જોઈને મારા દિલમાં પણ કરુણા ઊભરાઈ આવી. હું બોલી : ''કાંઈ નહિ સુમોહનભાઈ, સંયોગોથી પરાજિત ન થાય અને મુશ્કેલીઓ સામે ઝૂકી જવાને બદલે લડત આપે એનું નામ જીવન. તમે આવા પુરુષાર્થી છો પણ પ્રીતિને શાની ચિંતા ?''

રસોડામાં ભાભી ચોખા વીણતાં હતાં. મેં કહ્યું : ''સાચું કહેજો ભાભી, સુખી છો કે કશુંક દુઃખ થાય છે ?''

તપસ્વિની ઉમાના જેવું સુભગ સ્મિત કરી ઉત્પલાભાભી બોલ્યાં : ''અરે બહેન, તમે પણ શું એમ માનો છો કે બંગલો ને મોટરગાડી જ માણસને સુખ આપે છે ? અરે આ કામ કરવામાં જેટલી મજા પડે છે, સાંજના એ નોકરી પરથી થાકીને આવે, અમે જમી લઈએ, પછી રાતે બે ઘડી વાતો કરતાં જે શીળો આનંદ મળે છે એ પેલાં પાર્ટી ને ક્લબ ને મિજલસોમાં ક્યારેય ન મળતો; પણ એક રંજ તો મનમાં રહે છે. આજ સુધી ઘરકામ કર્યું નથી એટલે બરોબર ફાવટ આવી નથી. કામ કરતાં પુષ્કળ વાર લાગે છે. થાય છે, પહેલેથી થોડું કર્યું હોત તો આજે આટલો વખત એની પાછળ ન જાત, અને આજે મને વખત મળત તો હું પણ થોડુંઘણું કમાઈ એમના બોજને હલકો કરી શકત ને ? બસ આટલો શોક મનમાં થયાં કરે છે. પણ મને લાગે છે કે થોડા સમયમાં મને આ કામની ફાવટ આવી જશે; પછી હું કોઈ શાળામાં કે એમ કામ કરવા જઈ શકીશ.''

પાર્વતીબહેન માળા ફેરવીને હમણાં જ ઊભાં થયાં હતાં. મને જોતાં જ બોલ્યાં : ''આવ દર્શના, તું આવે છે, તો ગમે છે હું તો હવે એટલી એકલી પડી ગઈ છું ! પ્રીતિ કૉલેજમાં જાય ને ઉત્પલા તો ઘરકામમાં મને અડવા સુધ્ધાં દેતી નથી. મિલન-મૃણાલને તૈયાર કરું તોપણ કહે, 'ના, બા, અમે બધું કરીશું, તમે રહેવા દો –' પછી આખો દિવસ કરવું શું ?''



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

એ હસી : ''કેવાં નસીબદાર સાસુ છો તમે ? આવી વહુ કાંઈ સહેલાઈથી નથી મળતી.''

એ મારી નજીક આવી ધીમે સ્વરે બોલ્યાં : ''તે તું શું માને છે કે એ મારું નસીબ છે ? એ તો છે દાદાજીના પુણ્યનું બળ. મને ખબર છે ને, દાદાજીના દિલમાં ભગવાન બેઠા છે. જિંદગી આખીમાં કદી ખોટું કામ એમણે કર્યું નથી, ખોટું વચન બોલ્યા નથી, કોઈનો તિરસ્કાર કર્યો નથી. ભગવાને સંપત્તિ લઈ લઈને તો ઊલટાની વધુ મોટી આશિષ આપી છે. પણ શોક એટલો થાય છે કે બધાએ આ મુશ્કેલી નિવારવા કાંઈક ને કાંઈક કામ ઉપાડી લીધું ને હું એકલી રહી ગઈ.'' મને થયું, કપડાં સીવતાં શીખું તો સંચો ઘેર વસાવી શકાય. પણ ડૉક્ટરે કહ્યું હતું : ''આંખે ઝાંખપ આવે છે એટલે આંખનું કોઈ કામ હમણાં કરજો મા. દવા થઈ જાય પછી ચશ્માં લેવાં પડશે. ખરે ટાંકણે વિઘ્ન ઊભું થયું ને ? બસ આટલું ના હોત તો કશીયે ખોટ નહોતી.''

બહાર જઈ, પ્રીતિનો હાથ પકડી હું બોલી : ''પ્રીતિ, તું તો ખૂબ ભાગ્યવાન છે. જે ઘરનાં લોકોમાં આટલી કર્તવ્યભાવના, પોતાને ઘસી નાખવાની આટલી ઝંખના હોય, એમના પ્રેમની સુવાસ તો સાચે જ તને ઈર્ષ્યા કરવા જેવી ભાગ્યશાળી બનાવી દે છે.''

મારી સામે આનંદથી જોઈ પ્રીતિ બોલી : ''કર્તવ્યભાવના ? હું તો એને શ્રીમંતાઈ કહું છું. પેલી શ્રીમંતાઈ તો વસ્તુનો આડંબર હતો, બહારની ચીજ હતી. સાચી શ્રીમંતાઈ તો એ સહુના દિલમાં વસી છે, સંસ્કારની શ્રીમંતાઈ. એમ ન હોત તો આર્થિક દૃષ્ટિએ આટલા મોટા પતન પછી અમે શી રીતે અમારા ઘરની એ જ સંવાદિતા, એ જ આનંદ, એ જ અખંડિતતા જાળવી શક્યાં હોત, કહે તો ?''

હર્ષથી મેં પ્રીતિનો હાથ દબાવ્યો : ''ઘણા મોટા ધનની સ્વામિની બની છો, પ્રીતિ !''

(**'દ્વાર અને દીવાલ'**માંથી)

## • ટિપ્પણ

**આસમાની** આકાશ જેવા ભૂરા રંગનું **અલકાપુરી** સ્વર્ગ **પુત્રવધૂ** પુત્રની પત્ની **વૈભવી** વૈભવવાળું **વિધાતા** બ્રહ્મા **વિપત્તિ** દુ:ખ, આફત **ફટકો પડવો** નુકસાન થવું **સુધ્ધાં** સહિત, સાથે **અતિશયોક્તિ** હોય તે કરતાં વાત વધારીને રજૂ કરવી **અંચળો** પાલવ **ઔદાર્ય** ઉદારતા **અમીરી** શ્રીમંતાઈ **અગવડ** મુશ્કેલી **બુઢ્ઢો** ઘરડો માણસ **અવસ્થા** (અહીં) ઘડપણ **વિલાવું** કરમાવું **કરુણા** દયા **પરાજિત થવું** હારી જવું **ઝૂકી જવું** નમી જવું **શીળું** ઠંડું **રંજ** દુ:ખ, દિલગીરી **સંપત્તિ** ધન-દોલત **પુરુષાર્થી** મહેનત કરનાર **સરવાણી** ઝરણું **સુભગ** સુંદર, રમણીય **સ્મિત** મંદ હાસ્ય **મિજલસ** ગમ્મતભર્યો મેળાવડો **વિઘ્ન** અડચણ **મા** (અહીં) નકારના અર્થમાં **ઘસી નાખવું** ખૂબ કામ કરવું **ઝંખના** ચિંતા, વારંવારનું સ્મરણ **પતન** પડતી **સંવાદિતા** એકરાગ, સહમતી **બેય હાથે આરતી ઉતારવી** મહેરબાની કરવી **પાણીના રેલા માફક વહી જવું** ઝડપથી નાશ પામવું **સોનાના પારણામાં ઝૂલવું** વૈભવ કે શ્રીમંતાઈમાં ઊછરવું **સાહેબી** સમૃદ્ધિ

## • ભાષાસજ્જતા

**1. આ વાર્તામાં ગુજરાતી ભાષા ઉપરાંત બીજી ભાષાઓના શબ્દોનો ઉપયોગ થયો છે, તે તમારા ધ્યાનમાં આવ્યું હશે. અંગ્રેજી (ડૉક્ટર, પાર્ટી, ક્લબ), અરબી (મિજલસ, નસીબ, નસીબદાર), ફારસી (જિંદગી,**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**ચશ્માં, ચીજ) ભાષાના શબ્દોનો ઉપયોગ થયો છે. સંસ્કૃત અને અન્ય ભારતીય ભાષાના અનેક શબ્દો ગુજરાતી ભાષામાં વપરાય છે.**

2. **અન્ય ભાષાના શબ્દો કાં મૂળ રૂપે (તત્સમ) ગુજરાતીમાં આવે છે, કાં પરિવર્તન પામીને (તદ્ભવ) આવે છે. સંસ્કૃત ભાષાના અસંખ્ય શબ્દો ગુજરાતીમાં મૂળરૂપમાં પણ વપરાય છે તેમજ તેમનાં પરિવર્તન પામેલાં રૂપો પણ વપરાય છે.**

સંસ્કૃત શબ્દો :

| **તત્સમ** | **તદ્ભવ** |
|---|---|
| ધર્મ | ધરમ |
| સૂર્ય | સૂરજ |
| હસ્ત | હાથ |
| કર્મ | કરમ |
| વર્ષ | વરસ |

3. **ચિંતનાત્મક પંક્તિઓમાં રજૂ થયેલા વિચારને કે બોધભાવને પકડી એને વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવે તેને વિચારવિસ્તારની પ્રવૃત્તિ કહેવાય. 'વિચારવિસ્તાર' કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો વિશે જાણીએ.**

- વાંચવું અને વિચારવું એ વિચારવિસ્તારની પાયાની બાબત છે. સૌ પ્રથમ આપેલી પંક્તિઓને ધ્યાનપૂર્વક વાંચો. એમાં ક્યાંય વિરામચિહ્નો હોય તો એ પ્રમાણે ત્યાં અટકીને વાંચો.
- શબ્દોના અર્થ સમજવાનો પ્રયત્ન કરતા જઈ પંક્તિ-પંક્તિઓના મુખ્ય વિચારને તારવવો એ વિચારવિસ્તારની અગત્યની બાબત છે.
- પંક્તિ કે પંક્તિઓમાંથી સાદો અર્થ સમજાય પછી એમાંથી પ્રગટતા અન્ય અર્થો - સૂચિતાર્થો કે ગૂઢાર્થોને સમજવાનો પ્રયત્ન કરી અને એમાં કેવો બોધ છે તે તારવો.
- પંક્તિના મુખ્ય વિચારને સમજાવવા એને અનુરૂપ અન્ય એવી પંક્તિઓ, દૃષ્ટાંતો, રૂઢિપ્રયોગો કે કહેવતો વગેરે શોધો.
- સામાન્ય રીતે વિચારવિસ્તાર કે અર્થવિસ્તારના લેખનને આપણે ત્રણ ફકરામાં લખવું જોઈએ. પ્રથમ ફકરામાં એના મુખ્ય વિચારની, બીજા ફકરામાં એ પંક્તિઓની વીગતો દૃષ્ટાંતો સાથે વર્ણવવી. છેલ્લા અને ત્રીજા ફકરામાં ફરીથી સારરૂપ વીગતો સાથે પોતાનું મંતવ્ય રજૂ કરવું જોઈએ.
- છેલ્લે તૈયાર કરેલા લેખનને એકવાર ફરીથી વાંચી લેવું જોઈએ ને એમાં કાંઈ ભાષાકીય ભૂલો રહી ગઈ હોય તો તે સુધારી લેવી જોઈએ.

## ● અભ્યાસ

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

1. જગમોહનદાસના કુટુંબમાં કુલ કેટલા સભ્યો હતા ? કયા-કયા ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

2. જગમોહનદાસ શાનો વેપાર કરતા હતા ? એકવાર એમને માથે કેવું સંકટ આવી પડ્યું ?
3. લેખિકાના પ્રશ્નનો જગમોહનદાસે શો જવાબ આપ્યો ?
4. જગમોહનદાસે લેખિકાની હાજરીમાં નિઃશ્વાસ કેમ નાખ્યો ? તેમને કઈ વાત મનોમન ખૂંચતી હતી ?
5. સુમોહનને કઈ વાત કઠતી હતી ? તેણે લેખિકાને શું કહ્યું ?
6. ઉત્પલાભાભી સુખની શી વ્યાખ્યા આપે છે?
7. પોતાને મળેલી ગુણિયલ વહુને પાર્વતીબહેન કોના પુણ્યનું બળ ગણાવે છે ?
8. લેખિકા જેને કર્તવ્યભાવના કહે છે એ પ્રીતિને મન શું છે ? શા માટે ?

## ● સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

1. વિપત્તિ જ્યારે આવે છે ત્યારે એકલી નથી આવતી, સાથે એના લાવલશ્કરને લાવે છે તેવું લેખિકા કોના સંદર્ભે કહે છે ? શા માટે ?
2. આ પ્રસંગકથાનાં પાત્રોની વિશેષતા તમારા શબ્દોમાં લખો.
3. પોતાના પરિવાર પાસે સંસ્કારની શ્રીમંતાઈ છે એવું પ્રીતિ માને છે. તમે એમાં સમ્મત છો ? કેવી રીતે ?
4. આ પ્રસંગકથાનું દરેક પાત્ર અન્યના સુખનો જ વિચાર કરે છે, તમે આવી કોઈ ઘટના કે પ્રસંગના સાક્ષી બન્યા હોવ તો તે વિશે તમારા શબ્દોમાં લખો.

### 2. પાઠને આધારે નીચેનાં વિધાનો સમજાવો.

1. ''મોટર નથી એટલે હવે ચાલવાની કસરત મળે છે, તે ઊલટું સારું રહે છે.'' – જગમોહનદાસના આ વિધાનને આધારે તેમનો જીવનવાદી અભિગમ સ્પષ્ટ કરો.
2. ''ભગવાને સંપત્તિ લઈ લઈને તો ઊલટાની વધુ મોટી આશિષ આપી છે'' – વાક્ય કોણ બોલે છે ? વાક્યમાંથી કેવો સૂર પ્રગટે છે ?

## ● પ્રવૃત્તિ

- કુન્દનિકા કાપડિયાનું પુસ્તક 'પરમ સમીપે' મેળવીને વાંચો.
- હકારાત્મક અભિગમ ધરાવતા પ્રસંગોની યાદી તૈયાર કરીને વર્ગ સમક્ષ વાંચો.
- આ કુટુંબકથાને સંવાદ સ્વરૂપે વર્ગખંડમાં રજૂ કરો.

●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 18. દુહા-મુક્તક-હાઈકુ

**1. અજ્ઞાત લોકકવિ**

આપણે લોકસાહિત્યનો અગાઉ પરિચય મેળવ્યો છે. લોકસાહિત્યની પરાંપરામાં પ્રચલિત બે દુહાઓ આપ્યા છે.

આ દુહાઓમાં નીતિબોધ આપવામાં આવ્યો છે. દુઃખમાં વ્યાકુળ થવાથી દુઃખ દૂર થતું નથી, ઉદ્યમ અને પ્રયત્ન કરવાથી દૂર થાય છે. ઉપકાર કરનાર ઉપર ઉપકાર કરીએ એ તો વહેવાર ગણાય; ખરી ક્ષત્રિયવટ તો અપકાર કરનાર ઉપર પણ ઉપકાર કરવામાં આવે તેમાં છે.

**2. ગીતાબહેન પરીખ**

કવયિત્રી ગીતાબહેન સૂર્યકાંત પરીખ (જન્મ : ઈ. 1929, અવસાન : ઈ. 2012)ના 'પૂર્વી' અને 'ભીનાશ' નામના કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. એમનાં મુક્તકોમાં ચોટ અને ચમત્કૃતિ જોવા મળે છે.

મુક્તકમાં બે કે ચાર લીટીમાં કોઈ વિચારનું સઘન અને રસાત્મક નિરુપણ થયેલું હોય છે, 'રસ' નામના એક પંક્તિના મુક્તકમાં કવયિત્રીએ દૃષ્ટાંતથી રસસભરતા અને શુષ્કતા વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો છે. જેવી રીતે સૂકાં પાંદડાં અવાજ કરે છે અને લીલાં પાંદડાં શાંત રહે છે તેવી જ રીતે કામગરા માણસો મૌન રહે છે જ્યારે આળસુ માણસો વ્યર્થ બબડાટ કરતા હોય છે.

**3. 'સ્નેહરશ્મિ'**

'સ્નેહરશ્મિ' ઉપનામથી જાણીતા કવિ ઝીણાભાઈ રતનજી દેસાઈ (જન્મ : ઈ. 1903, અવસાન : ઈ. 1993) ચીખલી (જિલ્લો વલસાડ) ગામના વતની હતા. ઘણાં વર્ષો સુધી અમદાવાદમાં આવેલી ચી. ન. વિદ્યાવિહારના આચાર્ય તરીકે એમણે કાર્ય કર્યું હતું. 'અર્ધ્ય' અને 'પનઘટ' જેવા કાવ્યસંગ્રહો ઉપરાંત એમણે જાપાની કાવ્યપ્રકાર હાઈકુનો સંગ્રહ 'સોનેરી ચાંદ, રૂપેરી સૂરજ' આપેલ છે. એમનાં લયમધુર ગીતો અને કોમળ ભાવસ્પર્શી હાઈકુ વિશેષ જાણીતાં છે. કાવ્યો ઉપરાંત એમણે ટૂંકી વાર્તાઓ, નવલકથા અને આત્મકથા પણ લખ્યાં છે.

પહેલા હાઈકુમાં વૃક્ષની સૂકી ડાળ ઉપર પોપટના બેસવાથી જાણે વૃક્ષને લીલાં પાન ફૂટ્યાં એવો કલ્પન-ભાવ રજૂ થયો છે. બીજા હાઈકુમાં પણ એક રમ્ય કલ્પન-ભાવ રજૂ થયો છે. અંધારું બધી વસ્તુઓને કાળાશથી રંગી દે છે, માત્ર દીપ જ રંગાતો નથી.

## દુહા

વિપત પડે ના વલખિયે, વલખે વિપત ન જાય;
વિપતે ઉદ્યમ કીજિયે, ઉદ્યમ વિપતને ખાય.

*

ગુણની ઉપર ગુણ કરે, એ તો વેવારાં વટ્ટ;
અવગુણ ઉપર ગુણ કરે, ખરી ખત્રિયાં વટ્ટ.

(લોકસાહિત્ય)



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### મુક્તક

સૂકાં પર્ણો વન ગજવતાં,
શાંત લીલાં સદાયે.

(‘પૂર્વી’માંથી)

*

### હાઈકુ

સૂકેલી ડાળે
પોપટ બેઠો; પાન
ચોગમ લીલાં.

*

ફરતી પીંછી
અંધકારની : દીપ
નહીં રંગાય.

(‘સોનેરી ચાંદ, રૂપેરી સૂરજ’માંથી)

## ● ટિપ્પણ

**વિપત** દુ:ખ, આફત, મુશ્કેલી **વલખવું** દુ:ખી થઈ જવું **ઉદ્યમ** યત્ન, મહેનત **ગુણ** સદ્ગુણ, સારાં લક્ષણ **વેવારાં વટ્ટ** વહેવારની રીત **ચોગમ** ચારેય દિશામાં, ચોમેર **ખત્રિયાં** ક્ષત્રિયોની, ઉમદાજનોની

## ● ભાષાસજ્જતા

### દુહો

દુહાને મુક્તકનો એક પ્રકાર કહી શકાય. ખાસ કરીને સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં જોમદાર અને માર્મિક દુહાઓ લોકો દ્વારા રચાયેલા જોવા મળે છે.

દુહાનાં કુલ ચાર ચરણ હોય છે અને એનું સ્વરૂપ ગેય હોય છે. નાજુક ભાવ, ચિત્ર, વિચાર કે બોધ દુહામાં એવી રીતે રજૂ થાય છે કે તેની અસર ચોટદાર હોય છે. દુહાની રચનામાં લાઘવ, રસપ્રચુરતા, ચિત્રશક્તિ અને જોમ વગેરે રહેલાં હોય છે.

દુહાને પ્રેમ અને શૌર્યના વિષય વધુ અનુકૂળ છે. લોકસાહિત્યમાં મુખ્યત્વે એવા દુહા જ વધુ પ્રચલિત થયા છે. રામનારાયણ પાઠક, પૂજાલાલ, ‘ઉશનસ્’ જેવા આધુનિક કવિઓએ પણ જીવનના મર્મને પ્રગટ કરતા દુહા લખ્યા છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## મુક્તક

મુક્તક એ ટૂંકો, ચાર પદ અને બે લીટી ધરાવતો ચુસ્ત કાવ્યપ્રકાર છે. છેક જૂના સમયથી તે ઘણો જ પ્રખ્યાત રહ્યો છે અને આજપર્યન્ત વિકસતો રહ્યો છે. અનેક કવિઓએ આ પ્રકારને અજમાવ્યો છે.

સંસ્કૃતનાં સુભાષિતો આવાં મુક્તકો જ છે. એમાં જીવનનું સારરૂપ ડહાપણ થોડા શબ્દોમાં ગૂંથાયું હોય છે.

મધ્યકાલીન ગુજરાતીના વચ્છરાજ, શામળ, ભીમ અને અખા જેવા કવિઓની છપ્પા અને ચોપાઈની રચનાઓ પણ મુક્તકનું રૂપ પ્રગટ કરે છે. આ પ્રકારનાં દુહારૂપ મુક્તકો આપણા લોકસાહિત્યમાં પણ ખૂબ પ્રચલિત છે.

મુક્તક એટલે મુક્ત - સ્વતંત્ર કાવ્યરૂપ. મોતી જેમ નાનું હોય છે અને માળામાં રહેવા સર્જાયું હોય છે. તે એકલું પણ ભારે તેજસ્વી હોય છે.

### લક્ષણો

- મુક્તક સંક્ષિપ્ત હોય છે, એટલે કે ગાગરમાં સાગર સમાવવા જેવું કામ કરે છે.
- એમાં દૃષ્ટાંત, બોધ, નીતિ, શૃંગાર, પ્રેમ, ચિંતન, પ્રકૃતિ વગેરે વર્ણ્ય વિષય તરીકે આવે છે.
- મુક્તકની ભાષા સરળ, પ્રાસયુક્ત અને ચોટદાર હોય છે.

## હાઈકુ

પદ, નાટક, ખંડકાવ્ય - એ જેમ આપણા પોતાનાં સાહિત્યનાં સ્વરૂપો છે, તેમ સૉનેટ અને હાઈકુ જેવાં સ્વરૂપો આપણે પરદેશી સાહિત્યમાંથી સ્વીકાર્યાં છે. સૉનેટનો ઉદ્ભવ જેમ ઇટલીમાં થયો તેમ હાઇકુનો કાવ્યપ્રકાર જાપાનમાં થયો. ઈ.સ. 1960ની આસપાસ ઝીણાભાઇ દેસાઈ - સ્નેહરશ્મિએ ગુજરાતીમાં હાઈકુ મોટા પ્રમાણમાં લખ્યાં. પરિણામે બીજા ઘણા કવિઓ તેના તરફ આકર્ષાયા અને પરિણામે હાઈકુ ગુજરાતી કાવ્યપ્રકાર જેવું બની ગયું.

17 અક્ષરની કાવ્યકૃતિ એટલે હાઈકુ. જેમાં 5-7-5 એવું પંક્તિદીઠ તેનું અક્ષર વિભાજન થાય છે.

હાઈકુ સાદી, સંક્ષિપ્ત અને ચિત્રાત્મક કાવ્યકૃતિ છે. હાઈકુની સૌથી નોંધપાત્ર બાબત એની ચિત્રાત્મકતા છે આ લઘુરચનાનો પ્રત્યેક શબ્દ એક-એક સૌંદર્યચિત્ર ઊપસાવતો જાય છે અને તેમાંથી એક અપૂર્વ અનુભવ જન્મે છે. તેમાં જ તેની સાર્થકતા છે. એમ કહેવાય છે કે હાઈકુ જ બોલે છે, કવિ બોલતો નથી.

### ● અભ્યાસ

**1. નીચેના દુહાનો મુખ્ય વિચાર કહો.**

1. વિપત પડે ના .......................... વિપતને ખાય.
2. ગુણની ઉપર .......................... ખત્રિયાં વટ્ટ.

**2.** ‘ફરતી પીંછી’ હાઈકુનો મુખ્ય વિચાર કહો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### 3. વિચારવિસ્તાર કરો :

ઊગે કમળ પંકમાં, તદપિ દેવ શિરે ચડે;
નહિ કુળથી કિંતુ, મૂલ મૂલવાય ગુણો વડે.

## ● સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

1. દુઃખ આવી પડે ત્યારે કેવું વલણ અપનાવવું જોઈએ ?
2. વ્યવહારની રીત અને ક્ષત્રિયવટ વચ્ચે શો ભેદ છે ?
3. લીલાં અને સૂકાં પાનના દૃષ્ટાંતથી કવયિત્રી કયો ભાવ પ્રગટ કરે છે ?
4. કોઈ એક હાઈકુનો ભાવાર્થ સ્પષ્ટ કરો.
5. તમારા વિસ્તારમાં ગવાતા દુહા મેળવીને લખો.

## ● પ્રવૃત્તિ

- દુહા, મુક્તક, હાઈકુ વગેરે સ્થાનિક પુસ્તકાલયમાંથી શોધીને અંક બનાવો.
- હાઈકુના બંધારણ મુજબ તમે જાતે હાઈકુનું સર્જન કરો.
- શાળામાં આવતાં 'સામયિકો'નાં નામોની યાદી, તેના તંત્રી, લવાજમ તથા પ્રકાશન સંસ્થા-સ્થળ વિશે જાણકારી મેળવો.


●



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 19. સાંઢ નાથ્યો



**ઈશ્વર પેટલીકર**

**જન્મ : 1916, અવસાન : 1983**

ઈશ્વર પેટલીકરનું મૂળ નામ ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ હતું. તેઓ ખેડા જિલ્લાના પેટલી ગામના વતની હતા. તેઓ આપણા અર્વાચીન ગુજરાતી સાહિત્યના જીવનધર્મી લેખક છે. તેમણે વાર્તા અને નવલકથા જેવાં ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે. 'જનમટીપ', 'ભવસાગર', 'મારી હૈયાસગડી' એમની નવલકથાઓ છે. 'લોહીની સગાઈ' તેમની જાણીતી વાર્તા છે.

'જનમટીપ' નામની નવલકથામાંથી આ પ્રકરણ લેવામાં આવ્યું છે. માતેલા સાંઢને નાથવાની જ્યારે કોઈ પુરુષની હિંમત ચાલતી નથી, ત્યારે યુવાન ચંદા એ બીડું ઝડપે છે. પોતાની બુદ્ધિચતુરાઈ અને સ્વસ્થતાથી એ સાંઢને આખરે નાથે છે, એમાં સ્ત્રીશક્તિનો મહિમા થયેલો જોઈ શકાય છે. સ્ત્રી-સબળાનું ઉત્તમ ઉદાહરણ ચંદા પૂરું પાડે છે.

ચંદા એ રયજીનાં સંતાનોમાં છેલ્લી હતી. છતાં રયજીની જુવાનીનો જુસ્સો ને જોમ એનામાં ઊતર્યાં હતાં. નાનપણનાં તોફાન જુવાની ફૂટતાં કરમાયાં નહિ પણ નવીનવી કૂંપળો નીકળતી ચાલી. ભમ્મર ચઢાવેલો ગુમાની ચહેરો, અભિમાની ફૂલેલું નાક, રુઆબમાં પીસેલા હોઠ, અકડાટમાં ઊંચી રહેલી ડોક, હાથ વીંઝતા ખડકની પેઠે અણનમ રહેતા ખભા, ફલંગો ભરી ચાલતાં 'છટાક - છટાક' થતો તેનો ઘાઘરો-ને એ સર્વમાં રાતા રંગની ઓઢણીમાં શોભતો એનો ઘઉંવર્ણો દેહ, દરેકના હૃદયસોંસરવો નીકળી જતો.

ચંદાને પરણવાના કોડ નાતના જવાનિયામાં ઘણાઘણાને હતા. પણ એક વિચિત્ર અને માન્યામાં ન આવે તેવો પ્રસંગ બની ગયો. ત્યારથી ચંદાનો લંબાવેલો હાથ કોઈ પકડવાની હામ જ ભીડતું નહિ.

એક તોફાની, મદમસ્ત સાંઢ રખડતો-રખડતો ગામમાં આવી પહોંચ્યો. એને જોઈને સીમાડામાં જતાં ઢોર પાછાં ફરતાં નહિ, પણ જીવ લઈને નાસતાં. સીમમાં જતાં લોકો પણ એ રસ્તે ન જતાં. અડફેટે જતાં સાંઢનો કેર વધતો ગયો. સીમનો પાક ભેલાડે, પણ કોઈનાથી ચૂં કે ચાં ન થાય.

આનો ઉપાય કરવા એક વખત લોકો ભેગા થયા. એકે કહ્યું : 'એક વખતે જો પગે ડહકલો નાખીએ તો પછી આપણે છીએ ને એ છે.'

બીજો : 'ત્યારે તો બકરી બની જાય.'

ત્રીજો : 'અત્યારે તીર નથી અડતાં પણ પછી તો કોઢીના ઘા પડશે ત્યારે ખબર પડશે.'

ખૂણામાં બેઠેલો એક જણ આનંદમાં આવી ગયો : 'સરસ ઉજાણી થાય.'

બીજા એક-બેએ ટેકો આપ્યો : 'આટલું દુઃખ ભોગવ્યા પછી ઓછા આપણે છોડવાના છીએ ?'


એ વાતને વધતી અટકાવી, અત્યાર સુધી કંઈ બોલ્યા વિના સાંભળતા એકે કહ્યું : 'પણ ડહકલો નાખવા કોણ જશે ?'

બધાં એકબીજા સામે તાકી રહ્યાં.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com



દૂર રહી વાત સાંભળતી ચંદા નિશાળમાં ભણતી ત્યારે તેને માસ્તરે કહેલી વાત સાંભરી આવી. તે બોલી : 'તમારા જેવા ઉંદરો એક વખત ભેગા થયા હતા, બિલાડીના દુ:ખનો ઉપાય કરવા. એક ડાહ્યા ઉંદરે રસ્તો કાઢ્યો કે બિલાડીના કોટે ઘંટ બાંધ્યો હોય તો તે આવી પહોંચે એની ખબર પડે અને બધા દરમાં સંતાઈ જાય. એ વાત વધાવી લેતાં બધા ઉંદરો એકસાથે બોલી ઊઠ્યા : 'હા હા, એ સારો ઘાટ છે ! પણ બિલાડીને ઘંટ બાંધવા કોણ જાય ?' તેમ આ સાંઢને અહીં ડહકલો નાખવાય કોણ જાય ? એ પૂંછડાવાળા ઉંદર, ને તમે વગર પૂંછડાના !' કટાક્ષ કરી ચંદાએ બધાની હાંસી કરતું હાસ્ય કર્યું.

'મરવું હોય તે જાય.' એકે શરમાતાં-શરમાતાં કહ્યું.

'જાનવરની જાત, એનો શો ભરોસો ?' બીજો બોલ્યો.

'મને તમારી દયા આવે છે. નહિ તો હું હમણાં ડહકલો નાખી દઉં.' ચંદા છેવટે બોલી.

'અમારી દયા ?' બધાં એકસામટાં બોલી ઊઠ્યાં.

'તમારી નહિ પણ તમારી આ મૂછોની !' મૂછો તરફ આંગળી કરી એ બોલી : 'ને એક વખત મૂછો મૂંડાવવાનું કહેતા હો તો મારે એ કામ કરી આપવું.'

એની શરત સાંભળી બધા વિચારમાં પડ્યા ને કંઈક વિચાર કર્યો હોય તેમ સર્વેએ કબૂલ કર્યું.

'કબૂલ ?' ચંદાએ ખાતરી માટે સામે પ્રશ્ન કર્યો.

'કબૂલ ! કબૂલ !'

'ત્યારે જોવું હોય તો ઊગતા સૂરજે આવજો, સાંઢ હોય ત્યાં.' આમ બોલી ચંદા એની હંમેશની છટાથી પાણીના રેલાની માફક ચાલી ગઈ, ને પાણી જતાં ભીનાશ રહે તેમ ધૂળમાં પડેલાં એનાં પગલાં રહ્યાં.

રયજીએ આ વાત જાણી ત્યારે એણે ચંદાને ઘણી સમજાવી પણ, એકની બે થાય એ ચંદા શાની ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

'બાપા ! જીવથી જઈશ તોય ઓછો તમારો વંશ જવાનો છે ?' એ છેલ્લું વાક્ય બોલી તેણે પિતા સાથે દલીલ ન કરી, ન તો પોતાનો વિચાર ફેરવ્યો.

સૂર્યનારાયણે ઊંઘ ખંખેરી આંખ ઉઘાડી અને ખોલેલી આંખમાંથી તેજના પુંજ પૂર્વમાં છંટાયા ત્યારે, નવો ચણિયો, ઓઢણી ને કાપડું પહેરી હાથમાં ડહકલો લઈ ચંદા વચન પાળવા નીકળી પડી હતી. એનું પરાક્રમ નીરખવા સૂર્ય ઉતાવળે ઊંચે ચઢી રહ્યો હતો સારુંય ગામ કુતૂહલવૃત્તિથી જોવા ઊમટ્યું હતું. નિરાશ થયેલો રયજી છેવટે પુત્રીના રક્ષણ માટે ભાલોડા લઈ નીકળ્યો.

પોતાને અજિત માનતો આખલો રેલવેના રસ્તા આગળ આખી રાત હરાયો માલ ચરી લાંબા પગ કરી પડ્યો હતો. ગુમાન તો બંનેને હતું. આખલાને એના બળનું અને ચંદાને એની જુવાનીનું. ચંદાએ આખલાને દૂરથી જોયો, પણ એની ગતિમાં કંઈ મંદતા ન આવી. પ્રેક્ષક તરીકે લોકો દૂરથી જોતા હતા. ને ગુમાનની સાથે એનો જીવ ન જાય માટે કેટલાકના હાથમાં કામઠાં ઉપર તીર, પલાણેલા અશ્વની માફક તૈયાર હતાં. ચંદાએ ખેંચતાં ફાવે તેમ છરો કમરમાં ખોસ્યો હતો. હાથમાં ડહકલો સોટી પેઠે ઝુલાવતી તે નજીક જતી હતી.

બળના અભિમાનમાં મસ્ત વૃષભરાજ દૃષ્ટિ ઊંચી કરી ચંદાને આવતી જોઈ રહ્યો. પુરુષને આંજતી અણિયાળી આંખે એય અંજાયો હોય તેમ પડ્યો-પડ્યો તાકી રહ્યો હતો. ચંદાએ તેની આંખમાં આંખ પરોવી ત્રાટક રચ્યું. દૂરથી જ મનુષ્ય કે પશુને જોઈ પાછળ પડતો આખલો હજી ઊંચી ડોક કરી એના ભણી તાકી રહ્યો હતો. એને સ્ત્રી ક્ષુલ્લક લાગતી હતી કે એના સૌંદર્યથી અંજાઈ ગયો હતો ? ગમે તેમ પણ આજે એની પ્રકૃતિમાં પરિવર્તન થયું હતું.

એક રાશવા છેટું રહ્યું ને ત્વરિત પગલાં ઉપાડતી ચંદાના પગ થંભી ગયા, બ્રેક વાગતાં મોટર થમે તેમ. દૂરદૂરથી જોતા લોકોના ટોળામાં ગણગણાટ થઈ રહ્યો.

'આખરે બી ગઈ !'

'એ તો મોંએ બોલે એટલું જ. બધા હતા એટલે ગુમાનમાં ને ગુમાનમાં ત્યાં સુધી ગઈ !'

'એની વિકરાળ આંખ જોઈ ભલભલાના હાંજા ગગડી જાય તો એનું શું ગજું ?'

રયજીનો જીવ પડીકે બંધાયો હતો. જેમ અર્જુન લક્ષ્યપક્ષીનું માથું જ દેખતો હતો તેમ એની નજર ચંદા અને અને આખલા સિવાય કશું જ દેખતી ન હતી,

ચંદા ઊભી હતી પણ છટા એની એ જ. યમરાજા મરણપથારી ઉપર સૂતેલા પ્રાણીનો આત્મા આંખમાંથી ખેંચે તેમ ત્રાટક રચી પોતાની દૃષ્ટિની દોરી બનાવી પડેલા આખલાના નેત્રમાંથી તે તેની શક્તિ ખેંચતા હતા. તેનું સૌંદર્ય પીતો હોય તેમ આખલો સર્વ અવયવોનું ચેતન નેત્રમાં લાવી તાકી રહ્યો હતો.

સંપૂર્ણ શક્તિ ખેંચાઈ રહી માની ચંદાએ આગળ ડગ દીધું. સ્પર્શ વાંછતો આખલો દયામણે ચહેરે તાકી રહ્યો. એક....બે...ને ત્રીજે ડગલે એ તેની પાસે પહોંચી ગઈ, ને નીચી નમી તેના ઉપર હાથ ફેરવવા લાગી.

'આ છલંગ મારી... હમણાં ઊઠ્યો.' એમ માનતા દરેકનાં હૈયાં ઘડીભર થંભી ગયાં. અશક્ય માનેલા દૃશ્યને શક્ય જોતાં આંખ ઉપર હાથ ફેરવી જોયો, ને આંખનું સદાય રક્ષણ કરતી પાંપણો હાલી ઊઠી.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ચંદા નીચે બેઠી-પાળેલા પશુ આગળ માલિક બેસે તેમ, અને એટલી જ હિંમતથી તેના કપાળમાં, આંખ ઉપર હાથ ફેરવી તેની સાથે ગેલ કરવા લાગી. એ કુમળા હાથનો સ્પર્શ સતત ચાલુ રાખવા ઊંચી ડોક જમીન ઉપર નાખી તે નિરાંતે સૂતો. ચંદાનો રહ્યો-સહ્યો ભય જતો રહ્યો. તેણે માથે, પગે, હાથ ફેરવતાં ચારેય પગ વારાફરતી ઊંચા કરી જોયા.

'આટલો ગરીબ !' ચંદાને દયા આવી, પણ વધતો વિજય ઊગતી દયાને ગળી ગયો. ધીમે રહી તેણે વારાફરતી બંને પગે ડહકલાનો ગાળો ભેરવી દીધો.

પંપાળતા હસ્તનો સ્પર્શ બંધ થતાં આખલાએ આંખ ઊંચકી, ચંદા ઊભી થઈ હતી. જાણે ઋષિના તપનો ભંગ કરાવી સ્વર્ગમાંથી ઊતરેલી અપ્સરા જવા તૈયાર ન હોય ! આખલા તરફ દૃષ્ટિ રાખી એ પાછા પગલે ધીમેધીમે ખસવા લાગી.

દૂર જતી ચંદાને નીરખવા આખલો ઊંચો થવા ગયો, ત્યારે એણે પગનાં બંધન અનુભવ્યાં ! પણ બંધનમાં પડ્યા પછીનું વીરત્વ શા કામનું ! પાંજરામાં સિંહ તાડૂકે તેમ એ બરાડ્યો, ઉધામા મારી એ બેઠો થયો, પણ દોડવા જતાં એના પગ સામસામા ખેંચાયા એટલે એણે બીજો બરાડો નાખ્યો. અર્ધે આવેલી ચંદાએ તેના તરફ દૃષ્ટિ કરી વિજયી હાસ્ય કર્યું. છેતરાયેલો વૃષભરાજ શરમનો માર્યો નીચું જોઈ રહ્યો.

લોકોની નજીક આવતાં ચંદાએ સત્તાવાહી સ્વરે હુકમ કર્યો : 'કોઈએ એને મારવાનો નથી.' તેનો હુકમ માથે ચઢાવ્યો હોય તેમ મૌન છવાઈ રહ્યું.

'બેટા ! પુરુષથી ન થાય તે કામ આજ તેં કર્યું.' રયજી પુત્રીને ભેટી પડતાં બોલ્યો.

'બાપા ! આ શું બોલો છો ? પુરુષથી ન બને એ કેમ મનાય ?'

'આ નજરે જોયું એ ખોટું ? આટલા પુરુષોમાંથી કોઈની હિંમત ન ચાલી.' રયજીએ ચારે બાજુ ઊભેલા પુરુષ સમુદાય તરફ નજર કરતાં કહ્યું.

'તમે પુરુષ દેખતા હો તો - હું તો કોઈને પુરુષ દેખતી નથી.' એનો કટાક્ષ સાંભળી દરેકને ભોંયમાં પેસી જવાનું મન થયું.

પણ આ કટાક્ષ ફરીથી એણે કોઈ વખત ઉચ્ચાર્યો નહિ. ફરતાં ગામડાંમાં એ વાત જોતજોતામાં પ્રસરી ગઈ, ને તેમની નાતમાં તો એ રામાયણ-મહાભારતની કથા થઈ પડી.

('જનમટીપ'માંથી)

## • ટિપ્પણ

**ફલંગ** ફાળ, કૂદકો **ભેલાડવું** બગાડવું (ખાસ કરીને ખેતરમાં ભેલાણ કરવું) **ડહકલો** તોફાની ઢોરને ગળે બંધાતું લાકડું **કોઢી** કુહાડી **કોટે** ગળે **દલીલ** વિવાદના મુદ્દાની રજૂઆત **ભાલોડાં** તીર કે તેનું પાનું, એક હથિયાર **હરાયો** નધણિયાતો **ત્રાટક** તાકીને એક જ સ્થાને જોઈ ચિત્ત એકાગ્ર કરવાની યોગની ક્રિયા. **ક્ષુલ્લક** તુચ્છ, નજીવું **રાશવા** ગાડાના બળદના દોરડાના માપના અંતરે **વાંછવું** ઈચ્છવું.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ● રૂઢિપ્રયોગ

**જીવ લઈને નાસવું** - જીવ બચાવવા ઘણી જ ઉતાવળે દોડવું

**ચૂં કે ચાં ન થવું** - કંઈ પણ ન બોલવું, સાવ ચૂપ થઈ જવું

**એકના બે ના થવું** - પોતાની વાતમાં મક્કમ રહેવું

**હાંજા ગગડી જવા** - બીકથી થથરી જવું

**ગજું ન હોવું** - શક્તિ બહારની વાત હોવી

**જીવ પડીકે બંધાવો** - ભારે ચિંતા થવી, ચટપટી થવી

**ભોંયમાં પેસી જવાનું મન થવું** - ખૂબ શરમાવું, લાજવું

## ● ભાષાસજ્જતા

નીચેના શબ્દો વાંચો :

છી, ફી, લૂ, ભૂ, ઘી, જી, જૂ

ઉપરના શબ્દો માત્ર એક જ અક્ષરના બનેલા સાર્થક શબ્દો છે. આપણે વ્યવહારમાં એ શબ્દો વાપરીએ છીએ. તમે બીજી એક બાબત નોંધી ? છી, ફી, ઘી અને જીમાં વપરાયેલી 'ઈ' દીર્ઘ છે. એવી જ રીતે લૂ, ભૂ અને જૂમાં વપરાયેલ 'ઊ' પણ દીર્ઘ છે.

જોડણી એ ભાષાનું એક મહત્ત્વનું અંગ છે. જોડણીના કેટલાક નિયમો છે. પરંતુ માત્ર નિયમો ગોખવાથી જોડણી શીખી શકાતી નથી. જોડણી અંગે મહાવરો અને સભાનતા કેળવવાથી જોડણી સારી રીતે શીખી શકાય છે.

- એક અક્ષરવાળા શબ્દોમાં આવતા ઈ કે ઊ મોટે ભાગે દીર્ઘ હોય છે.

  આવો જ બીજો એક સાદો નિયમ જોઈએ. તે માટે નીચેના શબ્દોને ધ્યાનપૂર્વક વાંચો :

  ગીધ, વીર, છીણ, ફીણ, મીણ, હીન, ઊન, ઊંઘ, કૂવો, પૂળો, ભૂખ, દૂધ

- ઉપરના સઘળા શબ્દો બે અક્ષરવાળા છે. એ ઉપરાંત દરેક શબ્દના પ્રથમ અક્ષરમાં મૂકવામાં આવેલ 'ઊ' કે 'ઈ' દીર્ઘ છે. અહીં જોડણીનો બીજો નિયમ તારવી શકીએ કે, બે અક્ષરના શબ્દમાં આવતા પ્રથમ ઈ કે ઉ દીર્ઘ લખાય છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ● અભ્યાસ

**1 નીચે આપેલ પ્રશ્નો વિશે વિચારો.**

1. તમારા ગામમાં આવો સાંઢ હોય તો તેને નાથવા તમે શું કરો ?
2. ઘરમાં તમે એકલા સૂતા છો અને એક ચોર ઘરમાં ઘૂસી આવે તો તમે શું કરશો ?

## ● સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

1. ગામમાં શી આફત આવી પડી ?
2. ચંદાએ ગામના લોકોને વગર પૂંછડાના ઉંદર કેમ કહ્યા ?
3. રયજી કેમ નિરાશ થયો ?
4. આખલાએ શા માટે ચંદા પર હુમલો ન કર્યો ?
5. ‘વધતો વિજય ઊગતી દયાને ગળી ગયો.’ આપેલ વિધાન પાઠને આધારે સમજાવો.

**2. નીચેનાં જોડકાં જોડો :**

| (અ) | (બ) |
|---|---|
| 1. ટોળે વળેલા લોકો | 1. પલાણેલો અશ્વ |
| 2. ચંદાની ચાલવાની છટા | 2. અર્જુનને દેખાતું લક્ષ્યપક્ષીનું માથું |
| 3. આખલા પાસે ચંદાનું બેસવું | 3. પાણી જતાં રહેલી ભીનાશ |
| 4. રયજીને દેખાતા ચંદા અને આખલો | 4. પાળેલા પશુ આગળ માલિકનું બેસવું |
| 5. ચંદાનાં પગલાં | 5. પાણીનો રેલો |
| 6. આખલા પાસેથી ચંદાનું ઊભા થવું | 6. વગર પૂંછડાના ઉંદરો |
| 7. હાથમાં કામઠા ઉપર ચડાવેલું તીર | 7. ઋષિના તપનો ભંગ કરાવી જતી અપ્સરા |

**3. નીચેના ત્રણેય રૂઢિપ્રયોગોનો ઉપયોગ થતો હોય તેવું એક વાક્ય બનાવો :**

1. હાંજા ગગડી જવા
2. જીવ પડીકે બંધાવો
3. ચૂં કે ચાં ન થવું

**4. ભાષાસજ્જતામાં આપેલ નિયમો ધ્યાનમાં રાખી એક અક્ષરવાળા અને બે અક્ષરવાળા શબ્દોની યાદી બનાવો.**



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

**5. નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે કહો :**

1. 'ત્યારે તો બકરી બની જાય.'
2. 'પણ ડહકલો નાખવા કોણ જશે ?'
3. 'બેટા ! પુરુષથી ન થાય તે કામ આજ તેં કર્યું.'
4. 'તમે પુરુષ દેખતા હો તો-હું તો કોઈને પુરુષ દેખતી નથી.

**• પ્રવૃત્તિ**

- આ પાઠમાંથી એવા શબ્દો શોધો કે જેના સમાનાર્થી શબ્દો તમે જાણતા હો. નોટબુકમાં તેની નોંધ કરો.
  - કોને કેટલા શબ્દો મળ્યા ?
  - કયા કયા ?
  - કોને સૌથી વધુ શબ્દો મળ્યા ? શા માટે ? - ચર્ચા કરો.
- ઉપરની પ્રવૃત્તિ વિરુદ્ધાર્થી શબ્દો માટે પણ કરો.

  આ પ્રવૃત્તિ દ્વારા શું શીખ્યાં તેની ચર્ચા કરો.
- ઈન્ટરનેટ કે પુસ્તકાલયનો ઉપયોગ કરી મહિલાઓએ કરેલ સાહસની ઘટનાઓ એકત્ર કરી તેને શાળા - પ્રાર્થનાસભામાં રજૂ કરો.
- જુદા જુદા ક્ષેત્રમાં નામનાપ્રાપ્ત સ્ત્રીઓની યાદી તૈયાર કરી તેના વિશે માહિતી મેળવો.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 20. બહેનનો પત્ર



**મણિલાલ હ. પટેલ**

**જન્મ : 7-11-1949**

મણિલાલ હરિદાસ પટેલનો જન્મ પંચમહાલ જિલ્લાના ગોલાના પાલ્લા ગામે થયો છે. તેઓ અધ્યાપક હતા. તેમણે ટૂંકી વાર્તા અને નિબંધક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમને સાહિત્યક્ષેત્રનાં અનેક પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. 'માટીવટો', 'ભૂંસાતાં ગ્રામચિત્રો', હેલી અને 'અંજળ' એમનાં જાણીતાં પુસ્તકો છે.

પ્રસ્તુત એકમમાં પત્રના માધ્યમથી માતૃભાષાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. પ્રકૃતિ, ઉત્સવોનું વર્ણન અને રોજબરોજના આપણા અભિવ્યક્તિ-પ્રત્યાયનના પાસાને માતૃભાષાના યથાર્થ ઉપયોગથી કેવું રસિક બનાવી શકાય તેની સોદાહરણ સમજૂતી પણ અહીં મળે છે. આ એકમમાં માતૃભાષાનું માધુર્ય ખીલી ઊઠ્યું છે.

અનન્યા વિસ્મયકુમાર,<br>
ગામ : ગોલાના પાલ્લા,<br>
પો. મધવાસ, તા. લુણાવાડા,<br>
જિ. પંચમહાલ.<br>
તા. 15-6-2012

પ્રિય ભાઈ અરવ,

તારી બહેન અનન્યાના પ્રણામ

તેં મને યાદ કરી અને વીગતે પત્ર લખ્યો એટલે રાજી થઈ છું. હોળી-ધૂળેટીના દિવસોથી વાતાવરણ બદલાવા માંડે છે, હાસ્તો ! એક તરફ વસંતઋતુનો પાલવ પ્રકૃતિ પર અને વસતિમાં પણ ફરફરવા લાગે છે, બીજી તરફ પરીક્ષાઓની તૈયારી ચાલે. વળી, સીમખેતરમાં શિયાળુ પાક ઘઉં-ચણા વાઢવાની શરૂઆત કરતાં લોકો દેખાય છે તો ચોથી વાત તે તો લગ્નગાળો આવવાનો છે એટલે એની આગોતરી વધામણીઓ અને ખરીદીઓમાં લોકો વ્યસ્ત બની જાય છે. મને આ ઋતુ બહુ ગમે છે, આમ તો વર્ષા અને શરદ મારી મનગમતી મોસમો છે, પણ વસંતના દિવસો ગમે છે, એનાં પણ કારણો છે... તું તો કહેશે કે કોયલ બોલે છે ને આંબે - આંબે કેરીઓ ઝૂલે છે એટલે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

મને વસંત ગમે છે ! પણ એટલું જ નથી, કોયલ તો આખો ઉનાળો બોલી - બોલીને આપણું ધ્યાન વૃક્ષો અને વાતાવરણ તરફ ખેંચતી જ રહે છે, એ મને વહાલી છે પણ એમ તો મને કબૂતર, હોલો, કાગડો, દૈયડ ને દેવચકલીઓ પણ વહાલાં છે. વળી વસંતમાં તો કંસારો ને કલકલિયો, ચાસ અને શોબીગી પણ તરસ્યું - તરસ્યું બોલ્યા કરે છે- એય ગમે. હવામાં સેલ્લારા લઈને ઊડતાં બુલબુલ, પતરંગો, દરજીડો અને સક્કરખોરને પણ હું જોઈ રહું છું. એ તો તનેય ગમે છે, બરાબરને !



તને યાદ છે આપણી ગુજરાતીની ચોપડીમાં આ બધાં પંખીઓ વિશે તથા ઋતુઓ વિશેનાં કાવ્યો આવે છે - આપણે તો એ બધું જોતાં - સાંભળતાં હતાં. દાદાજીએ ઘરવાડામાં ને ખેતર વગડે વૃક્ષો ઊછેરેલાં... ને ગામમાં તો આજેય વૃક્ષો ઠીકઠીક છે. ઋતુઓ ઝાડવે - ઝાડવે દેખાય ને ત્યાં જ તો પંખીઓ ગાય છે ને પીપળ-વડના ટેટા તથા સોનમોરના પાપડા ને બીજાં ફળો પણ ખાય છે. વૃક્ષો તો ધરતીની શોભા છે - એ છે તો રોજનું જીવન ભર્યું-ભર્યું લાગે છે.

તને થશે કે અનન્યા આજે માતૃભાષાનો જાદુ દેખાડવા સારુ આ બધું લખી રહી છે... તે બોલ ને, એમાં ખોટું શું છે - ભઈલા ! વૃક્ષોનાં પાંદડાં તે એમના શબ્દો જ છે... પવનમાં એ કેવું મર્મર - મર્મર બોલે છે - ફૂલો વૃક્ષોની કવિતા જ છે. આજકાલ કેસૂડાંનો કેસરી રંગ સીમવગડામાં મોટેથી બોલતો સંભળાય છે ને શીમળો તો રાતાંગલ ફૂલોથી એવો તો ભરાઈ - ઊભરાઈ ગયો છે કે એમાં જઈને કાગડો બેસે તો એય રાતોચોળ થઈ જાય. હું તો શીમળા નીચે ઊભી રહું છું ને લાલચટ્ટાક ફૂલોથી ભીંજાઈ જાઉં છું. ઘરના માંડવે મધુમાલતી અને કૂંડામાં મોગરા મ્હોર્યાં છે. એની સુગંધોની લહેરો તો છાતીને ને મગજનેય તરબતર કરી દે છે. બારી પાસે બેસીને વાંચું છું ત્યારે સોનચંપાનાં ફૂલો મને તાકી રહે છે... ટગરી પણ ટગરટગર જુવે છે.. ને હજારીગલ તો બોલકાં છે, તો બોલાવે જ ને ! પણ, ભાઈ મારે તો હવે પરીક્ષા આવે છે - વાંચવું જ પડે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

ખાસ તો તને અભિનંદન આપવાના છે ! પૂછ કે કેમ ? અરે ભઈલા ! તેં ગુજરાતી માધ્યમમાં જ ભણવાનું નક્કી કરીને અગિયાર સાયન્સ પ્રવાહમાં પ્રવેશ લીધો તે મને બહુ ગમ્યું. આપણે ત્યાં લોકોને અંગ્રેજીનું ઘેલું લાગ્યું છે. અંગ્રેજીની જરૂર છે પણ માતૃભાષા બરાબર ન આવડે તો બાવાનાં બેય બગડે ! એક નવી કહેવત પ્રસરી રહી છે : 'ઉત્તમ અંગ્રેજી માધ્યમ ગુજરાતી'

હા, ગુજરાતીમાં - માતૃભાષામાં શિક્ષણ મેળવવાથી જ વધુ કલ્પનાશક્તિ, તર્કશક્તિ ખીલે છે. માતૃભાષા ગળથૂથીમાંથી મળે છે-આપણાં માબાપ-ઘર-કુટુંબ-ગામ-સમાજની એ દેણગી છે. એમાં આપણી સભ્યતા અને સંસ્કૃતિ છે. આપણા જીવનની પરંપરાઓ - રૂઢિઓ બધું શબ્દે - શબ્દે સંઘરેલું છે.

રવીન્દ્રનાથ ટાગોર જેવા વિશ્વકવિએ પણ માતૃભાષાનો મહિમા કરતાં કહેલું કે 'માતૃભાષા તો માતાનું ધાવણ છે' ને બાળકને માનું દૂધ જ વધારે વિકસાવે છે - મજબૂત બનાવે છે. મા તે મા બીજા બધા વગડાના વા ! આપણને જન્મ આપનારી બા, અને બા-ની ભાષા તે માતૃભાષા, ને આ અનાજ પકવી પોષનારી ને વૃક્ષો વનરાજીને ખીલવનારી ધરતી માતા- માટી; આ ત્રણેનું સ્થાન બીજું કોઈ જ ન લઈ શકે. આ વાત તો અરવ, તું પણ સમજે છે. ગાંધીબાપુએ પણ કહેલું કે આપણો રાજકારભાર અંગ્રેજી ભાષામાં ચાલે છે તે સૌથી કમનસીબ વાત છે..જો કે આજેય લોકો મોહમાં અંધ છે, અંગ્રેજી વિશેના ખોટા ખ્યાલોમાં રાચે છે અને માતૃભાષાનો મહિમા સમજવા જ તૈયાર નથી. પણ હવે ધીમે - ધીમે સૌને સમજાશે કે ભાષા તો લોહીના લયમાંથી પ્રગટે તે જ આગળ લઈ જઈ શકે છે. આજે તો ગુજરાતી ભાષામાં જ્ઞાનનો ભંડાર એવો વિશ્વકોશ છે - 25 ભાગમાં ! દુનિયાભરનું જ્ઞાન એમાં છે. ગુજરાતી આવડે તો બધાં જ વિષયોનું જ્ઞાન વિશ્વકોશમાં હાજર છે.

તને યાદ હશે અરવ !

આપણે ગુજરાતી ભાષામાં કેવી રમતો રમતાં હતાં ! કેટલાંક વાક્યો ને કેટલાક શબ્દો ડાબેથી કે જમણેથી વાંચીએ તો પણ એક જ અર્થ મળતો હતો ! બબ્બે દૃષ્ટાંત લઈશું ?! :

- લીમડી ગામે ગાડી મલી !
- જા રે બાવા બારે જા !
- નવજીવન
- મળયાળમ

ડાબેથી વાંચો કે જમણેથી વાંચો : અર્થ તો એ જ ! એવી જ શબ્દરમતો શબ્દોને કે સમૂહોને જોડી તોડીને કરતાં ને મજા આવતી ! કવિતા ગાવાની મજા માતૃભાષા જેવી બીજી નહીં જ !

હમણાં જયદેવકાકા મળેલા. તે પણ માતૃભાષા વિશે વાતો કરતાં કહેતા હતા કે :

- 'આપણને વિચારો માતૃભાષામાં જ આવે છે.
- આપણને શમણું પણ માતૃભાષામાં જ આવે છે
- માતૃભાષા હૈયે છે ને તરત હોઠે આવે છે



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

- હાથ કરતાં પણ વધુ હાથવગી માતૃભાષા છે.

આપણે પ્રેમ કરીએ, થોડો કજિયો કરીને રિસાઈએ-રડીએ, કિટ્ટા કરીએ કે વહાલ ! બધું જ માતૃભાષામાં વટબંધ થાય છે.

આપણી માતૃભાષા ગુજરાતી અજબગજબની છે. એમાં સગાં-વહાલાં માટે, અંગ્રેજી કરતાંય વધારે શબ્દો છે. જેમકે મામા-મામી, માસામાસી, ફોઈફૂઆ, બહેનબનેવી, નણંદનણદોઈ, સાસુસસરા, સાળાસાળી, સાળાવેલી, ભાભી, જેઠાણી, જેઠ, દિયર-દેરાણી વગેરે. વળી આપણે બીજી ભાષાના શબ્દોને પણ આપણા ગણીને અપનાવેલા છે. ટેબલ, ટિકિટ, ઑફિસ, સ્ટેશન, બસ, ટ્રક, ખુરશી, મેજ, ખુશી, અરજી, હકીકત, જામ વગેરે.

ગુજરાતી ભાષામાં કેટલાક વિશિષ્ટ શબ્દોનીય મઝા છે. તું મને આ શબ્દોના અર્થ લખી મોકલજે હાં કે ! કાગાનીંદર, દાધારંગી, શિરામણ, ગોફણ, નણદોઈ, ઝાલરટાણું, ગામતરું, સપ્તપદી, ઘડામણ, સુકવણી, પાણિયારું, પાધરું, દહીંથરું ને કંકાવટી ! આવા તો કેટલાય શબ્દો છે. તું પણ શોધીને મને લખજે... જરૂર ! બા મને કહે છે કે ગુજરાતીમાં દરેક પશુ બોલે એને માટે નોખાં - નોખાં ક્રિયારૂપો છે. અરે વાહ ભૈ ! જો સાંભળ :

ભેંસ **રેંકે** છે. ગાય **ભાંભરે** છે બળદ **બાંગડે** છે

શિયાળ **રડે** છે. કૂતરું **ભસે** છે. બકરી **બેંબેં** કરે છે.

ઊંટ **ગાંગરે** છે. ગધેડું **ભૂંકે** છે. ઘોડો **હણહણે** છે.

વાઘ **ત્રાડે** છે. સિંહ **ગર્જે** છે. હાથી **રણકે** છે.

બસ બહુ થયું, નહીં ?

આજે તારી સાથે પત્રમાં ઘણું - ઘણું બોલી છું જાણે ! હા, અરવ ! મને ફોન કે SMS કરતાં તો પત્ર લખવાનું જ બહુ ગમે છે. હાસ્તો ! ફોન તો હવામાં વહી જાય ને SMSની તો ભાષા જ લાગણી કે ભાવ વગરની - ટૂંકી ને બનાવટી લાગે. મને તો કાગળો લખવાના, વારંવારે એ વાંચવાના અને સાચવી રાખવાના બહુ જ ગમે છે.

હા, તો હવે છેલ્લી વાત :

આ રજાઓમાં તું આવે છે. આપણે વડોદરા મ્યુઝિયમની મુલાકાતે તથા ચાંપાનેર પ્રવાસે જવાનું છે. ત્યાંથી આપણે તેજગઢ આદિવાસી યુનિવર્સિટીમાં જઈશું અને લોકજીવનના બધા જ રંગો જોઈશું - સાંભળીશું... મજા કરીશું. થોડીક વાર્તાઓ વાંચવાની છે ને સાથે - સાથે વિજ્ઞાનકથાઓ પણ ઉકેલીશું જ. રાત્રે તારાઓ ઓળખીશું... ને સીમવગડામાં ઝાડવાં અને પંખીઓ પણ ઓળખવાનાં છે.

અહીં મમ્મીપપ્પા સારાં - સાજાંનરવાં છે.

ત્યાં પૂજ્ય કાકાકાકી મઝામાં હશે. નાની બહેનને વહાલ.

સૌને પ્રણામ સાથે -

તારી બહેન,

રથયાત્રા — અનન્યા

વલ્લભવિદ્યાનગર



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## • ટિપ્પણ

**પાલવ** પહેરેલી સાડીનો લટકતો છેડો, **સીમ** ગામની હદ, **આગોતરા** શરૂઆતના, પહેલાના **વધાવવું** હર્ષભેર આવકાર આપવો. **સેલારી** કસબીકોર, પાલવવાળી એક જાતની સાડી. **મર્મર** પાંદડાંમાંથી આવતો અવાજ **ગળથૂથી** તરત જન્મેલા બાળકને આપવામાં આવતું ગોળ, ઘી અને પાણીનું મિશ્રણ **શમણું** સ્વપ્ન. **કાગાનીંદર** કાગડાના જેવી ઝટ ઊઠી જાય તેવી ઊંઘ. **દાધારંગું** અદેખું, ગાંડિયું. **શિરામણ** નાસ્તો **ઝાલરટાણું** સાંજનો સમય **ગામતરું** એક ગામ છોડી બીજે ગામ જવું **સપ્તપદી** વિવાહવિધિમાં વરકન્યાને સાત પગલાં સાથે ફરે તે વિધિ. **પાધરું** આડુંઅવળું નહિ પણ સીધું, અનુકૂલ **દહીંથરું** એક જાતની જાડી-પોચી પૂરી. **કંકાવટી** કંકુ રાખવાની પ્યાલી

## • રૂઢિપ્રયોગ

ઘેલું લાગવું - લગની લાગવી

રાતાચોળ થઈ જવું - ગુસ્સે થવું

તરબતર કરી દેવું - ભરપૂર કરી દેવું

બાવાના બેય બગડવા - બંને બાજુનું નુકસાન થવું

હૈયે તેવું હોઠે - સાફ મનના હોવું

## • કહેવત

- મા તે મા બીજા બધા વગડાના વા- માની સરખામણી અન્ય સાથે થઈ ન શકે.

## • ભાષાસજ્જતા

**માતૃભાષાનું મહત્ત્વ :**

વિચારોના આદાન-પ્રદાનના સાધન તરીકે માતૃભાષા : વિચાર, લાગણી, સંદેશાની આપ-લે માતૃભાષા દ્વારા જ સરળતાથી શક્ય બને. જીવન વ્યવહારમાં વિચારોનું આદાન-પ્રદાન (પ્રત્યાયન) જરૂરી છે. આ વ્યવહાર માતૃભાષામાં સહજ અને સરળ રીતે થઈ શકે છે તેથી માતૃભાષાનું ઘણું મહત્ત્વ છે. આમ, માતૃભાષાનું શિક્ષણ જીવનને અસર કરે છે. પોતાના વિચારો સરળતાથી, સચોટતાથી, સ્પષ્ટતાથી સામા માણસ સમક્ષ રજૂ કરે અને તે જ પ્રમાણે સામા માણસના વાણી-વ્યવહારને સમજે. આ બંને બાબતો સફળતાથી સિદ્ધ કરે તે માટે માતૃભાષાનું શિક્ષણ જરૂરી છે. સુપેરે શિક્ષિત વ્યક્તિ વિનય-વિવેકપૂર્વક, શિષ્ટમાન્ય ભાષાનો ઉપયોગ કરશે..., અને તેવો આગ્રહ પણ રાખશે. શ્રાવ્યસ્વરૂપ ઉપરાંત દૃશ્ય- સ્વરૂપનું શિક્ષણ મેળવીને વ્યક્તિ વાંચન અને લેખન દ્વારા વિચારોનું આદાન-પ્રદાન કરવા શક્તિમાન બને છે અને અર્થપૂર્ણ અને સફળ જીવન નિભાવી શકે છે. ગાંધીજીએ માતૃભાષાને માતાના દૂધ સાથે સરખાવી છે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષા :

માતૃભાષા શિક્ષણનું માધ્યમ હોવાથી ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા વગેરે સાક્ષરી વિષયોનું જ્ઞાન મેળવવામાં માતૃભાષા ચાવીરૂપ છે. માતૃભાષાની સમજ સારી હોય તો તે અન્ય વિષયોનું શિક્ષણ પણ સારી રીતે પામે છે. માતૃભાષામાં સિદ્ધિ મેળવનાર સામાન્ય રીતે સમગ્ર શિક્ષણમાં સિદ્ધિ મેળવી શકે.

### અભિવ્યક્તિના સાધન તરીકે માતૃભાષા

અભિવ્યક્તિ એ માનવસહજ જરૂરિયાત છે. કોઈ પણ વ્યક્તિ અભિવ્યક્તિ કર્યા વિના રહી શકતી નથી. પછી તે વાતચીત હોય, સંવાદ હોય, ભાષણ હોય, વર્ણન હોય, કથા હોય કે વ્યથા હોય ! શાળાઓમાં વક્તૃત્વસ્પર્ધાઓ, કાવ્યપઠન, કાવ્યગાન, નિબંધલેખન, ચર્ચા, સારલેખન જેવી પ્રવૃત્તિઓમાં માતૃભાષા દ્વારા અભિવ્યક્તિનો વિકાસ સાધી શકાય છે.

### સામાજિક-સાંસ્કૃતિક વારસાની ચાવી તરીકે માતૃભાષા :

સામાજિક-સાંસ્કૃતિક વારસાના ભંડારની ચાવી માતૃભાષા છે. જે-તે પ્રદેશનું સાંસ્કૃતિક ગૌરવ તેની માતૃભાષા દ્વારા પુસ્તકોમાં જળવાયેલ છે. તેને જાણવા-સમજવામાં, ચિંતન, મનન, સંશોધન કરવામાં માતૃભાષાનું જ્ઞાન જ સફળ નીવડે છે.

આમ, માતૃભાષાનો વિકાસ કેળવ્યા (કર્યા વિનાનો) વિના માણસ પાંગળો રહે છે.

### 1. માતૃભાષાશિક્ષણનાં ઉદ્દેશ્યો

શ્રવણ, કથન, વાંચન અને લેખન માતૃભાષાનાં ચાર પાયાનાં કૌશલ્યો છે. ભાષા શીખ્યા છે એમ ત્યારે જ કહેવાય જ્યારે તે ભાષામાં વ્યક્તિ સાંભળીને સમજી શકે, બોલી શકે, વાંચી શકે અને લખી શકે. ભાષા દ્વારા (પ્રત્યાયન) આદાન-પ્રદાન થાય તે મહત્ત્વનું છે. દા.ત., બે માણસો મળે, એક પૂછે, ભગવાનના કરમાં શું છે ? જવાબમાં બીજો કહે ભગવાનનાં કપડાં સુંદર છે ! તો બંને વચ્ચે પ્રત્યાયન થયું છે તેમ નહિ કહેવાય. બંને કશુંક બોલે છે, કશુંક સાંભળે છે, વાક્યો વ્યાકરણની દૃષ્ટિએ સાચાં છે, ઉચ્ચારણ પણ યોગ્ય છે, છતાં પ્રત્યાયન નથી થતું... ક્યાંક, કશુંક ખૂટે છે. આવું અન્ય ભાષા-ભાષીઓ વચ્ચે થવું વધુ સંભવ છે કહેવાનું તાત્પર્ય એ છે કે સાંભળીને સંદર્ભમાં સમજવાનું, યોગ્ય શબ્દોની પસંદગી કરવાનું અને અસરકારક રીતે બોલવાનું.... અહીં 'ભગવાન' (ઈશ્વરના અર્થમાં) કહેવાયું. 'કર' 'હાથ'ના અર્થમાં લેવાનો શબ્દ છે. જ્યારે સાંભળનારે 'સંબંધી ભગવાન (ભાઈ)' એવો અર્થ કર્યો. 'કરમાં'ને બદલે 'કરમમાં' એમ સમજ્યા હોય... આમ (પ્રત્યાયન) આદાન-પ્રદાન યોગ્ય ન થયું. આમ, પાયાનાં કૌશલ્યોની અવગણના કરવી પાલવે તેમ નથી.

● **અભ્યાસ**

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

1. વસંતઋતુમાં કયાં કયાં પક્ષીઓ બોલ્યાં કરે છે ?
2. બહેન ભાઈને અભિનંદન કેમ આપે છે ?
3. જયદેવકાકા માતૃભાષા વિશે શું કહે છે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

4. રવીન્દ્રનાથ ટાગોર માતૃભાષાનો મહિમા જણાવતાં શું કહે છે ?
5. પાઠમાં બીજી ભાષાના ક્યા ક્યા શબ્દોનો ઉલ્લેખ થયો છે ?

● **સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

1. હોળી-ધૂળેટીના દિવસોથી વાતાવરણમાં શો બદલાવ આવે છે ?
2. લેખકને વસંતઋતુ કેમ ગમે છે ?
3. લેખકે વૃક્ષોને ધરતીની શોભા કેમ કહ્યાં છે ?
4. માતૃભાષામાં શિક્ષણ મેળવવાથી શો ફાયદો થાય છે ?
5. બારીએ વાંચવા બેસે ત્યારે બહેન શું અનુભવે છે ?
6. લેખક રજાઓમાં શું - શું કરવાની વાત કરે છે ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર પોતાની રીતે વિચારીને લખો :**

1. માતા, માતૃભાષા અને માતૃભૂમિનો મહિમા દર્શાવતાં સુવિચાર, કહેવત અને પંક્તિઓ શોધીને લખો.
2. ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ વિશે જાણકારી મેળવીને લખો.

**3. નીચેના વિષયો પર આઠ-દશ વાક્યો લખો :**

1. માતૃભાષાનો મહિમા
2. ભણતરનું માધ્યમ તો માતૃભાષા જ !
3. વસંતનો વૈભવ

**4. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

1. અરવ, અનન્યા, ગુજરાતી, ઉનાળો, ઋતુ, પ્રકૃતિ
2. વૃક્ષ, વ્યસ્ત, વસંત, વાતાવરણ, વધામણી, વસતિ

**5. નીચેના શબ્દોનું વર્ગીકરણ કરો :**

(સંદેશો, ફોન, અભિનય, ફેક્સ, જાહેરાત, ચિત્ર, સેલફોન, ઇન્ટરનેટ, રેડિયો, નોટિસ, ટી.વી., તાર, નૃત્ય, સાંકેતિક ભાષા)

| જાણકારી મેળવવા માટે | ભાવનાઓ વ્યક્ત કરવા માટે |
|---|---|
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |
| ____________ | ____________ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## • પ્રવૃત્તિ - પ્રૉજેક્ટ

1. દુકાનો પર લગાવેલાં બોર્ડ અને જાહેરાતનાં બોર્ડમાં લખેલી વીગતોની યાદી કરો. તેમાં વપરાયેલા ગુજરાતી અને અંગ્રેજી શબ્દો જુઓ અને તેનું વર્ગીકરણ કરો.
2. રોજનીશી વિશે જાણકારી મેળવી તમારી પોતાની રોજનીશી લખો.
3. પ્રૉજેક્ટ કાર્ય

   પોસ્ટ - ઑફિસની મુલાકાત લઈ નીચેના મુદ્દા સંદર્ભે પ્રૉજેક્ટ કાર્ય કરો :

   - પોસ્ટ-ઑફિસમાં મળતી સેવા અને સુવિધા વિશે જાણવું.
   - પત્ર વ્યવહાર વિશે જાણવું.
   - વિવિધ ટપાલટિકિટો અંગે જાણકારી મેળવવી.

•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 21. કમાડે ચીતર્યાં મેં...



**તુષાર શુક્લ**

**જન્મ : 29-6-1955**

કવિ તુષાર દુર્ગેશ શુક્લ અમદાવાદના વતની છે. તેઓ આકાશવાણી-રેડિયો સાથે જોડાયેલા હતા. રંગભૂમિ, સિનેમા તથા અખબાર દ્વારા પ્રત્યાયન-કાર્યમાં વ્યસ્ત છે. 'તારી હથેળી', 'પૂછીને થાય નહિ પ્રેમ', 'મારો વરસાદ' તેમના જાણીતા કાવ્યસંગ્રહો છે.

આ ગીતરચનામાં ગામડાનાં ઘરનાં પ્રતીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. લાભ-શુભથી લઈને તાંબાનું તરભાણું, તોરણિયાં, સાથિયા, ઉંબરો જેવાં આપણે ત્યાં લુપ્ત થવા લાગેલાં પ્રતીકોની સાથેનું ગૃહિણીનું સંવેદન આકર્ષક રીતે પ્રગટ થયું છે. ગીતની પરાકાષ્ઠાએ મુકાયેલા શબ્દો 'સંબંધાવું તો છે મ્હેક - મ્હેક થાવું' સાથે જ ગીત ઊંચાં શિખરો સર કરે છે. અંતે તો માનવીને સુખની પ્રતીક્ષા હંમેશ રહી છે. શુભ અને લાભની પણ અપેક્ષા રહી છે.




કમાડે ચીતર્યાં મેં લાભ અને શુભ
અને આલેખ્યા શ્રી સવા પાને
સુખ આવશે અમારે સરનામે.

તાંબાના તરભાણે કંકુ લીધું
ને એમાં આચમની પાણીની ઢોળી
જમણા તે હાથ તણી આંગળીએ હેત દઈ
હળવે હળવેથી રહી ઘોળી
સ્નેહ તણા સાથિયા જ્યાં આંખે અંજાયા
સુખ આવશે અમારે સરનામે.

અવસરના તોરણિયા લીલું હસે
ને કહે : હૈયામાં હેત ભરી આવો
લાખેણી લાગણીઓ લ્હેરાતી જાય
કહે : લૂંટી લ્યો વ્હાલ ભર્યો લ્હાવો
મરજાદી ઉંબરાને ઠેસે વટાવતીક
દોડી આવી છું, હું જ સામે સુખ આવશે અમારે સરનામે.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

નાનું શું આયખું, ને મોટેરી આશા
એમાં થઈ જાતી કેટલીય ભૂલ
ખીલવા ને ખરવાની વચ્ચે
જીવતાં જાણે છે આ ફૂલ
સંબંધાવું તો છે મ્હેક મ્હેક થાવું
એને મુલાવી શકાય નહીં આમે
સુખ આવશે અમારે સરનામે

## ● ટિપ્પણ

**કમાડ** બારણું **આલેખ્યા** દોર્યા, ચીતર્યા **સાથિયો** 卐 મંગળસૂચક આકૃતિ, સ્વસ્તિક **અવસર** પ્રસંગ, તક, લાગ, સમય, વખત **મરજાદી** મર્યાદાવાળું, સભ્યતા, અદબ **ઊંબરો** બે બારણાં વચ્ચેની ભોંયતળિયાની ઊપસતી જગ્યા **આયખું** આવરદા **આચમની** આચમન કરવા માટેની ચમચી **તોરણ** શોભા માટે વપરાતો પાન વગેરેનો હાર **ઘોળવું** ઓગાળવું. **તરભાણું** ધર્મવિધિમાં વપરાતી તાંબાની તાસક

## ● ભાષાસજ્જતા

**નીચેનાં વાક્યો વાંચો :**

1. **નવરાત્રિ** મારો ગમતો તહેવાર છે.
2. એવું કહેવાય છે કે સહદેવને **ત્રિલોક**નું જ્ઞાન હતું.
3. શાળાનો નવો ઓરડો **અષ્ટકોણીય** છે.

ઉપરનાં વાક્યોમાં ઘાટા શબ્દો 'નવરાત્રિ', 'ત્રિલોક' અને 'અષ્ટકોણીય' છે. આ શબ્દોની કઈ તમે વિશેષતા નોંધી ? પ્રથમ શબ્દમાં 'નવ', બીજા શબ્દમાં 'ત્રણ' અને ત્રીજા શબ્દોમાં 'આઠ' આવી સંખ્યાઓ છે. બે પદોના બનેલા દરેક શબ્દમાં પૂર્વપદ સંખ્યા સૂચવે છે, જ્યારે ઉત્તરપદ સમૂહના અર્થનું સૂચન કરે છે. આમ, અહીં દ્વિગુ સમાસ બને છે.

## ● અભ્યાસ

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

1. કવિએ કમાડે શું - શું ચીતર્યું છે ? શા માટે ?
2. 'અવસરનાં તોરણિયાં' દ્વારા કવિ શું કહે છે ?
3. ઊંબરાને કેવો કહ્યો છે ? શા માટે ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

4. કવિના મતે શું મૂલવી શકાય તેમ નથી ?
5. આ કાવ્યને અન્ય કોઈ શીર્ષક આપો.

**2.** 'સુખ આવશે અમારે સરનામે' માટે તમે કવિની જેમ બીજું શું - શું કરી શકો ? તે કહો.

## • સ્વાધ્યાય

**1.**

1. કાવ્યમાં તમને સૌથી વધુ ગમતા હોય એવા બે શબ્દ લખો અને એ શબ્દો વાપરીને બે વાક્યો બનાવો.
2. નીચે આપવામાં આવેલા ઉદાહરણ મુજબ બીજા પાંચ શબ્દો અંતાક્ષરીની રીતે લખો.

   ઉદાહરણ : અવસર-રમત-તડકો-કોયલ-લખોટી
3. નીચેના શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.

   તરભાણું, અવસર, આયખું, સરનામું, સાથિયા, ઉંબરો

**2. ઉદાહરણ મુજબ કરો :**

લાભ-લાભાલાભ, લાભદાયી લાભકારી, લાભપ્રદ

શુભ -

**3. નીચેની ખાલી જગ્યાઓ ઉદાહરણ મુજબ પૂર્ણ કરો :**

ગુડી પડવો, ................બીજ, ................ચોથ, ................પાંચમ,

................છઠ, ................સાતમ, ................આઠમ, ................નવમી

................દસમ, ................અગિયારશ, ................બારસ,

................તેરસ, ................ચૌદશ ................પૂનમ

**4. 'સુખ આવશે અમારે સરનામે'**

ઉપરની પંક્તિમાં શબ્દોનો વારાફરતી ક્રમ બદલી પાંચ વાક્યો ફરીથી લખો :

## • પ્રવૃત્તિ

**1. નીચે આપેલ શબ્દોની ચિઠ્ઠીઓ બનાવી વિદ્યાર્થીઓ શુભ-મંગળભાવ પ્રગટ કરતા શબ્દોને અલગ તારવશે :**

| | | | |
|---|---|---|---|
| મોરપિચ્છ, | અરીસો, | તપેલી, | ઉકરડો, |
| કળશ, | દૂધી, | તુલસી, | લાભ, |
| તોરણ, | નાળિયેર, | ઊંબરો, | શુભ |



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

- મંગળભાવ સૂચવતા શબ્દોની ચિત્ર-આકૃતિ બનાવવી
- વિવિધ ધર્મોના શુભ પ્રતીકો-શબ્દોની યાદી બનાવો.

2. શુભકામનાઓ માટે આપણે શું-શું કરીએ છીએ તેની યાદી કરો.
3. શાળાની પ્રાર્થનાસભામાં કઈ-કઈ શુભ-મંગલકારી વસ્તુઓ મૂકો છો ?
4. ગામની જાણકાર વ્યક્તિ પાસેથી શુભકામનાઓને લગતા શ્લોકો સાંભળો.
5. દ્વિગુસમાસનાં ઉદાહરણો શોધી યાદી બનાવો.


•



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

# 22. કિસ્સા - ટુચકા



**સ્વામી આનંદ**

**જન્મ : 1887, અવસાન : 1976**

સ્વામી આનંદનું મૂળ નામ હિંમતલાલ રામચંદ્ર દવે હતું. તેમનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી પાસેના શિયાણી ગામમાં થયો હતો. તેઓ નાનપણથી ઘર છોડીને સંન્યાસી થયા હતા અને સમગ્ર ભારતમાં ખૂબ ભમ્યા હતા. ગાંધીજીના સંપર્કમાં આવતાં, રાષ્ટ્રીય રંગે રંગાઈને તેઓ 'નવજીવન'ની પ્રકાશન-પ્રવૃત્તિમાં ગાંધીજી સાથે જોડાયા હતા.

તેમણે 'સંતોના અનુજ', 'કુળકથાઓ', 'નઘરોળ', 'નવલાં દર્શન' જેવાં પુસ્તકોમાં અનોખાં પાત્રો-પ્રસંગો આલેખ્યાં છે; જેમાંના ઉત્તમ લેખો 'ધરતીની આરતી'માં સંગ્રહાયા છે.

ટૅક્સ ન આપવો પડે તેવો ગાડાવાળાનો પ્રયત્ન કેમ નિષ્ફળ ગયો; પાડાનું અંગ્રેજી 'ભેંસનો વર', ટુ કપ ટી (બે કપ ચા) શબ્દોથી થતી રમૂજ, પહાડ પર ખાટલો કેમ ઢળાતો હશે તેની મૂંઝવણ અને પહાડી બૅંકના મેનેજરની ગેરસમજણ : આ કિસ્સાઓ આપણને રમૂજ પ્રેરે છે. આ કિસ્સાઓ મૂળે સ્વામી આનંદ લિખિત પણ દિનકર જોશી સંપાદિત 'આંબાવાડિયું'માંથી લેવામાં આવ્યા છે. સાથે આપેલા પાંચ ટુચકાઓ માનવજીવનમાં હાસ્યના સ્થાનને તથા રોજિંદા જીવનમાંથી પ્રગટતા હાસ્યને રજૂ કરે છે. આ ટુચકાઓ લોકોમાં પ્રચલિત છે.

## 1. કિસ્સા

### 1. ટોલછાપરીએ જ સવાર પડ્યું

એક ગામડિયાને છાપરું છાવા વાંસ જોઈએ. જંગલ નજીક, પણ ટોલનાકાવાળો બે આના ટૅક્સ લે તે આપવા બાપડા પાસે ન મળે.



એક દિવસ વહેલી સવારે બેલગાડી જોડીને છાનોમાનો જંગલમાં પેસી ગયો. આખો દિવસ વાંસ કાપ્યા, ગાડું લાધું ને સૂરજ આથમીને અંધારું થયું ત્યારે ઘર ભણી વળ્યો. મનમાં એમ કે આડા રસ્તે ફેરો ખાઈને ટોલનાકાની છાપરીથી દૂર રહીને નીકળી જાઉં ને ઘેર પહોંચું.

આખો દિવસ વાંસ કાપેલાનો થાક ને રાત પડી તેનો ઠંડો પહોર. હાંકતાં - હાંકતાં ગાડાવાળાને ઊંઘ આવી ગઈ. લાદેલા વાંસ પર લંબાવીને સૂતો.



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

બળદોએ જંગલની ઘરેડોમાં રાત આખી ચકરાવા લઈ ચાલ્યા કીધું સવાર પડી ને મોંસૂઝણું થયું ત્યાં બરાબર ટોલની છાપરી સામે આવીને ઊભા રહ્યા.ગાડીવાન જાગ્યો. ટોલવાળો નાકાદાર ઊઠીને દાતણ કરવા બેઠો હતો. ગાડું જોતાં જ કહે 'લાવ બે આના !'

### 2. 'ભેંસનો વર મરી ગયો'

બાપુજીના વહાલા સેક્રેટરી સ્વ. મહાદેવભાઈના પિત્રાઈ છોટુભાઈ દેસાઈ પારડીના સ્ટેશન-માસ્તર હતા. એક દિવસ રેલના પાટાની કોરાણે એક પાડો ચાલ્યો જાય. એટલામાં પાછળથી ગાડી આવી પૂગી. પાડો એન્જિન જોડે અથડાઈને કચડાઈ ગયો.




રેલવેનો કાયદો એવો કે જ્યારે કંઈ ઍક્સિડંટ થાય ત્યારે સ્ટેશનમાસ્તરે મોટા ઉપરી અમલદારને તાર કરીને તરત ખબર આપવી જોઈએ. છોટુકાકાએ હાથ નીચેના તારમાસ્તરને તાર કરી દેવા કહ્યું. પેલો કહે, 'પાડાનું અંગ્રેજી શું કરવું ?' છોટુભાઈ કહે, 'પાડો એટલે ભેંસનો વર, બીજું શું વળી ?'

પેલાઓ તાર કર્યો : ONE HUSBAND OF BUFFALO DIED UNDER ENGINE.

મુંબઈના રેલવે અમલદારો વાંચ્યા જ કરે !

### 3. 'તેરા બાપ કપટી'

પહાડી લોક પહાડી સડકોની કોરાણે નાનાં ઝૂંપડાં કરીને ચાની હોટલો કરે ને ઊભાં મોરાદાબાદી પવાલાંમાં જતા-આવતા વટેમાર્ગુઓને ચા વેચે.



આ પહાડી લોકો અગાઉ અંગરેજોથી બહુ ડરતા. પણ આઝાદી આવ્યા પછી એકદમ હિમ્મતવાળા બની ગયા.

એવા એક પહાડીની ચાની દુકાને એક અંગરેજ જઈ ચડ્યો. બાંકડા પર બેસીને કહે, 'ટુ કપ ટી !'

પહાડી દુકાનદાર ગુસ્સે થઈ ગયો કહે, 'એં મી કપટી નેંઈ, તૂં કપટી, તેરા બાપ કપટી, તેરા ભાઈ કપટી, તેરા ચાચા કપટી, તેરા બેટા કપટી; મી કપટી નેંઈ. અબ તો જયહિંદ હો ગયા. અબ કપટી અંગરેજ કી ચલનેવાલી નઈં !!!'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

### 4. અજી ! પહાડ પર ચારપાઈ કૈસે લગાતે હૈં ?

એક પહાડી કાશી-જાત્રાએ ગયો. રાંધીખાવા સારું ધરમશાળા નજીક આવેલી વાણિયાની દુકાને દાળચોખા લેવા ગયો. લાલાએ પૂછ્યું. 'ભાઈ, કહાં કે રહનેવાલે ?'



પહાડી : 'પહાડ કે.'

લાલો : 'હેં ? તુમ પહાડ કે રહનેવાલે હો ? પહાડ પર રહતે હો ?'

પહાડી : 'હાંજી.'

લાલો : 'અચ્છા ભઈ, યહ તો બતાઓ; પહાડ પર લોગ રહતે તો હૈં, લેકિન સોતે કૈસે હૈં ? પહાડ પર ચારપાઈ કૈસે લગાતે હૈં ?'

લાલાની મૂંઝવણ એમ કે પહાડ તો તંબુ જેવો હોય. તેના છાપરા ઉપર ખાટલો કેમ કરીને ઢાળતા હશે ને લોકો સૂતા કે કરીને હશે ?

પેલો પહાડી લાલાની સામું જોયા જ કરે !

### 5. 'દરવાઝા બંદ કર'



આલ્મોરામાં પહેલીવહેલી બૅંક નીકળી. બૅંકનો મૅનેજર પહાડી એક અંગરેજને એનો કંઈક ચૅક વટાવવો હશે, તેની વાત કરવા બૅંકના મૅનેજર પાસે ગયો. મૅનેજરે ખુરશી આપી.

અંગરેજે વાત કરવા માંડી :

'ઢેર વાઝ આ બૅંકર...' પહાડી મૅનેજર સમજ્યો કે આને પૈસા માટે કંઈક ખાનગી વાત કરવી છે..તેથી બારણાં બંધ કરવાનું કહે છે.

એણે બૅંકના સિપાઈને બૂમ મારીને કહ્યું :

'ચપરાસી ! દરવાઝા બંદ કર !!'

## 2. ટુચકા

### (1)

'મનુ ! તેં ત્રણેય કેળાં બાબુની સાથે વહેંચીને ખાધાં હતાં ને ?'


'મમ્મી ! ત્રણ કેળાં વહેંચી શકાય તેમ નહોતા; એટલે પહેલાં મેં એક કેળું ખાઈ લીધું. પછી બાકીનાં બે રહ્યાં તેમાંથી એક બાબુને આપ્યું અને એક મેં ખાધું.'



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

(2)



ગોવિંદ : 'આજે હું મારી છત્રી લેવી ભૂલી ગયો હતો.'


ઘેર આવીને ગોવિંદ પોતાની પત્ની રમાને કહ્યું.

રમા : 'તે તમને આ વાતની ખબર ક્યારે પડી ?'

ગોવિંદ : 'જ્યારે વરસાદ બંધ પડી ગયો અને એને બંધ કરવા મેં હાથ ઉપર લંબાવ્યો ત્યારે.'

(3)

બે દોસ્તારો રસ્તા પર સાથે જતા હતા. એક દોસ્તની પાછળ એક કૂતરો ભસતો - ભસતો આવ્યો. આથી એ ઘણો જ ગભરાઈ ગયો. આ જોઈ તેનો દોસ્ત બોલ્યો : 'તને પેલી કહેવતની ખબર લાગતી નથી કે ભસતા કૂતરા કરડે નહીં.'



દોસ્ત : 'એ કહેવતની ખબર મને તો છે.

બીજો દોસ્ત : 'તો પછી ગભરાય છે શાને ?'

પહેલો દોસ્ત : 'પણ આ કૂતરાને એ કહેવતની ખબર ન હોય ને !'

મોટી બહેને સોનલને એક પ્રશ્ન કર્યો.

'મોટી બહેન : સોનલ, સૂર્ય ઊગે જ નહિ તો શું થાય ?'

'સોનલ : વીજળીનું બિલ ખૂબ જ આવે; બહેન !'

## ● ટિપ્પણ

**ટોલછાપરીએ કરવેરો** (જકાત) ભરવાની ચોકીએ **છાપરું છાવા** વાંસ, ઘાસના પૂળા વગેરેથી ઝૂંપડા ઉપરનો ભાગ ઢાંકવા **ટૅક્સ** કર, વેરો, દાણ **લાધું** પૂરેપૂરું (ઠાંસીને) ભર્યું. **આડરસ્તે** અવળે રસ્તે **ફેરો ખાઈને** વધારે લંબાણવાળો રસ્તો પસંદ કરીને **ઘરેડોમાં** એકસરખા રિવાજોમાં (અહીં) કેડીઓમાં **ચકરાવા લઈ** ગોળગોળ ફરતા રહી. **મોંસૂઝણું** સામા માણસનું મોં દેખી શકાય એવો સવારનો સમય; પરોઢ **નાકાદાર** ટોલનાકા ઉપરનો અધિકારી **સેક્રેટરી** મંત્રી **પિત્રાઈ** કાકાનાં સંતાન **આવી પૂગી** આવી પહોંચી. **ઍક્સિડન્ટ** અકસ્માત **ચપરાસી** દરવાન; ચોકીદાર **કોરાણે** બાજુએ **મોરાદાબાદી પવાલામાં** ઉત્તરપ્રદેશના મોરાદાબાદ શહેરમાં બનેલા વિશિષ્ટ ઘાટવાળા પ્યાલામાં **'ટુ કપ ટી'** બે કપ ચા **મી હું નેઈ** નથી **જયહિંદ હો ગયા** હિંદુસ્તાનનો જય થઈ ગયો; હિંદ સ્વતંત્ર થઈ ગયું. **અજી !** અરે ! **ચારપાઈ** ખાટલો **લાલો** ઉત્તરભારતના પહાડી પ્રદેશમાં વેપારી માટે વપરાતો શબ્દ **દોસ્તાર,** દોસ્ત, મિત્ર, ભાઈબંધ



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## • ભાષાસજ્જતા

'ભાષા' એટલે 'વાણી'. 'વાણી' એટલે ભાષા બોલવાની આખીયે ઘટના. વ્યાકરણની ભાષામાં કહીએ તો સમગ્ર વાગ્વ્યવહાર. ભાષાનું આ એક સ્વરૂપ છે. ભાષાનું બીજું સ્વરૂપ તે 'લેખન'

લેખન એટલે ભાષાનું લિખિત સ્વરૂપ. આપણે મુખથી જે કંઈ બોલીએ છીએ તે ભાષાનું બોલાતું સ્વરૂપ છે - જેને ઉચ્ચરિત ભાષા એમ પણ કહીએ છીએ. આપણે યામિની એમ બોલીએ છીએ તે એનું ઉચ્ચરિત સ્વરૂપ છે; પરંતુ જ્યારે એને ય + આ + મ્ + ઈ + ન્ + ઈ એમ યામિની સ્વરૂપે કાગળ કે કોઈક માધ્યમ ઉપર લખીએ છીએ, તે ભાષાનું લિખિત સ્વરૂપ છે.

ગુજરાતી 'કે', હિન્દીમાં (के) એમ જુદી રીતે લખાય છે. જ્યારે બોલવામાં એકસરખું ધ્વનિનું ઉચ્ચારણ થાય છે. ભાષાના બોલાતા જીવંત સ્વરૂપથી લખાતું સ્વરૂપ નોંધપાત્ર સ્વરૂપમાં દર્શાવી શકાતું નથી. અર્થાત્ જે બોલાય છે અને જે લખાય છે તે ભાષા.

ભાષા કે ભાષાની કામગીરી માટે 'લખવું' એ અનિવાર્ય બાબત નથી. ભાષાને લિપિ હોવાથી કે ન હોવાથી ભાષાના સ્વરૂપમાં કંઈ ફેર પડતો નથી. આજે પણ ઘણીબધી ભાષાઓ માત્ર બોલાતા સ્વરૂપે જ ચાલે છે. ઘણી ભાષાઓને આજે પણ લિપિ નથી.

ભાષાનો અભ્યાસ કરવા માટે લિપિના જ્ઞાનની જરૂરિયાત છે. લિખિત ભાષાને કારણે ભાષાને સાચવી રાખવાનું શક્ય બન્યું છે. ઈતિહાસ વગેરેને જાળવી રાખવાનું ભાષા ઉત્તમ સાધન છે. એથી લેખનપદ્ધતિને કારણે માનવજાત વિકાસ કરી શકે છે.

ભાષામાં ઉચ્ચરિત સ્વરૂપ અને લિખિત સ્વરૂપ એમ બંનેનું મહત્ત્વ છે.

## • અભ્યાસ

**1. નીચેનાં વાક્યો કોણ કોને કહે છે ?**

1. 'તુમ પહાડ કે રહનેવાલે હો ?'
2. 'ટુ કપ ટી.'
3. 'લાવ બે આના.'

**2. આ કિસ્સા-ટુચકા સાંભળ્યા પછી તમારા મનમાં કેટલાક પ્રશ્નો થશે, જે તમારા શિક્ષકને પૂછો :**

દા.ત. ટોલછાપરી એટલે શું ?



Downloaded from https:// www.studiestoday.com

Downloaded from https:// www.studiestoday.com

## ● સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના જવાબ આપો :**

1. ટોલવાળા નાકાદારને બે આના ન આપવાની ગામડિયાની યુક્તિ કેમ નિષ્ફળ ગઈ ?
2. મુંબઈના રેલવે - અમલદારો તારને કેમ વાંચ્યા જ કરતા હતા ?
3. ચાની દુકાને જઈ અંગ્રેજે ખરેખર શું કહ્યું હતું ? દુકાનદાર શા માટે ગુસ્સે થઈ ગયો ?
4. લાલાની મૂંઝવણ શી હતી ? એની મૂંઝવણ પહાડીને કેમ ન સમજાઈ ?

**2. 'બીજું શું વળી' એવો પ્રયોગ પોતે જે વાત કરે છે, તેના સમર્થન માટે વપરાય છે. નીચેનાં ઉદાહરણો જુઓ અને આવાં બે વાક્યો બનાવો :**

1. પાડો એટલે ભેંસનો વર; બીજું શું વળી ?
2. ચારપાઈ એટલે ખાટલો; બીજું શું વળી ?

**3. 'ક' વિભાગમાં રૂઢિપ્રયોગ છે અને 'ખ' વિભાગમાં તેના અર્થ આડાઅવળા મૂક્યા છે. યોગ્ય જોડકાં જોડો :**

| ક | ખ |
|---|---|
| 1. પેટનો ખાડો પૂરવો | 1. કરકસર કરી જીવવું |
| 2. પેટનું પાણી ન હાલવું | 2. બીજાની છૂપી વાત જાણવી |
| 3. પેટે પાટા બાંધવા | 3. ભૂખ સંતોષવી |
| 4. પેટમાં પેસી નીકળવું | 4. ગુપ્ત વાત સાચવવી |
| | 5. કોઈ જાતની અસર ન થવી |

## ● પ્રવૃત્તિ

1. આવા બીજા કિસ્સા અને ટુચકા વર્ગ સમક્ષ કહો.
2. છાપાંઓમાં અને સામયિકોમાં આવતા ટુચકા વાંચો અને તેનો સંગ્રહ કરો.



Downloaded from https:// www.studiestoday.com